સળંગ અંક ૪૦૭મો

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ



'સૌંદર્યરાશિ': ફોટોકલાકાર નારાયણ પટેલ એને વિષે લખે છે: 'રાઈ, મૂળા વગેરેના કુળની વનસ્પતિમાં થતાં આ સુંદર સુમનનું વૈજ્ઞાનિક નામ Aster ammellus Linn. આછા જાંબલી રંગનાં આ કુસુમ એક જ ડાળી પર હારબંધ ફૂટે છે અને ખીલ્યા પછી ૬–૭ દિવસ રહે છે. બારે માસ મહોરતા આ પુષ્પને ઉગાડવા માટે તેના મૂળના જ નાના પડખામાં ઊગેલા પરૂ સાથે ઉખાડી બીજે ચોંપવાં પડે છે. કૂંડા અને ક્યારામાં સહેલાઈથી ઊગી શકે છે. માત્ર એ સુવાસિત નથી.'

તંત્રી · બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટે જ્ઞાન ચારિત્ર્ય અને સંસ્કારઘડતરનું માસિક


વર્ષ ચોત્રીસમું · અંક અગિયારમો · માહે નવેમ્બર ઇ.૧૯૫૭



અંધની લાકડી

ચિત્રકાર · શ્રી ધીરેન્દ્રકૃષ્ણ દેવવર્મા

[શ્રી કનુ દેસાઈના ચિત્રસંગ્રહમાંથી]



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે... (અનુ. પૃ. ૫૪૨થી)

'કુમારે' પત્રમિત્ર વિભાગ શરૂ કરીને વાચકો અને યુવાનોની એક સારી સેવા કરી છે. પરંતુ કદીક બને છે એવું કે કોઈ કોઈ પત્રમિત્રો આ વિભાગમાં પોતાનું નામ છપાય તેથી જ સંતોષ માને છે. છાપે ચડીને કોઈ પત્રમિત્ર તરીકે રહેવાની ઇચ્છા દર્શાવી જવાબ લખવાનું યે સૌજન્ય ન દાખવે એ દુ:ખદ છે. મારાં એક પત્રમિત્ર બહેન આ વિષયમાં લખે છે કે સ્ત્રીઓને આ વિષયમાં આગળ વધવાનો ડર લાગે છે. તે માટે તેમને ખૂબખૂબ વિચાર કરવો પડે છે. છતાં કેટલાક સારામાઠા પ્રસંગો બને છે અને અમારી હિંમત ઓસરી જાય છે. આપણી બહેનોને આ બાબતમાં ડરવું પડે એ દુ:ખદ બીના છે.

મારા બીજા એક પત્રમિત્ર ભાઈ લખે છે કે તેમના પર આવેલ એક પત્ર કોઈ બહેનનો નહિ પણ ભાઇનો છે એમ તેમના લખાણ પરથી લાગે, છતાં તેઓ બહેનનું નામ ધારણ કરી લખે છે. આમ તેઓ શા માટે કરતા હશે? શું પત્રમૈત્રી એ મશ્કરી કરવાનું સાધન છે?
(મુંબાઇ) —મહેન્દ્ર પારેખ

ઑગસ્ટ અંકના પૂઠાની પાછળ છપાએલા નાનાસાહેબ પેશ્વાના ચિત્ર વિષે હજુ આપણા દેશમાં ગેરસમજ છે. પંડિત સુંદરલાલના 'ભારતમેં અંગ્રેજી રાજ'માં પણ આજ ચિત્ર છે. પરંતુ ખરેખર તે ચિત્ર તત્કાલીન ધનપતિ શ્રી અયોધ્યાપ્રસાદનું છે. આ બાબત પર શ્રી સાવરકરે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન શ્રી સંપૂર્ણાનંદ પર લખેલો પત્ર વિશેષ પ્રકાશ પાડે છે: 'એ ચિત્ર નાનાસાહેબનું નથી પરંતુ લક્ષાધિપતિ મહાજન શ્રી અયોધ્યાપ્રસાદનું છે. 'ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુસ'ના ખબરપત્રીએ તે બૅરિસ્ટર શ્રી જોન વ્યાંગ પાસેથી ખરીદેલું.'

આ બાબત શ્રી ફૉર્બ્સ મીચેલના 'મહાન વિદ્રોહનું સ્મરણચિત્ર' એ પુસ્તકમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. નાનાસાહેબનું અસલ ચિત્ર બિઠુરમાં તાત્યાના વંશજો પાસે છે. આ સિવાય પણ બીજાં ચિત્રો મળી આવે છે કે જે નાનાસાહેબના વર્ણનને મળતાં આવે છે.
(અમદાવાદ) —પ્રિતમલાલ ક. શાહ

[*નાનાસાહેબ પેશ્વાનું આધારભૂત ચિત્ર છેક સુધી ન મળવાને કારણે આ ભૂલ 'ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુસ', તેમજ ભારત સરકાર આદિ ભલભલાને હાથે થવા પામી છે. 'ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુસે' તો બે વાર એ ભૂલ કરી છે: તેના ઈ. ૧૮૫૭ના ૨૬મી સપ્ટેમ્બરના અંકમાં રાજા કુંવરસિંહનું ચિત્ર (જુઓ કુમાર અંક ૨૮૫) નાનાસાહેબ તરીકે પ્રકટ થએલું. એ ભૂલ સુધારીને તેમણે ઉપર્યુક્ત (ઑગસ્ટ અંકના પૂઠાવાળું) ચિત્ર સાચા નાનાસાહેબ તરીકે છાપતાં લખ્યું કે 'આગલું (કુંવરસિંહવાળું) ચિત્ર એક શ્રીમંત ભારતીયનું હોઇ અમારા કલાકારને લંડનના એક વકીલ પાસેથી મળેલું.' પરંતુ શ્રી સાવરકરના કથન અનુસાર તે પણ અયોધ્યાપ્રસાદનું ઠર્યું. આજે તો અમે શ્રી સાવરકરે માન્ય રાખેલું—અને ભારત સરકારે પ્રકટ કરેલા છેલ્લા આલ્બમમાં રજૂ થએલું ચિત્ર તે સાચું હોવાની શ્રદ્ધા સાથે, અહીં પ્રકટ કરીએ છીએ, —એવી પણ શ્રદ્ધા સાથે કે આવી નિરુપાયે થતી પ્રામાણિક ક્ષતિ માટે, 'ગુજરાતમિત્ર'માં ઊકળી ઊઠેલા અમારા મિત્ર શ્રી વલ્લભદાસ અક્કડ જેવા કોઈ સન્મિત્રને ફરી ઊકળી ઊઠવાની તકલીફ લેવી નહિ પડે.]



નાનાસાહેબનું સાચું મનાતું ચિત્ર

સપ્ટેમ્બર અંકમાં પાન ૪૬૭ પર દિનવિશેષમાં વિનોબા ભાવેનો જન્મ તા. ૧૨ સપ્ટેમ્બર ૧૮૯૪માં જણાવ્યું છે; પરંતુ આધારભૂત સ્થળેથી માહિતી મેળવતાં જન્મ ૧૧મી સપ્ટેમ્બર ઈ. ૧૮૯૫માં થયો હતો.
(મુંબાઇ) —દિગંત ઓઝા

સપ્ટેમ્બર અંકને છેલ્લે પાને ગણિતગમ્મતમાં દસની અંદરની કોઇ પણ રકમ ધારવાનું જણાવ્યું છે; પરંતુ અભ્યાસ કરતાં કોઈ પણ રકમ પર આ ગમ્મત અજમાવી શકાય છે. દાખલા તરીકે આપણે ૭૦ ધાર્યા:
૭૦×૩=૨૧૦+૧=૨૧૧×૩=૬૩૩+૭૦=૭૦૩
એમાં મૂળ રકમ ૭૦ આપોઆપ આવી જાય છે.
(ભાવનગર) —અનીશ ભાવનગરી

'કયવન્ના શેઠનું સૌભાગ્ય હજો' એ સંબંધના મારા ખુલાસાથી ભાઇશ્રી રાવલને સંતોષ થયો નથી જેથી તેમની જાણ માટે વિશેષ જણાવું છું:

'કયવન્ના શેઠનું મૂળ નામ કૃત-પુણ્ય હતું. જૈનોના સ્વાધ્યાય સ્તોત્ર (પ્રાકૃત ભાષામાં) 'ભરહેસર-બાહુબલી'માં ઉપર્યુક્ત પ્રાકૃત નામનો ઉલ્લેખ હોવાથી કયવન્ના નામ પ્રચલિત છે. આ સ્વાધ્યાયસ્તોત્રમાં શ્રી ધન્ના શાલિભદ્ર, શ્રી બાહુબલીજી, શ્રી અભયકુમાર વ૦ પુનિત આત્માઓનાં નામોનો ઉલ્લેખ છે, જેમનાં નામો પણ નૂતન વર્ષે જૈનો ચોપડામાં નીચે મુજબ રીતે આલેખે છે: 'શ્રી ધન્ના શાલિભદ્રની રિદ્ધિ હજો, શ્રી બાહુબલીનું બળ હજો, શ્રી અભયકુમારની બુદ્ધિ હજો.' આ દરેક નામમાં જે જે વિશિષ્ટતા છે તેની પાછળ પ્રમાણિકઇતિહાસ છે. 'ભરહેસરસ્તોત્ર' દેવસી રાઈપ્રતિક્રમણ સૂત્ર નામની પુસ્તિકામાં છે. શ્રી દેવશંકરભાઇને જિજ્ઞાસા હોય તો આ સ્તોત્ર જોવા મારી ભલામણ છે અને આ વિષયમાં વધુ ઊંડા ઊતરવું હોય તો એ સ્તોત્ર ઉપર શીલગુણસુરી નામના આચાર્યે ટીકા (વિવરણ) પણ લખી છે. એટલે, મારી સમજ મુજબ 'કેવન' ને કયવન્ના શેઠ વચ્ચે સામ્ય જેવું તો નથી પણ લાખ જોજનનું અંતર છે.
(બોરીવલી) —ઉમેશચન્દ્ર શાહ

આ જુલાઈ અંકમાંની ગણિતગમ્મતને આગળ વધારી શકાય. જેમકે બાદબાકી કર્યા પછી જે રકમ આવે તેને ઉલટાવીને ફરીથી સરવાળો કરતાં હમેશાં ૧૦૮૯ આવશે. તેમાં એ ખરું કે મૂળ રકમમાં શતકનો આંકડો એકમ કરતાં મોટો હોવો જરૂરી છે.
(વિલેપારલે) —નિરંજન મહેતા

'કુમાર' મારાં પ્રિયમાં પ્રિય માસિકોમાંનું એક છે. તેમાં જે વિવિધ વાનગીઓ આવે છે તેથી તે મને પ્રિય છે. પરન્તુ આ બધામાં એક વસ્તુનો અભાવ મને ખૂંચે છે, અને તે છે ખગોળ વિષયક લેખોનો. ખગોળમાં હું રસ ધરાવું છું અને તે હું મારા પ્રિય માસિકમાં ઇચ્છું તે સ્વાભાવિક છે. મારી માંગણી સંતોષશો તો હું આપનો આભારી થઇશ.
(મહુવા) —નિરંજન સ. નાણાવટી

[*શ્રી હરિહર ભટ્ટ જેવા નિષ્ણાતને અમે આ વિષે કરેલી અનેક વિનતિઓ એળે ગઈ છે. કોઈ અધિકારી લેખક સ્વીકારે તો સારું.]

અંક ૪૦૧ના પાછલા પૂઠા પરનો શ્રી નારાયણભાઈ વારાનો ફોટો 'પહેલગામ પાસે લીડર નદી'નો છે. જેલમ નદી તો શ્રીનગરમાંથી વહે છે.
(નડિયાદ) —સૂર્યકાન્ત દેસાઇ

કુમાર
નવેમ્બર ૧૯૫૭

કોણ તે આવ્યું?

· ગાન ·

કોણ તે આવ્યું આ વળતી રાતના
ઝાકળભીને રે અંધાર?
આછે ને ટકોરે અડકી બારણે
કોણે કીધ રે ટૌકાર?
આંગણે આવીને જોઉં તો કોઈ ના!
આંહિની અવનિ આ પોઢી ઊંઘમાં
આવ્યું–ગયુંથી અજાણ,
કોઇને સંચાર ઘડી યે મૂક ના
તમરાં એવાં એકતાન;
કયાં ય રે એંધાણી એની જોઈ ના!
બોલનો ગોરંભો હજી યે ગુંજતો
ભળતો ઉરને ધબકાર,
વણ તે માણેલાં સુખની સોડમાં
મે'ની વેદના અપાર,
સોણલાં ઝરતી આ આંખ્યું લોઈ ના.
ઊંઘમાં હું, આવી ત્યારે અહીં કને,–
જાગી જાઉં, ત્યાં છુપાય;
ભોળાંની સંગાથ ભૂંડી ખેલના
હૈયું તો ય રે ઊભરાય,
ઢળતી પાંપણે રે'વું સોઈ ના.

રાજેન્દ્ર શાહ

જીવનનો સોમવાર

મને સૌથી મીઠાં સ્મરણો સવારનાં,
જીવન સોમવારના,
પૌરુષના પ્રભાતના,
ઉપરછલ્લી ભાતના.
તળિયા કૂવા તણા શું મનડું ગભીર ધીર
ઊંચે ઝળુંબે મથાળ;
જાણે શૈશવની પાળ.
એ છીછરી સપાટીનાં સોણલાં રહી ગયાં.
ઝરણાં સુખદુઃખનાં કોરી ગયાં
જેની નીચે આ એક ઊંડો ખાડો,
વ્યક્તિત્વ કેરો વાડો.
જયારે સપાટ હતું મન,
સ્લેટ સાફ માપતી ગગન;
ચિત્રો સહુ હજી હતાં અ-ઘન—
ત્યારે જોતો તરણાંમાં હું વન;
પોપટના ખર્યા એક પીંછમાં,
મદારીના નથડેલ રીંછમાં,
હું જોતો બ્રહ્માંડ!
કણે કણે કાંડ!
કલ્પના હતી કુમારી: આજ એ ગંગાસ્વરૂપ
(સ્વર્ગવાસી શ્રીયુત તરંગની)
ખૂણે બેઠી ચૂપ!

કૃષ્ણલાલ શ્રીધરાણી

મિલન

· મિશ્ર ·

કદી અનાયાસ મળી ય જાય તું
હવે ફરી તો: (મનમાં હતું કે)
ઘણું ઘણું કહી દઉં—મૌનકેરી
ત્યજી દઇને છલના, ઉઘાડી
આ હોઠનાં કલ્પથી બંધ દ્વાર!
ને સ્નેહનો સંચિત સર્વ ભાર
ઉતારીને ફૂલ સમો બની જઉં!

પરન્તુ જયારે મળી તું–મળ્યાં રે
બે દૃષ્ટિનાં વ્હેણ–રચાઈ સંગતિ
પરસ્પરાર્થે (અનુભૂતિ એ કશી!)
ત્યાં ચક્ષુથી નિર્ઝરતા પ્રવાહમાં
વહી ગયો નિશ્ચય એ અધૂકડો;
કો' સ્વપ્નના દોર સમો, હવામાં!

ને શાંતિની બે ક્ષણમાં હું ફાળી
વક્તવ્યનું ફૂલ ખીલુંખીલું થતું
અવ્યક્તરૂપે રહ્યું ફોરી મૌનમાં!

હેમન્ત દેસાઈ

રાગ અને ત્યાગ

· અનુષ્ટુપ ·

રાગનો રંગ છે લાલ, ત્યાગનો રંગ શ્વેત છે;
એક છે યજ્ઞની જ્વાળ, અન્ય એની ભભૂત છે.

જયન્ત પાઠક

સદ્‌ભાગ્યને

· મિશ્ર ·

સદ્‌ભાગ્ય હે! દૂર હજાર જોજન
રહેજે હુંથી, આવીશ ના કદાપિ
ભૂલેચૂકે યે મુજ પાસ, તારી
રે! છાંય સુદ્ધાં મુજને અકારી!

મથી મથી જીવનની ક્ષણેક્ષણ,
હું તો ચઢું શૃંગ તસુ તસુ ત્યાં
ઘડીક તારી યદિ દૃષ્ટિ યે રમે,
'સદ્‌ભાગી'ની નામના સાંપડે મને!

જશવંત લ. દેસાઇ



વાયવ્યમાર્ગની શોધસફરનો મરજીવો સાહસવીર

પાંચ માસ પહેલાં અંક ૪૦૨માં જણાવ્યું છે તેમ, પૂર્વના દેશો સાથે વેપાર વિકસાવવા માટે, ચીન અને ભારત પહોંચવાના લાંબા દરિયાઇ માર્ગોને બદલે ઉત્તર ધ્રુવ પર થઇને ટૂંકો રસ્તો શોધવા સારુ તથા એ અજાણ્યા પ્રદેશની મોજણી કરી દુનિયાનો નકશો સંપૂર્ણ કરવા સારુ ઈ.સ.ની ૧૬-૧૭મી સદીથી યુરોપના સાહસિકોએ સંખ્યાબંધ શોધ-સફરો શરૂ કરી દીધી હતી. એ માટે કેટલાક યુરોપની ઈશાનેથી અને કેટલાક વાયવ્ય દિશાએથી એ માર્ગ કાઢવાનો પ્રયાસ કરતા હતા. એમાં વાયવ્ય-માર્ગ (નૉર્થવેસ્ટ પૅસેજ) શોધવાની સફરોમાં જે અનેક મરજીવાઓએ બલિ બનીને વીરતાભર્યા પ્રયત્નો કર્યા છે તેમાં સર જૉન ફ્રૅંકલિનની ટુકડીની કહાણી ઉત્તર ધ્રુવના ખેડાણ-ઇતિહાસમાં અતિ કરુણ અક્ષરે અંકિત થઇ છે. આજથી બરાબર ઓગણીસ વર્ષ પહેલાં સં. ૧૯૯૫ના કારતક (ઈ. ૧૯૩૮ના નવેમ્બર) અંકમાં શ્રી અશોક હર્ષની કલમે લખાએલી એ ટૂંકી જીવનકથાની બે સાહસ-સફરોનાં વિગતે વૃત્તાંત અહીં રજૂ થાય છે.

જૉન ફ્રૅન્કલિન

લેખક
પ્રો. રમણલાલ શાહ
એમ.એ.

વાયવ્ય દિશાના માર્ગ (North-west passage) અને ઈશાન દિશાના માર્ગ (North-east passage) માટે યુરોપીય સાહસિકોએ સત્તરમા અને અઢારમા સૈકામાં ભૂમિકારૂપે ઘણું સંગીન કાર્ય કર્યું; પરતુ બેમાંથી એક પણ માર્ગે હજુ સંપૂર્ણ સફળતા મળી ન હતી. જેટલો માર્ગ શોધાયો હતો તે પરથી આગળનો માર્ગ હવે બહુ સહેલાઈથી શોધાઇ જશે એમ સૌને લાગતું હતું. એટલે નવાંનવાં સાહસો કરી, નવા પ્રદેશો પર પોતાનું વર્ચસ્વ જમાવવાની સ્પર્ધા યુરોપના જુદાજુદા દેશો વચ્ચે સૈકાઓથી ચાલતી હતી. ઈ.સ. ૧૮૧૮માં બ્રિટિશ સરકારે દુનિયાને દંગ કરી દેવા માટે, પૃથ્વી ગોળ છે એ સિદ્ધાંતાનુસાર, ધરતીને બીજે છેડે મળે એ રીતે બે ટુકડીઓને એક જ વખતે સામસામી દિશામાં એ બંને માર્ગે મોકલી. યુરોપમાંથી નીકળી એક ટુકડી કૅનેડાના ઉત્તર કિનારેથી જઇને, તથા બીજી ટુકડી રશિયાના ઉત્તર કિનારેથી જઇને બંને પૅસિફિક મહાસાગરમાં એકબીજીને મળનાર હતી. પરંતુ ઉત્તર ધ્રુવના નહિ શોધાએલા અજાણ્યા પ્રદેશની મુશ્કેલીઓના અધૂરા ખયાલને લીધે આ બ્રિટિશ સાહસ તદ્દન નિષ્ફળ નીવડ્યું. પ્રકૃતિની પ્રતિકૂળતાને લીધે બંને ટુકડીઓ જેટલો પ્રદેશ શોધાયો હતો એટલે સુધી પણ જઇ શકી નહિ.

આ સાહસમાં ભાગ લેનાર, 'ટ્રેન્ટ' નામના વહાણમાં જનાર એક યુવાન, બાહોશ અને તેજસ્વી સાહસિક હતો, જેનું નામ હતું જૉન ફ્રૅન્કલિન. હજી તો એ સાહસિકતાના શરૂઆતના પાઠ જ શીખતો હતો, પરતુ કોઈ પીઢ સાહસિકની જેમ એણે પોતાના મન ને શરીરને કેળવ્યાં હતાં. તે અત્યંત નીડર અને ઉત્સાહી હતો. તેનામાં અદ્ભુત તાકાત હતી અને ગજબની સહનશક્તિ હતી. કોઇ પણ પ્રકારનો સતત શારીરિક શ્રમ કરવાની એની શક્તિ માન માગી લે એવી હતી. 'ટ્રેન્ટ'ના સાહસમાં સ્પિટ્સબર્ગનના ઉત્તર કિનારેથી પાછા ફરવું પડ્યું એનો એને ઘણો અસંતોષ રહી ગયો હતો. ફરી નવા કોઇ સાહસમાં ઝંપલાવવાની ઝંખના એ સેવતો હતો. એ માટે ઉત્તર ધ્રુવના શોધાએલા પ્રદેશના નકશાઓનો તે અભ્યાસ કરતો અને નહિ શોધાએલા પ્રદેશમાં ઘૂમવાની કલ્પના કર્યા કરતો. ખાસ કરીને ઉત્તર અમેરિકા ખંડના (કૅનેડાના) ધ્રુવપ્રદેશના નકશામાં તદ્દન કોરી જગ્યા જોઇ ત્યાં પહોંચી જવા માટે એના પગમાં ચળ ઊપડતી. આ નવી દુનિયા એને મન આહાર અને આશ્રય કરતાં યે વધારે, અરે પોતાના પ્રાણ કરતાં યે વધારે મોંઘી હતી. આથી, જ્યારે બીજે વર્ષે, ૧૮૧૯માં એડવર્ડ પૅરીએ દરિયામાર્ગે નવો પ્રદેશ શોધવા માટે બીજા એક સાહસની તૈયારી કરી, ત્યારે જમીનમાર્ગે કૅનેડાના નવા ધ્રુવપ્રદેશો શોધવાની યોજના ફ્રૅન્કલિને પણ ઘડવા માંડી.

નકશાઓનો અભ્યાસ કરીને ક્યાંથી ઊપડવું, ક્યારે ક્યાં જવું વગેરે વિષે ફ્રૅન્કલિને પોતાની યોજના વિચારવા માંડી. ખોરાકના પુરવઠા અંગે અને સાથીદારોની પસંદગી માટે પણ એણે વિચાર કરી લીધો. આવા સાહસ માટે પૈસાની જરૂર તો, અલબત્ત, પડે જ; એટલે કોઈ કંપનીના આશ્રય વિના જવું જ અશક્ય. એ સમયે ઈંગ્લંડની 'હડસન બે કંપની' ને 'નોર્થ વેસ્ટ કંપની'એ આ પ્રદેશમાં ચામડાં, ચરબી, હાડકાં વગેરેના વેપારની શક્યતા તપાસવા માટે સાહસિકોને મોકલવાનો વિચાર કર્યો હતો. એવા સાહસ માટે તેમની નજર ફ્રૅન્કલિન પર હતી અને ફ્રૅન્કલિન તો એ માટે તત્પર જ હતો. બંને કંપનીઓએ કૉપરમાઇન નદીના મુખ આગળથી પૂર્વતરફના કિનારા વિશે શોધ કરવા માટે બધી જ જરૂરિયાતો પૂરી પાડવાનું ફ્રૅન્કલિનને વચન આપ્યું. યોજના મુજબ ફ્રૅન્કલિન ૧૮૧૯માં ઇંગ્લાંડથી ઊપડી, હડસન બે આગળ યૉર્ક ફૅક્ટરી નામના સ્થળે આવી પહોંચ્યો. એની સાથે એનો એક મિત્ર ડૉ. રિચાર્ડસન આવ્યો હતો, જે આ પ્રદેશમાં પ્રકૃતિવિષયક અવલોકનો કરવાનો હતો. આ ઉપરાંત હેપબર્ન નામના એક ખલાસીને અને બૅક તથા હૂડ નામના બીજા બે યુવાન સાથીદારોને સાથે લેવામાં આવ્યા હતા. બીજા માણસો તથા જરૂરિય તની વસ્તુઓ તેમજ ખાધાખોરાકી તેમને કૅનેડામાંથી મળનાર હતાં.


કૅનેડાનો આ પ્રદેશ તદ્દન અપરિચિત હતો. લગભગ પચાસ વર્ષ પહેલાં સૅમ્યુઅલ હર્ન નામના એક મુસાફરે કેટલોક પ્રવાસ કરી આ તરફના પ્રદેશ વિષે એક પુસ્તિકા લખી હતી. એમાંની માહિતી પ્રમાણે હર્ન જ્યાંથી પાછો ફર્યો ત્યાંથી ફ્રૅન્કલિને શરૂ કરવાનું હતું.

ફ્રૅન્કલિન જ્યારે ઇંગ્લંડથી યૉર્ક ફૅક્ટરી આવી પહોંચ્યો ત્યારે ઑગસ્ટ મહિનો પૂરો થવા આવ્યો હતો. શિયાળાની ધીમેધીમે શરૂઆત થવા લાગી હતી. પણ બરાબર શિયાળો બેસતાં હજુ લગભગ બે મહિનાની વાર હતી. એટલે અહીં બેસી રહેવા કરતાં પોતાના મુખ્ય મથકે પહોંચી જઇ ત્યાં શિયાળાની દીર્ઘ રાત્રિ પસાર કરવાની તેની ઇચ્છા હતી. અહીંથી એક હજાર માઇલનો પ્રવાસ કરી તેમને ફૉર્ટ ચિપેવ્યાન પહોંચવાનું હતું; અને ત્યાંથી બીજા પાંચસો માઇલનો પ્રવાસ કરી, ફૉર્ટ પ્રોવિડન્સ થઇને કૉપરમાઇન નદીને માર્ગે વિન્ટર લેઇક પાસે આવેલા ફૉર્ટ એન્ટરપ્રાઇઝ સુધી પહોંચવાનું હતું.

શિયાળાની શરૂઆતમાં જ જમીન પર બરફ છવાઇ ગયો હતો. નદીઓ અને ઝરણાં થંભી ગયાં હતાં. પાણી ઉપર બરફના મોટામોટા થર જામવા લાગ્યા હતા. આથી નદીમાં પ્રવાસ કરતાં કેટલીક વાર તેઓ હોડકાંમાં બેસતા, અને જ્યાં બરફના થર આવે ત્યાં દોરડાં બાંધી હોડકાં ખેંચવાં પણ પડતાં. ઉત્તરોત્તર ઠંડીનું પ્રમાણ એટલું વધતું જતું કે ગરમાગરમ ચા બનાવીને કપ મોઢે માંડવા જતાં તે ઠરી જતી, ને જરા વધારે વાર લાગે કે બરફનું ચોસલું જ બની જતી! ખૂબ ઉકાળેલી, ગરમગરમ ચા પણ વગર દાઝયે મોઢે માંડી શકાતી. જમીન પર પડેલા પોચાપોચા બરફના થરમાં પગ કેટલીક વાર ઢીંચણ સુધી ખૂંચી જતા, અને ત્યારે ચાલવું અત્યંત શ્રમભરેલું બની જતું. ફ્રૅન્કલિને પોતાની સાથે સામાન ખેંચવા માટે કૂતરા-ગાડી લીધેલી. પરંતુ કૂતરા પણ આ બરફમાં ચાલવાને અનુભવી નહોતા, એટલે તાજા બરફમાં ચીલો પાડતાં તે ખૂબ થાકી જતા. આથી બરફગાડી ખેંચવાનું તેણે અને તેના સાથીદારોએ વારાફરતી રાખ્યું હતું. વળી તેમણે બરફમાં ચાલવા માટેના બૂટ તો પહેર્યા હતા, પરંતુ બિલકુલ મહાવરો ન હોવાને લીધે તેમને પા પા પગલી જ માંડવી પડતી હતી. ઠેરઠેર તંબૂઓ નાખી તેઓ મુકામ કરતા. રાતના ઠંડીમાં તેઓ ધાબળા ઓઢી સૂઈ જતા, અને સવારમાં ઊઠે ત્યારે તો ધાબળા ઉપર પણ બરફના થર જામી જતા. બરફમાં તેઓ ચાલતા ત્યારે તેમના બૂટ ઉપર અને પગ ઉપર ત્રણથી ચાર રતલ જેટલો બરફ સતત જામેલો રહેતો. પગ પર આટલા બરફના વજન સાથે ચાલવું એ તેમને સજા જેવું લાગતું હતું. આવા બરફમાં ચાલવાનો આ તેમનો શરૂઆતનો જ અનુભવ હતો.

યૉર્ક ફૅક્ટરીથી ફૉર્ટ એન્ટરપ્રાઈઝ સુધી લગભગ ૧૫૦૦ માઇલનો પ્રવાસ કરતાં તેમને બે મહિના લાગ્યા. અહીં તેમને શિયાળો રોકાઇ નવા પ્રદેશો શોધવાનું મુખ્ય કામ કરવાનું હતું. કંપની સાથે નક્કી કર્યા પ્રમાણે એમને મદદ કરવા માટે કૅનેડાના કેટલાક સાહસિકો આવી પહોંચ્યા. એમાં માઈકલ નામનો સાહસિક જંગલી લોકો સાથે દુભાષિયા તરીકે કામ કરનાર હતો. બેત્રણ સાહસિકોની પત્ની પણ આવી હતી, જે ટુકડી માટે ગરમ કપડાં સીવી આપવાની હતી. ભોમિયા તરીકે તથા શિકાર લાવી આપવાના કામ માટે જંગલી ઇન્ડિયનોની એક ટોળી આવી હતી. તેના સરદાર આકાઇત્યોએ ફ્રૅન્કલિનને વચન આપ્યું કે તેઓ જ્યારે સફર કરીને પાછા આવશે ત્યારે ફૉર્ટ એન્ટરપ્રાઇઝમાં તેમને માટે શિકાર કરી ખોરાકનો મોટો જથ્થો તૈયાર રાખશે.

શિયાળો પૂરો થતાં ફ્રૅન્કલિને પોતાના સાથીદારો સાથે ધ્રુવપ્રદેશની સાહસિક સફર શરૂ કરી. અહીંથી હવે નવાનવા પ્રદેશો જેમજેમ આવતા ગયા તેમતેમ નકશામાં નોંધવાનું એણે શરૂ કર્યું. કેટલાક



કાળી જાડી લીટીથી દર્શાવેલો ફ્રૅન્કલિનની સફરનો માર્ગ

દિવસના પ્રવાસ પછી તેઓ એ સ્થળે આવી પહોંચ્યા કે જ્યાં લગભગ પચાસ વર્ષ પહેલાં જંગલી ઇન્ડિયનોએ એસ્કિમોની એક આખી ટોળીનો સંહાર કર્યો હતો. આ સ્થળે હજુ પણ એ એસ્કિમોનાં હાડકાં અને ખોપરીઓના ઢગલા પડેલા હતા. ફ્રૅન્કલિને આ સ્થળનું નામ 'બ્લડી ફૉલ' (Bloody Fall) આપ્યું ને પોતાના નકશામાં એ નોંધી લીધું. ફ્રૅન્કલિન સાથે આવેલા જંગલી ઇન્ડિયનો અહીંથી પાછા ફર્યા.

આટલે સુધીનો પ્રદેશ પરિચિત ગણાતો હતો. અહીંથી શરૂ થતા ધ્રુવસમુદ્રના કિનારેકિનારે પૂર્વદિશા તરફ પ્રયાણ કરતાંકરતાં તેઓ માર્ગમાં દરેકેદરેક સ્થળનાં અંતર, ઊંચાઈ વગેરે માપતાં, તેની નોંધ કરતાં, ને કિનારે આવેલા નાના બેટ, ખાડી, ભૂશિરમાં પણ તેઓ ધૂમી વળતા અને નકશામાં તે ચોક્કસાઇપૂર્વક ઉમેરી લેતા. તેમની પાસે ફક્ત બે જ મોટાં હોડકાં હતાં. તેમાં તેઓ તથા તેમની સાથે આવેલા પંદરેક કૅનેડિયન સાહસિકો સફર કરતા. આ રીતે પાંચ અઠવાડિયાં સુધી તેમની સફર સરળતાપૂર્વક પસાર થઈ. પરંતુ આગળ જતાં કિનારો ખડકવાળો પથરાળ આવવા લાગ્યો અને સમુદ્રમાં તરતા હિમખંડો આવવા લાગ્યા. એથી તેમની સાથે આવેલા બિનઅનુભવી કૅનેડિયન સાહસિકો ગભરાવા લાગ્યા. કૅનેડિયનોએ અત્યાર સુધી નદીનો જ પ્રવાસ કર્યો હતો. દરિયો શું કહેવાય એ તેઓએ આ પહેલી જ વાર જાણ્યું. બરફ અને પાણીવાળા ધ્રુવસમુદ્રને જોતાં જ તેઓ આશ્ચર્યમૂઢ બની ગયા. તેમનામાં અકારણ ગભરાટ વ્યાપી ગયો અને પાછા જવાની જ સતત માગણી કરવા લાગ્યા. સફરમાં મદદરૂપ થવાને બદલે તેઓ ઊલટા ભારરૂપ થઈ પડયા. ફ્રૅન્કલિને તેમને વારંવાર સમજાવી, હિંમત અને ઉત્સાહ આપી શાંત કર્યા.

અલબત્ત, સમુદ્રના કિનારે અવતા ઊંચા બિહામણા ખડકો, હિમખંડો સાથે અથડાઈ અથડાઈને સમુદ્રમાં લેવા પડતાં મોટાંમોટાં ચક્કરો અને નિર્જન પ્રદેશમાં ઉપર આભ અને નીચે સમુદ્રમાં પથરાએલી ભયાનક શાંતિ–આ બધાં કાચાપોચા માણસની તો છાતી બેસાડી દે એવાં હતાં. એમાં પણ ડગલે ને પગલે આવી પડતાં જાનનાં જોખમો, અને દિવસ રાત એક જ હોડકામાં બેસીને કરવા પડતાં કામથી લાગતા પ્રવાસના ભારે શ્રમને લીધે કૅનેડિયનોને પાછા ભાગી જવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક હતી. આવા વિકટ વાતાવરણમાં પણ લગભગ પાંચસો માઈલની સફર કરી તેઓ અઢારમી ઑગસ્ટે પૉઇન્ટ ટુર્ના-

ગેઇન સુધી આવી પહોંચ્યા. હવે અહીંથી આગળ જવામાં શિયાળો શરૂ થઈ જાય એમ હતો, વળી કૅનેડિયનો પણ ખૂબ થાકી ગયા હતા, એટલે ફ્રૅન્કલિને બંને હોડકાં પાછાં ફેરવ્યાં.

પરંતુ તેઓ જ્યારે પાછા ફરી રહ્યા હતા ત્યારે સમુદ્રમાં વાવાઝોડું થવાના અને બરફનાં તોફાનોનાં ચિહ્નો દેખાવા લાગ્યાં હતાં. આવા સંજોગોમાં જે રીતે પાંચસો માઇલનો પ્રવાસ કરીને તેઓ આવેલા એ રીતે પાછા ફરવામાં જોખમ હતું કે કદાચ રસ્તામાં જ તેઓ સપડાઈ જાય. એટલે ઠેઠ સુધી પાછા ન જતાં, હૂડ નદીના મુખ સુધી જઈ, ત્યાંથી 'બૅરન લૅન્ડ' નામનો ૧૪૯ માઇલનો રસ્તો કાપી સીધા ફૉર્ટ એન્ટરપ્રાઇઝ પહોંચવાનો તેમણે વિચાર કર્યો. પણ આ જમીન માર્ગે જવામાં બે પ્રશ્નો ઊભા થતા હતા. એક પોતાનાં હોડકાંનો ને બીજો અજાણ્યા પ્રદેશમાં ખોરાક મેળવવાનો. પરંતુ સમુદ્રમાં આગળ ઉપર સપડાઈ જવા કરતાં જમીનમાર્ગના પ્રશ્નનો ઉકેલ લાવવાનો જ તેમણે વિચાર કર્યો. મોટાં હોડકાંમાંથી સામાન મૂકી ખેંચી શકાય એવાં બે નાનાં હોડકાં બનાવી લેવાં એમ તેમણે નક્કી કર્યું ને ઉજ્જડ પ્રદેશમાં કંઈક તો ખાવાનું મળી રહેશે, અને નહિ મળે તો પણ ૧૪૯ માઇલ ચાલતાં વાર કેટલી! પછી ફૉર્ટ એન્ટરપ્રાઈઝ પહોંચ્યા પછી તો વાંધો હતો જ નહિ, કારણ કે રેડ ઇન્ડિયન આકાઈત્યોએ તેમને માટે ઘણી સારી સગવડ રાખી હશે. વળી આ રીતે જવામાં સીધું અંતર કાપતાં જલદી પહોંચાશે પણ ખરું ને નવો પ્રદેશ જોવા મળશે એ પણ ખરું.

આવી આશા સાથે તેઓ હૂડ નદીની ખીણમાં આવી પહોંચ્યા. તાબડતોબ તેમણે પોતાનાં મોટાં હોડકાંમાંથી બે નાની હોડીઓ બનાવી કાઢી. તેઓ બધા મળી વીસ જણા હતા, અને સામાન પણ તેમની પાસે ઓછો હતો. રસ્તામાં રખેને કોઈ નદી ઓળંગવાની આવે એ માટે જ તેમણે આ બે હોડીઓ બનાવી લીધી હતી. દોઢસો માઇલનો આ વેરાન પ્રદેશ ઓળંગતાં બહુ વાર લાગે એમ જણાતું ન હતું. પોતાની પાસેના અધૂરા નકશા પરથી અને આ પ્રદેશની આગળપાછળના પ્રદેશનાં માપેલાં અંતરના તફાવત પરથી તેઓ માનતા હતા કે એ વેરાન પ્રદેશમાં તેઓને લગભગ ૧૫૦ માઇલનું અંતર કાપવાનું હતું. આ ઉજ્જડ પ્રદેશ 'બૅરન લૅન્ડ' તરીકે જાણીતો હતો, પરંતુ હજુ સુધી કોઇએ એ પાદાક્રાન્ત કર્યો નહોતો,—જંગલી ઇન્ડિયનોએ પણ નહિ.

પણ જ્યારે ફ્રૅન્કલિન ને એના સાથીદારોએ આ વેરાન પ્રદેશમાં પગ મૂક્યો ત્યારે તે તેમને ધાર્યા કરતાં પણ વધારે સૂકો ને વેરાન લાગ્યો. આખો પ્રદેશ ખડકોથી ભરેલો, તદ્દન પથરાળ હતો. જે જાતનો સમુદ્રનો કિનારો હતો એ જાતનો જ એ પ્રદેશ હતો. ન મળે કોઈ વૃક્ષ કે ન મળે બીજી કોઇ જાતની વનસ્પતિ. માત્ર એક જાતના જાડા, ખરબચડા, ગંધાતા છોડ ક્યાંક ક્યાંક ઊગેલા જોવા મળતા. વિશ્રાન્તિ માટે નહોતું કોઈ આશ્રયસ્થાન, કે શિયાળામાં શરીરમાં ખંજરની જેમ ભોંકાતા ઠંડા પવનમાં બાળવા માટે નહોતાં ક્યાંય લાકડાં, અને શિકારનું તો ક્યાંય નામનિશાન જ નહિ. બસ ચારે તરફ ચાલતાં ચાલતાં થકવી નાખે એવી ઊંચાનીચા ખડકોવાળી ઉજ્જડ જમીન પથરાએલી પડી હતી.

દોઢસો માઇલનું અંતર સાતઆઠ દિવસમાં કાપવાની તેમની ધારણા હતી, અને ત્રણ-ચાર દિવસ સુધી ચાલે એટલો તેમની પાસે ખોરાક હતો. બીજા બે-ત્રણ દિવસ ગમે ત્યાંથી સાધારણ શિકાર મેળવી લેવાની તેમની ધારણા હતી. પરંતુ ખોરાક ધાર્યા કરતાં વહેલો ખૂટી ગયો, અંતર ધાર્યા કરતાં ઘણું જ ઓછું કપાયું અને શિકાર તો બિલકુલ મળ્યો જ નહિ! એટલે તેઓ ભૂખથી રિબાવા લાગ્યા. ભૂખ સંતોષવા તેમણે રસ્તામાં ક્યાંક ક્યાંક ઊગેલા જાડા છોડની ડાળીઓ ચાવવા માંડી. દેહ ટકાવવા માટે તદ્દન બેસ્વાદ ને ગંધાતા એ છોડ પણ અત્યારે તેમને મિષ્ટાન્ન કરતાં યે વધારે વહાલા લાગ્યા. પરંતુ બીજે દિવસે એ છોડ ખાવાથી તેમને બધાને ખૂબ ઝાડા થઈ ગયા. આ તો રોગ કરતાં ઇલાજ મોંઘો પડવા જેવું થઈ પડ્યું! ભૂખ અને ઝાડાને લીધે તેમની શક્તિ ખૂબ જ ઘટી ગઇ. વધારેપડતી અશક્તિને લીધે તેમણે માત્ર જરૂરનો સામાન જ પાસે રાખી બીજો બધો પડતો મૂક્યો. માર્ગમાં નદીનાળાં ઓળંગવા માટે તેમણે પોતાની સાથે જે બે હોડકાં લીધાં હતાં એનો કંઈ ઉપયોગ તો થતો નહોતો, એટલે તેમણે હોડકાંનું લાકડું થોડુંથોડું કાપી, ઠંડી ઉડાડવા બળતણ તરીકે વાપરવા માડ્યું.

જેમજેમ તેઓ આગળ ગયા તેમતેમ માર્ગ વધારે ને વધારે વિકટ આવવા લાગ્યો. સપાટ જમીનને બદલે હવે ઊંચીઊંચી ટેકરીઓ ચઢવા ઊતરવાનું થયું. ઊંડી ખીણો, નાળાંઓ અને કોતરોથી તેમને માર્ગ કાઢવો પડતો. આથી તેમની શક્તિ ઘટતી ગઈ ને પંથ લંબાતો ગયો. વીસ માણસો તદ્દન ભૂખ્યા પેટે લથડિયાં ખાતાં ખાતાં પોતાનો માર્ગ કાપતા હતા. અઠવાડિયું તો ક્યારનું યે પૂરું થઇ ગયું હતું, છતાં અરધો માર્ગ પણ તેઓ કાપી શક્યા નહોતા. સામાન રસ્તામાં વધુ ને વધુ ફેંકાતો જતો હતો, હોડકાંનું લાકડું વધુ ને વધુ કપાતું ને બળતું જતું હતું. નદી ઓળંગવાના હેતુ કરતાં ઠંડી ઉડાડવાનો હેતુ હવે વધારે અગત્યનો બની ગયો હતો. ભૂખ ને ઠંડીમાં ભૂખનો ઉપાય તો ન થયો, પરંતુ ઠંડીના ઉપાય માટે યે હવે તો હોડકાં ખેંચી જવાં અનિવાર્ય બની ગયાં હતાં. આમ માર્ગ કાપતાં લગભગ વીસ દિવસ થવા આવ્યા. માર્ગ હજુ ખૂટ્યો નહોતો, પણ હોડકાં પૂરાં થવા આવ્યાં હતાં!

બીજા દસ દિવસની વધુ મજલ અને સાથેસાથે વધેલી શારીરિક ને માનસિક યાતના! આધાર વિના એકલા ચાલવાની શક્તિ ન રહેતાં તેઓ એકબીજાને સહારો આપી ડગલાં માંડતા હતા. આ બધા દિવસોમાં ધીરજ, સહનશક્તિ અને દૃઢ મનોબળ બતાવનાર ફક્ત બે જ વ્યક્તિ હતી. એક ફ્રૅન્કલિન અને બીજા ડૉ. રિચાર્ડસન. નવો પ્રદેશ શોધવાનાં વર્ષોથી સ્વપ્નાં સેવી રહેલા એ બંને યુવાનોને ન ભૂખ કે દુઃખ હરાવી શક્યાં કે ન હંફાવી શક્યાં. વસ્તુતઃ પોતાની ટુકડીના બધા જ માણસોને ઉત્સાહ, આશ્વાસન અને પોતાના ઉદાહરણથી એક મહિના સુધી તેઓ ચલાવી શક્યા એ જ ભારે આશ્ચર્યની વાત હતી.

લથડિયાં ખાતાં ખાતાં તેઓ આ રીતે ચાલતા હતા ત્યારે દૂરદૂર ક્ષિતિજ પાસે તેમને પાણીનો પ્રવાહ દેખાયો. એ કૉપરમાઈન નદી જ હોવી જોઇએ એવી તેમને ખાતરી થઈ. અને એ કૉપરમાઈન નદી હોય તો તો એને સામે કિનારે થોડા માઇલનું અંતર કાપતાં જ ફૉર્ટ એન્ટરપ્રાઇઝ આવી પહોંચશે એ વિચારે તેમની ઊંડી ઊતરી ગએલી નિસ્તેજ આંખોમાં ચમક આવી. હવે ફક્ત એક બે દિવસનો જ સવાલ રહ્યો. પછી તો આ બધી યાતનાઓનો કેવો સુખદ અંત આવશે! જાણે દેશનિકાલની કોઈ કપરી મોટી સજામાંથી મુક્તિ ન મળતી હોય એવા ઉત્સાહ ને આનંદમાં તેઓ આવી ગયા. તેમના પગ ઉત્સાહથી ચાલવા લાગ્યા. જોતજોતાંમાં તેઓ કૉપરમાઇન નદીના કિનારે આવી પહોંચ્યા.

પણ...પણ જે હોડકાંઓ તેઓ પોતાની સાથે ખેંચી લાવતા હતા એ હવે ક્યાં ગયાં? બે-ત્રણ દિવસ પહેલાં જ એના છેલ્લા ટુકડાઓનું બળતણ થઇ ગયું હતું. તો હવે હોડકાં વિના, શિયાળાની કડકડતી ઠંડીમાં, હિમ જેવા પાણીમાં નદી પાર કરવી કેવી રીતે? તેઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા. એ વખતે ડૉ. રિચાર્ડસને ઠંડા પાણીમાં તરતા તરતા સામે કિનારે જઇ કંઈક વ્યવસ્થા કરવાની તૈયારી બતાવી. મહિના દિવસની લાંઘણ પછી આટલો ઉત્સાહ, આટલું સાહસ અને આટલું દૃઢ મનોબળ બતાવનારની શક્તિ માટે તો શું કહેવું?

પણ ફ્રૅન્કલિને આ રીતે નદી ઓળંગવામાં (અનુસંધાન પૃષ્ઠ ૫૫૫મે)

ટૂંકી વાર્તા



અંતર મનને ઓળખનારી મોટી બહેન

★ નાનાલાલ જોષી

જયાને આવ્યે ત્રણ દિવસ વીતી ગયા છતાં તેણે મન ખોલીને કંઈ વાત કરી ન હતી. પણ જે રીતે એ અચાનક આવી હતી તે જોતાં તેને કશુંક કહેવાનું તો હતું જ. જયાને પણ આશ્ચર્ય થતું હતું કે તેની મોટી બહેન સુમન તેને કેમ કંઈ પૂછતી ન હતી.

આજે ત્રીજા દિવસની રાત હતી, ને સુમનના પતિ અશોક બહારગામ ગયા હોઇ સુમનના રૂમમાં જ જયાએ ધામા નાખ્યા હતા. વખત ઘણો પસાર થઇ ગયો હતો છતાં સુમન પોતાનું ગૂંથવાનું મૂકતી ન હતી, ને જયા પોતાનું વાંચવાનું મૂકતી ન હતી. જોકે જયાનું ધ્યાન પુસ્તકમાં ખાસ ન હતું. થોડી થોડી વારે તે મોં બહાર કાઢી સુમન તરફ જોઇ લેતી હતી. ગૂંથવામાં પડેલી સુમનનું મન પણ તેમાં એકાગ્ર લાગતું ન હતું; છતાં પોતાની શાંત પ્રકૃતિને લીધે તે વધારે સ્વસ્થ હતી. તેનાં બે બાળકો સૂઇ ગયાં હતાં ને રૂમમાં ઘડિયાળની એકધારી 'ટક-ટક' સિવાય તદ્દન શાંતિ હતી. આખરે જયાથી ન રહેવાયું. 'તું ક્યાં સુધી બેસશે સુમી? અગિયાર તો થવા આવ્યા.' કહીને તેણે પુસ્તક બાજુના ટેબલ પર મૂક્યું ને ઊભી થતાં આળસ મરડ્યું.

'બસ, આ ઊઠી, જો. મને એમ કે તું જો વાંચતી હો તો હું જરા આ પૂરું કરી નાખું.' કહેતાં છેલ્લો ટાંકો મારી સુમન ઊભી થઈ ને ગૂંથવાની વસ્તુઓ ઊંચે મૂકી દીધી. બારીમાંથી જરા ઠંડો પવન આવતો લાગતાં તે બંધ કરીને કૂજામાંથી થોડું પાણી પીને સ્વિચ તરફ હાથ લંબાવ્યો. જયા પોતાના ખાટલા પર ક્યારની યે પહોંચી ગઈ હતી તે જોઇ તેણે બત્તી બુઝાવી દીધી ને બીજી સ્વિચ દાબી. નાના નીલા બલ્બમાંથી રંગીન પ્રકાશ ઓરડામાં પથરાઈ રહ્યો. 'ફાઇન' કહેતાં જયા ખુશ થઇ ઊઠી. ઝાંખા મધુર પ્રકાશમાં શાંતિ જાણે હસી રહી. જયાનું મન સહેજ વધુ મોકળું બન્યું. ઓરડાના મૌન પર સમયની ટકટક સરતી રહી.

થોડી વાર પોતપોતાના પલંગમાં પડ્યા રહ્યા બાદ બંનેને લાગ્યું કે બેમાંથી કોઇને ઊંઘ આવતી ન હતી. પોતે જાગે છે તે બતાવવા જયા વારવાર પાસાં બદલતી હતી; નવી રજાઇનો સળવળાટ પણ ખાસ અવાજથી તરી આવતો હતો, છતાં સુમન કંઈ બોલતી ન હતી. જયાના મનમાં વિચારોની વલ્લરી ઊપડી હતી. સુમન તો ક્યારની તેની મનોસ્થિતિ પારખી ગઇ હતી, પણ તેણે નક્કી કર્યું હતું કે જયા પોતાની મેળે બોલે તો જ સારું. ને આખરે જયા બોલી. નાનપણથી જ આમ તે મોટી બહેનની ધીરપ આગળ હાર ખાતી આવી હતી. પોતે નહિ જ બોલે એવું નક્કી કર્યા છતાં તે જ પ્રથમ બોલતી. સુમન એ સમજી જઈને મીઠું, તેની પ્રકૃતિને અનુરૂપ એવું, શાંત પ્રેમાળ સ્મિત કરીને પછી જયાથી યે વધુ હોંશથી તેની વાતમાં પરોવાતી. 'તને ઊંઘ આવે છે, સુમી? મને તો નથી આવતી.' અકળાઇને તે બોલી.

'તો પછી અહીં જ કાં નથી આવતી? ચાલ, આવ મારી પાસે.'

જયાને તો એ જ જોઈતું હતું. ઓઢવાનું ઝડપથી અળગું કરી તે લગભગ કૂદીને જ સુમનના પલંગ પર આવી, ને આવતાં વેંત તેને વળગી પડી તેની ગંભીરતાને ય ખંખેરી નાખી. બંને જાણે એકબીજીને સમજી ગઇ હોય તેમ જોરથી હસી પડી ને તેમની બાથ વધુ મજબૂત બની.

થોડી વાર તો આડીઅવળી વાતો કરી પછી અચાનક જયા બોલી, 'તને નવીનના કંઈ ખબર મળ્યા કે નહિ, સુમી?'

'નવીનના?! કેમ, શા ખબર છે તેના?' સુમન અચંબાથી બોલી. એક જ પ્રશ્નમાં તો તેની પ્રકૃતિ પ્રમાણે તે ગંભીર બની ગઇ. જયા તરફ નજર નોંધીને તેણે ફરીથી એ જ પ્રશ્ન મૌન રહીને કર્યો.

પણ પ્રશ્ન છેડ્યા પછી જયા જ ખુદ અટવાઇ ગઇ. કેમ વાત કરવી તે એ ન સમજી શકી. તેણે ધાર્યું હતું કે સુમનને એ ખબર મળી ગયા હશે, એટલે અમસ્થી જ વાત કાઢી હતી. પણ જ્યારે તેણે જોયું કે સુમનને તેનો અણસારો સુદ્ધાં નથી ત્યારે તે જરા પાછી પડી ગઇ. ઘડીભર તો ઓરડામાં ફરી સમયની વહેતી 'ટકટક' સર્વોપરી બની રહી.

પણ બહુ લંબાવવું શક્ય જ ન હતું. જયાને કહેવું જ પડ્યું. પણ વાત કરતાં કરતાં તેનું મન પાછું પડી જતું હતું. તેને ખબર હતી કે સુમનને તેથી કેટલો આઘાત પહોંચશે. આખરે ટુકડેટુકડે પણ વાત પૂરી કરી. સુમન લગભગ બેહોશ જેવી બની ગઇ. તેના રોમેરોમની કરુણ ઝણઝણાટી જયાએ પણ અનુભવી ને તેણે સુમનને વધુ બાથમાં લીધી; પરંતુ સુમનના અંતરના ચિત્કારનું માપ તો તે પણ કાઢી શકે તેમ ન હતી. નવીન હવે આ દુનિયામાં નથી ને કલકત્તાના કોમી હુલ્લડમાં તે કામ આવી ગયો હતો એ જાણતાં તેના મનના પગથારે જાણે ધરાકંપનો આંચકો અનુભવ્યો હતો.

થોડી વારે આઘાત શમવા આવતાં તે સ્વસ્થ બનીને ખાટલામાં એક પડખે ભીંતે અઢેલીને બેઠી, ને જયાને બધી હકીકત પૂછી: તેને કેમ ખબર પડી, ક્યારે ખબર પડી, ત્યારે તેને ને બાપુજીને શા શા ખયાલો આવ્યા તે પણ પૂછી લીધું. વિગતોમાં પડતાં તેના મનનો ક્રમો કંઈક હળવો બન્યો. જોકે પ્રશ્નો સાથેસાથે તેના મનપગથારે સ્મૃતિઓ વણપૂછી સરકતી આવતી હતી. બધુંય અશક્ય બનતાં નવીન ફક્ત જીવતો રહે એ માટે કેવી પ્રાર્થના કરી હતી! તેને સમજનારું, તેના મનની દુનિયાને પિછાણનારું કોઈ મળી જાય એ પોતાના અંતરની કેવી આરઝૂ હતી. પણ આમ જીવનકેડી પરથી જ એ ખોવાઈ જાય...! આથી વધુ...

જયાએ જિજ્ઞાસાથી વચ્ચે જ પૂછ્યું, 'નવીન માટે તારા મનમાં હજી એટલો ભાવ છે, સુમી?' પણ પ્રશ્ન કર્યા બાદ જયાને લાગ્યું કે ફરીથી તેની ભૂલ થઇ હતી; કેમકે સુમને તેની સામે એવી સ્થિર, શાંત ને કરુણ નજરે જોયું—જાણે કહેતી ન હોય એટલું ય તું નથી સમજતી!

તેની એ નજરથી ડઘાઇ જઇ જયા સુમનના ખોળામાં મોં સંતાડી બોલી ઊઠી, 'માફ કરજે સુમી, મારે આવું પૂછવું જ નહોતું જોઈતું.'

તના પાઠ પેસવારતાં સુમન ધીરેથી બોલી, 'ના, એવું નથી જયા. તું જરૂર પૂછી શકે. તું શું, બીજાને પણ એવો પ્રશ્ન કદાચ થતો હશે. હું અશોક સાથેના જીવનમાં જે રીતે ગૂંથાઈ ગઇ છું તે જોતાં નવીન સાથેની મારી વાત જાણતા દરેકને કદાચ એ પ્રશ્ન થતો હશે કે ત્યારે સાચું શું? ને કદાચ તેઓ એમ સંતોષ પણ માનતા હશે કે માબાપ પણ કયારેક તેમનાં બાળકોની ઇચ્છા વિરુદ્ધ જાય છે તેમાં કશું ખોટું તો નથી જ; પણ જયા, એ બહુ ઊંડી વાતો છે.'

જયાએ તે વખતે ખોળામાંથી માથું ઊંચુ કરી સુમન તરફ જોયું, એટલે સુમન સહેજ અટકી; પણ તરત જ જયાના ગાલે પ્રેમાળ હાથ ફેરવી પોતાના શાંત ગંભીર સ્વરે તેણે આગળ ચલાવ્યું, 'મારું વર્તમાન જીવન જોઇ કોઇ ન કહી શકે કે હું દુ:ખી છું. ને ખરેખર હું સુખી જ છું. અશોકને એટલો ન્યાય તો મારે આપવો જ પડે. મને બે સુંદર બાળકો છે, સમજુ ને પ્રેમાળ પતિ છે;–વંદનીય છે એવું કહું તો પણ તેને તું અતિશયોક્તિ ન માનતી જયા. પણ નવીન...' ને ત્યાં સુમન જરા અટકી પડી. ...'પણ નવીનની વસ્તુ જ જુદી હતી. અંતરમનની ઊર્મિના પ્રથમ આવિષ્કારની એ વસ્તુ હતી. ને એ આવિષ્કાર જ જીવનની સંજીવની છે. તેમાં યે સ્ત્રીઓના અણખેડેલ અંતરપગથારે જે પ્રથમ બીજ રોપાય છે, તેની મહત્તા પ્રભુની પ્રભુતા કરતાં સહેજે ઓછી નથી. સ્ત્રી જો એમાં કેન્દ્રિત થઇ શકે તો જીવનનું સર્વસ્વ પામવાનો સંતોષ તેને મળી જાય છે. પણ એવું બને છે ઓછું, જયા; ને પોતાની એ આગવી મનોભોમકાથી સ્ત્રી વિચ્છેદનપામે છે ત્યારે તેનું અંતર ખાખ બની જાય છે.'

એ સાંભળી જયાએ સામું જોતાં સુમન વચ્ચે જ અટકી ગઈ. ને જયાનો પ્રશ્ન તેની આંખથી જ સમજી જતાં, જરા હળવી બની સુમને આગળ ચલાવ્યું,'પણ તું આ બધું મનમાં ન લેજે, જયા. તું જોઈ શકે છે કે હું સંપૂર્ણ સુખી છું. તને ખબર છે જયા, અમુક એવા છોડ થાય છે જેને અમુક જ ખાતર ને અમુક જ જાતનું હવામાન જોઇએ; તે વિના તે ખીલતા નથી. બીજા એવા છોડ હોય છે જેને એક ઠેકાણેથી બીજે રોપતાં શરૂઆતમાં તે વિલાય, પણ પછી નવી જગ્યાને પણ તે પોતાની બનાવી લે.'

એવામાં જયા વચ્ચે કંઈ કહેવા ગઈ એટલે સુમન વળી અટકી ગઈ. ખંડની નીલરંગી શાંતિ સમયની ટકટક સાથે તાલ મેળવી રહી.

જયા વિહ્વળ બની ઉતાવળે બોલી, 'તો શું મને તું મદદ નહિ કરે, સુમી? હું રમેશને અંતરથી ચાહું છું. મને આશા છે કે તું મને સમજી શકશે. હું અહીં અચાનક આવી તેનું કારણ પણ એ જ છે.' ને તેણે સુમન તરફ તેને સમજવાના ઉદ્દેશથી જોયું. સુમન તદ્દન શાંત હતી તેની પ્રકૃતિ જ એવી હતી કે હરકોઇને તેનામાં વગર કહ્યે વિશ્વાસ ઉત્પન્ન થાય. ત્યારે જયા તો તેની મા-જણી નાની બહેન હતી. સુમન સહેજ હસી, જેમાં આટલા અવિશ્વાસ ખાતર પણ જયાને મીઠો ઠપકો હતો. જયા તે પામી ગઈ ને શરમાઇને સુમનના ખોળામાં નમી પડી; પણ ત્યાં પડીપડી ય પોતાની વાત કર્યા વગર ન રહી: 'બાપુજી માનતા નથી; ને મા નથી, એટલે તું દૂર છતાં તારી પાસે દોડી આવી.' કહી તે અટકી ગઇ. સુમને માત્ર તેના વદન પર પ્રેમાળ હાથ ફેરવ્યો. તેથી શાતા પામતી જયા ફરી બોલી: 'બાપુજી માનતા જ નથી, સુમી. એ કદાચ એમ ધારતા હશે કે તારી પેઠે હું પણ શાંત બની જઇશ ને બીજે પરણીને સુખી થઇશ.' જયા બોલી, ને ગાદલા પર મૂઠી પછાડતાં-પછાડતાં કહ્યું, 'પણ એવું નથી, એવું નથી; ને એવું થવાનું જ નથી?'

'પણ એમાં આકળાં થયે કેમ ચાલે?' વાત્સલ્યભર્યો હાથ જયાની પીઠે ફેરવતાં સુમને સ્નેહથી કહ્યું, 'તારે બાપુજીને સ્વસ્થતાથી સમજાવવા જોઇએને? સાચા પ્રેમમાં તો અજબ શ્રદ્ધા હોય છે. ને તે ધારે તો શાંતિથી સફળતા પણ મેળવી શકે.' અવાજમાં જ એવો રણકો હતો કે જયા સ્વસ્થ બનીને વ્યવસ્થિત બની બેઠી: 'હું આકળી નથી બની; પણ બાપુજીની વિરુદ્ધ જતાં તેમને ખૂબ દુ:ખ લાગે છે; ને તું જાણે છે કે બાના ગયા પછી તેમને સહેજ પણ ધક્કો કેવો આઘાત આપે છે! એટલે તું જો હવે મને મદદ નહિ કરે તો હું શું કરીશ તે કહી શકતી નથી.' કહેતાં તે ફરી સુમનના ખોળામાં માથું નાખી રડી પડી.

મોટી બહેન કરતાં જન્મદાત્રી માના પ્રેમથી સુમને તેને પંપાળી; ને પછી સ્વસ્થ બનતાં જયાને કહ્યું, 'ચલ જયુ, હવે સૂઈ જા જોઉં. જો લગભગ ત્રણ તો વાગવા આવ્યા. થોડી ઊંઘ લઈ લે.'

છતાં થોડી વાર તો જયા એમ જ પડી રહી. પછી ઊઠીને મોટી બહેન તરફ ઊંચું જોયા વિના જ પોતાના ખાટલા પર ચાલી ગઈ. તેને લાગ્યું કે કદાચ પોતાની વાત સુમન પણ પૂરી ન સમજી શકી.' બધાને પોતાની જ વસ્તુ, પોતાનો જ અનુભવ ભવ્ય લાગે; બીજાની ગમે તેટલી સચ્ચાઈ પણ પોતાની તોલે ન આવે એવું કંઇક અનુભવીઓ માનતા હોય છે એમ આ સુમન પણ માનતી હતી એમ જયાને લાગ્યું. ને કંઈક નિરાશાથી જ તે પથારીમાં પડી.

અચાનક ઍલાર્મની ઘંટડી વાગતાં જયા જાગી ગઈ. સફાળી બેઠી થતાં તેણે જોયું તો છજામાંથી સુમન ઘંટડી બંધ કરવા આવી રહી હતી. ઘડિયાળમાં સાડા પાંચ થયા હતા.

'તું સૂતી જ નથી શું, સુમી?' જયાએ પૂછ્યું.

'ના...હા, સહેજ ઊંઘી ગઈ હતી.' સુમને ઘંટડી બંધ કરતાં કહ્યું. જયા સમજી ગઈ કે તે સત્ય ન હતું; પણ તે વધુ વિચારે તે પહેલાં જ સુમને કહ્યું, 'તું હવે પાછી સૂઈ ન જજે જયુ. આજ આપણે ઘણું કામ છે. વહેલી નાહી લેજે, સ્ફૂર્તિ આવી જશે.'

તો પણ જયા થોડી વાર પથારીમાં પડી રહી. ત્યાં લગીમાં સુમન બાળકો ઉપરથી ખસી ગએલી ચાદર વ્યવસ્થિત કરીને રસોડામાં ગઇ. પછી જ્યારે તે દાતણ કરવા છજામાં ઊભી રહી, ત્યારે અચાનક બાજુમાં જયા આવીને તેના પડખામાં ભરાઈ ગઈ. ચમકીને સુમને તેને એક હાથે ગોદમાં ચાંપી ને બંને બહેનો પરસ્પર હસી પડી. તે વેળા પૂર્વનું આકાશ સોહામણું બનતું જતું હતું, પણ આ બહેનોના સ્મિત પાછળની ઊર્મિના રંગો કદાચ તેથી યે વિશેષ સોહામણા હતા.

'મોટી બહેન, તું મને તજી ન દેતી હોં.' કહેતાં જયાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

'અરે ગાંડી!' સુમને કંઇક હસતાં, કંઇક ચિંતિત સ્વરે કહ્યું, 'તું એવો ખયાલ પણ મનમાં ન લાવતી. હું બેઠી છું ને?'

જયાએ ગોદમાંથી છૂટી પડીને એવી રીતે સુમન તરફ જોયું જેવી રીતે એક નાની બહેન જ પ્રેમાળ મા જેવી મોટી બહેન તરફ જોઈ શકે. ને પછી એવા તો જોરથી તેને ભેટી પડી કે ગંભીર સુમનથી પણ બૂમ પડાઈ ગઈ, 'અરે છોડ છોડ! તું તો ભારે છે.'

ને મોં નીચું કરીને જયા આનંદના આવેગમાં દોડી ગઈ. સાથે તેના પ્રિય ગીતનું ગૂંજન પણ સરકી ગયું:

'મને જાવા દ્યો આભને ઓવારે...'

સુમન દાતણ કરતાં સહેજ વિચારે ચડી, ને વિચારમાં જ સહેજ મુસ્કરાઈ રહી. જયાથી છાની રીતે મેળવેલી તેના રમેશ વિષેની હકીકતો, પિતાના વિરોધનાં કારણોની તપાસને અંતે પોતે કરેલા નિર્ણયો, તેણે શાંતિથી મનોમન તપાસ્યા. પણ તે બહુ ન ચાલ્યું. નીચેથી બૂમ પડી.

જોયું તો નાની સૂટકેસ લઈ અશોક ઊભો હતો. તેના આનંદિત ચહેરા ને હાથ હલાવવાની રીત પરથી જ તે સમજી ગઈ કે તે સફળ થઇને આવ્યો હતો. રમેશને પણ મળી આવ્યો હતો ને બધું નક્કી કરી આવ્યો હતો. રમેશ કદાચ પાછળ આવતો પણ હોય!

દાદર ઊતરી નીચે જતાં પહેલાં સુમન અચાનક મોટા અરીસા સામે ઊભી રહી ગઈ. તેમાં તેને નવીનનો હસતો ચહેરો દેખાયો. તરત જ તે પલટાઇને રમેશનો બની ગયો. નવીનની જ કેડી પર જાણે તે પગલાં પાડતો આવતો હતો. સુમન ગંભીર બની. ફરી નવીન દેખાયો. પોતાના અંતરના અવવારુ જંગલમાં જેણે પહેલી કેડી પાડી અરમાનની ધન્યતાનાં ઓજસ પાથર્યાં, અંતરનો વિકાસ કર્યો, તેની સ્મૃતિને તેણે ભાવથી વંદન કર્યાં. બાજુના રૂમમાંથી જયાના સ્વરો રમતા હતા.

'અણદીઠ ભોમનાં માનવી બોલાવે મને...'

સુમન એ સ્વરોના રમતા તાલે જ સડસડાટ દાદર ઊતરી ગઈ.

રમણિક પટેલ

પુરાવો

વહેલી પરોઢે તો ગામ આખામાં હાહાકાર મચી ગયો. નગરશેઠની હવેલીએ ચોરી થઈ હતી. એમની એકની એક દીકરી મોંમાં ડૂચો મારેલો ને બંને હાથ પાછળ બાંધી દીધેલા, એવી હાલતમાં મળી આવી હતી. તેની આંગળીએથી રૂપિયા નવસોની હીરાની વીંટી ને ગળામાંથી અગિયારસો રૂપિયાની મોતીની માળા ચોરાઈ ગઈ હતી. આવતે મહિને તો એનાં લગન હતાં. કન્યાદાનમાં આપવા શેઠ આ બંને મોંઘા દાગીના ખાસ મુંબઈના ઝવેરી બજારમાંથી ખરીદી લાવ્યા હતા, અને એ જ રાત્રે બે હજારની મતા સહેલાઈથી ચોરાઈ ગઈ. પરંતુ આ ચોરી થઈ એ કરતાં તો બદમાશ કેવી રીતે ચોરી કરી ગયો એની વાત કન્યાએ કરી ત્યારે સાંભળનાર સૌ હેબતાઈ ગયાં.

ઊનાળાના દિવસો હતા એટલે ખંડની બે બારીઓ ખુલ્લી હતી. ઊનાળામાં પાછલી રાત્રે જ ઊંઘ સારી આવે છે એટલે આશરે લગભગ ત્રણચારેકના શુમારે અગાસીમાંથી વરસાદનું પાણી નીચે પડવાના નળ મારફતે બદમાશ ઉપર ચડ્યો હશે. ઊંઘતી છોકરીના ગળા ઉપર ખંજર ટેકવી રાખીને એને જગાડી એની જ પાસેથી વીંટી ઉતરાવી. પછી ગળાનો હાર ઉતરાવ્યો; અને પછી એની જ સાડીના એક છેડાનો ડૂચો એના મોંમાં મારી બીજા છેડા વતી બંને હાથ પાછળ બાંધી દીધા, અને પછી આવ્યો હતો એ જ માર્ગે ઊતરી ગયો.

દેખતે ડોળે આ બધું બન્યું છતાં છોકરી એને ઓળખી ન શકી, કારણ કે આવનારે આખા ચહેરા પર મેશ ચોપડેલી હતી, માથા પર પંજાબી સાફો હતો ને જાડા શરીર પર મુસલમાની લૂંગી હતી. મોંએથી એક શબ્દ તો બોલે જ શાનો? ચમકતા ખંજરની અણીએ અને આંખને ઇશારે જ એણે બધું કામ લીધું હતું. એનો ભયંકર દેખાવ જોઇને જ છોકરી એવી હેબતાઈ ગએલી કે ચીસ પાડવાનું ભાન પણ ગુમાવી બેઠેલી.

ગામની આથમણી ભાગોળે વાઘરીવાડો હતો. એમાં બારપંદર ઘર વાઘરીનાં હતાં. ગામપરગામમાં નાનીમોટી ચોરીઓ માટે એમાંના ઘણા અવારનવાર 'મોસાળે' જઈ આવ્યા હતા અને સારા પ્રમાણમાં માર તથા સજા બંને ખાઈ ચૂકયા હતા; છતાં લોહીમાં વણાએલી એ ટેવ ભૂલાતી ન હતી. તેમાં યે ખાપર, બાબર અને લલવાની ત્રિપુટી તો ભારે ત્રાસદાયક હતી; છતાં તેની વિશેષતા એ હતી કે એમાંનો ગમે તે એક પકડાય છતાં વાઢી નાખો ત્યાં સુધી બીજા બેનાં નામ ન દે, અને પકડાય એની પાસેથી મુદ્દામાલ મળે જ નહિ.

એક વાર રેલવે સ્ટેશનથી રાતની ગાડીએ ઊતરેલી એક સ્ત્રીના ગળામાંથી, આ ત્રિપુટીમાંના બે જણા અછોડો તોડીને નાઠા ને બાજુનાં ખેતરોના ઊભા મોલમાં થઇને કયાં ભરાઈ ગયા તેની સમજ જ પડી નહિ. કેટલાક મુસાફરો પાછળ દોડેલા તેમને હાથ એક ખેતરને શેઢે ઊભેલો ખાપરિયો પકડાયો; પણ મુદ્દામાલ મળે તો ને? એની સાથે બીજો કોણ હતો એ કબુલાવવા ગામના મુખીએ એને એવો તો માર્યો કે લોહીનો કોગળો થઈ ગયો; પણ બીજાનું નામ ન દીધું તે ન જ દીધું. આવી આ ત્રિપુટી. એક ઓછો થઈ જાય એની પરવા નહિ, પણ પાછળના બેને તો સલામત રાખે જ. પછી તો કંટાળીને ગામના મુખીએ એવો હુકમ કાઢયો કે રોજ રાત્રે દસ વાગ્યે બધા વાઘરીઓએ ચોરે આવીને હાજરી પુરાવી જવી અને એમાં પેલી ત્રિપુટી માટે સ્પેશ્યલ હુકમ –કે એમણે ત્રણેએ એક મહિના સુધી રાતના બે વખત, બાર વાગ્યે અને ત્રણ વાગ્યે, સ્પેશ્યલ હાજરી પુરાવવી. મુખીને નક્કી કરવું હતું કે જો આ એક મહિનાના ગાળામાં ચોરી ન થાય, ને થાય તો મામૂલી છમકલાં જ થાય, તો જાણવું કે આ મામલામાં ત્રિપુટીનો હાથ મોટો; પણ આ નિયમ કાઢયાને છઠ્ઠે દિવસે જ નગરશેઠની હવેલીએ ચોરી થઈ, અને તે ય આવી હિંમતભરી!

ગામમાં હાહાકાર મચી ગયો. મુખીએ હાજરીપત્રક મંગાવીને હાજરી જોઈ. ત્રણચાર વાઘરી તો ચાર દિવસથી પરગામ હતા. હાજર હતા એટલામાં હાજરી નહિ પુરાએલી એવો લલવો ને એની બૈરી હીરા હતાં; પણ એ તો આગલી રાત્રે જ હીરાએ નોંધાવેલું કે લલવાને શરીરે શીતળાનાં એંધાણ વર્તાય છે એટલે માતાજીનું ફૂડું ન પડે એટલા માટે બળિયા બાપજીને પગે લગાડતાં સુધી બહાર નીકળાશે નહિ.

વાત પણ ખોટી ન હતી. ગામમાં છેલ્લા આઠ દિવસથી શીતળાના વાવર ચાલતા હતા. ચોરાપત્રકમાં એ આઠ દિવસમાં ચાર છોકરાં ને બે મોટેરાં શીતળામાં ખલાસ થઈ ગયાનું પણ નોંધાયું હતું; છતાં ય ખાતરી કરી લેવી સારી, એમ માની મુખી સવારે તો લલવાને ઘેર પહોંચી ગયા હતા. માટીના કૂબામાં છેક અંદરની બાજુએ અંધારામાં ફાટેલી ધાગડી પર લલવો સૂતોસૂતો ઉંહકારા કરતો હતો. બાજુમાં હીરા બેઠીબેઠી પૂઠા વડે પંખો નાખતી હતી. પગથી ગળા સુધી એણે મેલી ધોતી ઓઢી હતી, પણ જમણો હાથ કોણી સુધીનો બહાર દેખાતો હતો. એ ખુલ્લા દેખાતા હાથ પર કૂબાના ઝાંખા પ્રકાશમાં મુખીએ ઉપસી આવેલા તગતગતા દાણા જોયા અને લલવો તો સાચોસાચ શીતળાના રોગથી પીડાતો હતો એની ખાતરી કરી ચાલ્યા ગયા.

ખાપરિયો ચાર દિવસથી ગામમાં જ નહોતો, અને ખાસ લગ્નના પ્રસંગે ઘર વાસીને બહારગામ ગયો હતો.

બાબર ગામમાં જ હતો. રાતમાં બે વાર ચોરે જઇ હાજરી પુરાવી આવેલો અને બાકીની રાત પોતાની નજર સામે જ ખેતરમાં જારના પૂળાનું રખવાળું કરતો રહ્યો હતો એવી સાક્ષી ખુદ મુખીના જ ભાયાત અને નગરશેઠની હવેલીની સાખમાં રહેતા બેત્રણ પટેલોએ આપી હતી.

તો પછી નગરશેઠની હવેલીમાં પેસવાની બીજા કોની હિંમત? ખાપરા, બાબરા ને લલવાની ધાકથી બીજા કોઈ ગામનું કોઈ આ ગામમાં પેસીને લૂંટ કરે એ વાતમાં માલ જ નહોતો. એમ થાય તો આ ત્રિપુટી ચોરી કરનારને જીવતો જ ન રાખે એમાં શંકા ન હતી.

ફરીથી એક વાર બધા વાઘરીને નગરશેઠની હવેલીએ ભેગા કરવામાં આવ્યા, અને છોકરીએ એક પછી એક સૌનાં મોં જોયાં પણ એમાંથી કોઇને ય રાતવાળા ચોર તરીકે એ ઓળખી શકી નહિ. ખાપરિયો તો હજુ ગામમાં આવ્યો જ ન હતો. બાબરાને માથે ત્રણ પટેલિયા હતા એટલે એ તો હતો જ નહિ. ત્યારે બાકી રહ્યો લલવો. મુખી નગરશેઠને સાથે લઈ ફરી લલવાની ઝૂંપડીએ ગયા. લલવો કણસતો હતો અને હીરા પાસે બેસીને રડતી હતી. મુખીએ જઇને લલવાએ ઓઢેલી ચાદર ખસેડી નાખી.

લલવો ઉઘાડે ડીલે એક ટૂંકી પછેડી પહેરીને પડ્યો હતો. અને એને આખે શરીરે નાનામોટા દાણા છવાઇ ગયા હતા. ચેપ લાગવા-ની બીકે મુખીએ હાથમાં ઝાલેલું ઓઢણ પાછું નાખી દીધું.

'શું છે, મુખીકાકા?' માંડમાંડ કણસતો લલવો બોલ્યો.

'ભારે થઇ લલવા. નગરશેઠની છોડી મધરાતે લૂંટાઇ. બે હજારની મતા આંખને અણસારે બદમાશ લઈ ગયો. આવી હિંમત, લલવા, તમારી ત્રિપુટી વના કોઇની ના હોય; પણ... હાળું તું અહીં માતા-જીના વાવરમાં ઝલાયો, ખાપરિયો લગન ટાણે ચાર દનથી પરગામ છે અને બાબરો તો આપણા રાઈજી મોટા સાથે ખેતરમાં આખી રાત જાળના પૂરાની ચોકીએ હતો.' મુખીએ કહ્યું. આવા ખબર સાંભળી અચરજ પામતો લલવો પીડાતે અવાજે બોલ્યો. 'એમ? આવું બની ગયું? અમારી ત્રણેની ગેરહાજરીમા? આવો માથાભારે કોણ નીકળ્યો?'

'એ જ તો હું શોધી રહ્યો છું. આ ગામ નહિ અને બીજા ગામનો, પણ લલવા, સાત દહાડામાં બદમાશનો પત્તો આ વખતે ન મેળવું તો મુખીપણું છોડીને ઘેર બેસું! મારી હાળી આ તો ધૂળ પડે છે મારા ધોળામાં.' આ ખબરથી ચિંતામાં પડેલો હોય એમ લલવો કાંઇ બોલી શક્યો નહિ.

મુખીએ આજુબાજુનાં ગામોમાં તપાસ શરૂ કરી. પોલીસને રિપોર્ટ કર્યો. ગામેગામના શકમંદોનાં ઘરોની જડતીઓ લેવાઈ; પણ ન તો મુદ્દામાલ હાથમાં આવ્યો, ન તો ચોર.

ત્રણ દિવસની રઝળપાટ પછી એક રાત્રે થાકીને, કંટાળીને લોથ જેવા બની મુખી ઘેર આવીને બેઠા હતા. ચોર પકડાવાની આશા હવે એમને રહી ન હતી, અને પોતે જુસ્સામાં ને જુસ્સામાં ચોર ન પકડાય તો મુખીપણું છોડી દેવાનું નીમ લઈ બેઠેલા તે હવે અકારું લાગવા માંડ્યું હતું. એવામાં રવજી લવાણો ધ્રૂજતો ધ્રૂજતો મુખીની પાસે આવીને હાથ જોડી ઊભો. આ રવજી વર્ષોથી આથમણી ભાગોળે હાટડી માંડીને બેઠેલો. મીઠું મસાલો, તેલ ગોળ ઘી ને કરિયાણું વેચી ખાતો અને બાર મહિને માંડ રોટલા જેટલું કમાઈ લેતો.

'શું છે, રવજી શેઠ?' મુખીએ પૂછ્યું.

'મુખી મોટા, મારો વાળ વાંકો ન થાય એવી તકેદારી રાખો તો એક ખાનગી વાત કહું.' સડાક કરતા ને મુખી ઊભા થઇ ગયા. એમને મન રવજી ચોરીનો ભેદ જ લાવ્યો છે એવું લાગ્યું.

'મોટા, પણ ભઇશાબ, જો બા'ર જણાશે કે આ વાત રવજીએ કરી તો મારા તો રઇરઇ જેવડા કટકા કરી નાખશે.'

'રવજી, તારું નામ બહાર ન પડે એનું જોખમ મારે માથે. તું તારે બેફિકર રહીને જે વાત લાવ્યો હોય તે કહે.' લવાણો આવતાં તો મુખી પાસે આવી ગયો, પણ હવે પોતે જે જાણતો હતો એ કહેતાં એના મોતિયા મરી જવા માંડ્યા. પોતે અત્યારે તો કહી દે, અને પાછળથી ન કરે નારાયણ ને વાત બહાર પડી જાય તો પોતે તો જરૂર ઝાટકે મરાય; એટલે હવે તેણે ગલ્લાંતલ્લાં કરવા માંડ્યાં.

મુખીને લાગ્યું કે રવજી જરૂર કંઈક ભેદ જાણે છે પણ ડરનો માર્યો છુપાવે છે, એટલે એમણે વધુ રેચ આપ્યો: 'જો રવજી, તું કંઈક જાણે છે એ તો તેં મારી પાસે કબૂલ્યું છે. હવે મને નહિ કહે તો આવતી કાલે કોરટકચેરીએ કહેવું પડશે. પોલીસનાં ખોટાં લફરાં થશે, તારે ધરમ-ધક્કા પડશે ને ઊંડા પાણીમાં ઊતરવું પડશે. એના કરતાં જે હોય તે મને જ કહે, એટલે તું તારે વાત કહ્યા પછી છૂટો.'

'પણ જોજો ભૈશાબ, આ ગરીબ લવાણાનું નામ બહાર ન પડે; નહિ તો મારાં બૈરી-છોકરાં રઝળી પડશે, માબાપ.'

'હવે પારાયણ કર્યા વગર તું તારે બેફિકર થઇને કહેને એટલે વાતનો નિકાલ આવે!'

રવજીએ આજુબાજુ એક નજર નાખી લીધી અને પછી મુખીના છેક કાન પાસે મોં લઈ જઇને કહ્યું, 'મોટા, ...પણ જો જો ભઈશાબ...'

'હત્ત તારીના બકાલા...' મુખીને હવે ગુસ્સો ચડ્યો.

'મોટા... શુક્રરવારની રાતે ચોરી થઇને?'

'હા, પણ તેનું કેમ?'

'તે દંન જ લલવાની બૈરી મારી પાસેથી બશેર તેલ લઈ ગએલી, તાજું મગફળીનું તેલ.' 'કેટલા વાગે આવી હતી?'

'સમી સાંજના ભઈશાબ. આ વાઘરાં આના બે આનાનું, પરી બે પરીથી વધારે તેલ લે નહિ; અને તે દહાડે એ સામટું બશેર તેલ લઈ ગઈ.'

'હં પછી.' મુખીએ ઉત્સુક્તાથી પૂછ્યું.

'મેં પૂછ્યું કેમ હીરા, સામટું આવડું બધું તેલ?' ઝટ દઇને એણે મારું મોં તોડી લેતાં જવાબ આપ્યો, 'તમ તમારે આપોને, રોકડા પૈસા આપું છું ને?' પણ ફરી પાછી તરત નરમ પડી બોલી 'એ તો કાકા, કાલ મારે ત્યાં આઠદસ મહેમાન આવવાના છે.' પછી મને પડ્યો વહેમ. માનો ન માનો પણ દાળમાં કંઈક કાળું ખરું.'

'પણ આ ચોરીને અને એને શો સંબંધ?' મુખીને ગમ પડતી નહોતી.

'કેમ? લલવાને શીતળા માતા પધાર્યા છે ને?' રવજીએ કહ્યું.

એ સાંભળતાં લાગલા જ મુખી છલંગ મારીને કૂદ્યા!

અરધા કલાકમાં તો લલવાને ત્યાં પોલીસપાર્ટી સાથે મુખી અને ગામના સરકારી દાક્તર બધો રસાલો આવી પહોંચ્યો. લલવાને ફધાડો કરી મુખીએ કહ્યું, 'દાક્તર, તપાસો જોઇએ. લલવાને શીતળા માતા પધાર્યા છે કે બીજું કંઇક.'

ડૉક્ટરે ઝીણવટથી શરીર પર ઊઠી આવેલા દાણા જોયા. પછી એક દાણો ફોડી અંદરની રસી ચકાસી જોઇને કહ્યું કે આ શીતળા નથી, પણ દાઝવાથી થએલા ફોલ્લા હોય એવું કંઈક છે.

ધડ કરીને મુખીએ તુરત પૂછી નાખ્યું, 'દાક્તર સાહેબ, શરીર પર ગરમ કકડાવેલું તેલ છંટાયું હોય તો આવા ફોલ્લા ઊઠે ખરા?'

'જરૂર આવા જ ફોલ્લા ઊઠે.' ડૉક્ટરે અભિપ્રાય આપ્યો.

'તો જમાદાર, કરો લલવાને હાથકડી! નગરશેઠની હવેલીએ ચોરી કરીને પરભાર્યા ઘેર આવી લલવાએ કઢાઇમાં તેલ ઊકળવા મૂકેલું અને પછી સાવરણી બોળીને ઉઘાડા ડીલે એની બૈરી પાસે છંટાવેલું, જેથી આવા ફોલ્લા ઊઠી આવતાં શીતળા માતાનું બહાનું પુરવાર કરી શકાય!'

'પણ મુખી મોટા, આગલે દિવસે તમે એને જોવા ગયા ત્યારે પણ એને તો આ ફોલ્લા હતા એમ તમે નહોતું કીધું?' જમાદારે પૂછ્યું.

'બરાબર છે; પણ હું જોવા ગયો ત્યારે મેં ફક્ત એનો ઓઢેલી ધોતીમાંથી બહાર દેખાતો એક હાથ જ જોએલો. સંભવ છે કે એ લલ-વાની ચોરી કરવાની પૂર્વતૈયારી હોય, અને પુરાવો ન મળે એ માટે એણે આગલે દિવસે ફક્ત એક હાથ પર જ તેલ છાંટીને આવા ફોલ્લા ઊભા કર્યા હોય. એ બનાવટી કણસતો હતો એટલે મેં એનો એક હાથ જોઇને જ માની લીધેલું કે શીતળા જ હશે. અને પાછા ગામમાં વાવર તો હતા જ. લલવાએ એનો લાભ ઉઠાવીને આ ગોઠવેલું!'

'પણ મુખી મોટા, તેલ કકડાવીને સાવરણી વડે શરીર પર છંટા-વવું એ તો ગજબ કહેવાય.' સરકારી દાક્તરે અચંબો વ્યક્ત કર્યો.

'અરે સાહેબ, તમે શું ધારો છો આ જાતને માટે? હાળી ચામડી ઊતરડી લો પણ મગનું નામ મરી ના પાડે.'

અને પછી તો પોલીસે જડતી લેતાં લલવાની પથારી નીચેથી જ ભોંયમાં દાટેલી વીંટી અને હાર મળી આવ્યાં. વળી એક વાસણમાંથી કકડાવેલું તેલ પણ મળી આવ્યું અને છાપરાની પછીતેથી જૂની ભંગાર કઢાઈ અને છાપરાને નેવે ફેંકી દીધેલી તેલવાળી સાવરણી પણ મળી આવી.

પુરાવાનાં અભાવે નિશ્ચિત પડી રહેલા લલવા સામે આથી વિશેષ પુરાવા બીજા કયા મળી શકે?

પૃથ્વીના અંધારા પેટાળમાં પાકતા વજ્રાંગી પ્રકાશ-કણ

હીરા

અને તેને કાપવા તથા પહેલ પાડવાનો ઉદ્યોગ

લેખક

મહેન્દ્રકુમાર મહેતા

ભૂમિમાતા 'બહુરત્ના વસુંધરા' કહેવાય છે. એના પેટાળમાં કેટલાં યે બહુમૂલ્ય અને કીમતી રત્નો છુપાએલાં છે. ટકાઉ-પણું, અછત અને સૌન્દર્યના લીધે જ આ પથ્થરો 'કીમતી' કહેવાય છે. એવા કીમતી પથ્થરોમાં હીરાનું સ્થાન અગ્રિમ છે.

હીરાની તવારીખ ભારતમાંથી જ શરૂ થાય છે. હજી બે શતાબ્દી પહેલાં આ દુર્લભ ખજાનાનું એકમાત્ર પ્રભવસ્થાન હિંદ જ હતું. 'કોહિ-નૂર', 'હોપ', 'ઑર્લોફ' અને બીજા અનેક પ્રખ્યાત હીરા આપણી ગોવળ-કોંડાની જ સમૃદ્ધ ખાણમાંથી મળી આવ્યા હતા. હીરાના વેપારીઓ આજે પણ ગોવળકોંડાની ખાણમાંથી મળી આવતા ગણ્યાગાંઠ્યા હીરા-ને અત્યંત મૂલ્યવાન ગણે છે. ઈ. ૧૭૨૫માં બ્રાઝિલની ખાણો ખોદાઇ અને ઈ. સ. ૧૮૬૭માં આફ્રિકામાં હીરાની શોધ થઈ ત્યારથી એ બન્ને દેશના ઉત્પાદને ભારતના હીરાનો ઇજારો ખતમ કર્યો. જોકે એ ઉપરાંત ભારતમાં વિંધ્યપ્રદેશની પન્નાની ખાણોમાંથી પણ હીરા નીકળે છે. પરંતુ દુનિયાભરના ઉત્પાદનને મુકાબલે તે અલ્પ ગણાય.

એ તો જાણીતી વાત છે કે ધરતીના પેટાળમાં સેંકડો નહિ બલ્કે હજારો ફૂટ ઊંડે ગયા બાદ જ આ બહુમૂલ્ય રત્ન મળી શકે છે. એ ખરેખર જ એક મહાભારત કાર્ય છે. માટીના ૩,૫૦,૦૦,૦૦૦ (સાડા ત્રણ કરોડ) ભાગમાં માંડ એક ભાગ હીરા હોય છે, ને એ એક ભાગ શોધવો એ સહેલ વાત નથી. ખાણની અંદર સુરંગ મૂકીને નીલરંગી જમીનના એ અતાગ ઊંડાણને ફોડીને પહેલાં તો હીરામિશ્રિત ઢેફાંને ધરતી ઉપર આણવામાં આવે છે. ત્યાર પછી ગંજાવર કાચની ઘંટીઓમાં એ ઢેફાં ખંડાયા બાદ તે સફાઇયંત્ર(washing plants)માંથી પસાર થાય છે. ત્યાં તેમાંની માટી બધી ધોવાઇને અલગ પડી જાય છે, અને વજનદાર ખનિજો તથા હીરા તળિયે બેસીને છૂટા પડે છે. પછી આ માટીરહિત મિશ્રણને ગ્રીઝથી આચ્છાદિત મોટાં ટેબલો ઉપરથી પસાર કરતાં, હીરા છૂટા પડે છે કેમકે ગ્રીઝને હીરાનું વિશિષ્ટ આકર્ષણ હોય છે!



દેશી ઢબે ભોંયે બેસીને હીરા ઘસવાની થતી ક્રિયા

નિસર્ગના ગર્ભમાંથી મળી આવતા આ હીરાનું કહો કે કોઈ પણ અઘડ હીરાનું સ્વરૂપ અષ્ટકોણવાળું હોય છે;—તેને આઠ બાજુ હોય છે, અને દરેક બાજુ બીજી બે બાજુઓ સાથે મળીને સમબાહુ ત્રિકોણા-કાર બનાવે છે. પણ કુદરતમાં નિયમો કરતાં અપવાદ વિશેષ હોય છે. હીરામાં આપણને ત્રિકોણ અને ઘનાકાર વધારે મળી આવે છે. પણ સ્ફટિકશાસ્ત્ર(Crystallography)ના નિયમ પ્રમાણે તો દરેક કોરા હીરાનું સ્વરૂપ ઘનાકારના નિયમોને અનુસરીને હોય છે. વળી જુદીજુદી ખાણોમાંથી જુદીજુદી ત્વચાના હીરા પણ મળી આવે છે. તે પારદર્શક, અપારદર્શક કે ઝાંખા હોય છે. કોરા હીરાઓનો રંગ પણ કેટલીક વાર દગો દે છે. ઘેરો પીળો દેખાતો કોરો હીરો ઘસવાથી ક્વચિત અત્યંત સફેદ બની જાય છે; કોઈક લીલો જણાતો કોરો હીરો ઘસાવ્યા બાદ ક્યારેક આસ્માની થઈ જાય છે!

સામાન્ય માનવીને તો કોરો હીરો કાચના ટુકડા કે કાંકરા જેવો જ લાગે. ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ એનું બંધારણ સંપૂર્ણ 'સ્ફટિક' છે, અને રસાયણશાસ્ત્ર પ્રમાણે તે કોલસા કે ગ્રેફાઈટ જેવો 'કાર્બન' જ છે; પણ ધ્યાનમાં રાખજો: માનવીની સમસ્ત તવારીખની જાણમાં એ આજે તો 'સખતમાં સખત' પદાર્થ છે. એનાથી બીજું સ્થાન ધરાવતા શનિ કે માણેક કરતાં તો તે ૯૦ ગણો સખત છે! ૩·૫૨ ટકા જેટલા વિશિષ્ટ ઘટત્વ (સ્પેસિફિક ગ્રૅવિટી) અને ૨·૪૨ જેટલા ઊંચા વક્રીભવન અંક (રિફ્રૅક્ટિવ ઈન્ડેક્સ)ને લીધે એ ઝળહળતો બને છે. અઘડ અવસ્થામાં એની સપાટી ખૂબ જ ખરબચડી હોય છે, પણ કુશળ કારીગર જ્યારે એને યોગ્યરીતે પહેલ પાડી ઓપ આપે છે ત્યારે એના અંતર્ગત ગુણો, ચળકાટ અને તેજ દૃષ્ટિગોચર થાય છે. સપ્રમાણ પાસાદાર હીરાનાં



યુરોપી ઢબે લેથ પર હીરા ઘસવાની થતી ક્રિયા

ધખધખતા જ્વાળામુખીના શીતળ-પ્રકાશમાન પ્રપૌત્રો, જેઓ જગતમાં

પૃથ્વીની સપાટી ઉપરના થર બંધાતી વખતે ઝાડોનાં જંગલો દબાઈ જવાથી, અને તે દબાએલી સ્થિતિમાં કરોડો વર્ષો રહેવાથી ઝાડમાંથી ખનિજ કોલસો બને છે. આને વધારે દબાણ અને વધારે સમય મળવાથી અંદરનાં વાયુમય દ્રવ્યો ઊડી જઈ તેમાંથી કાર્બનનું ગ્રેફાઈટ નામનું સ્ફટિકરૂપ પ્રાપ્ત થાય છે. આ ગ્રેફાઈટ પણ બેહદ તાપ અને દબાણની અસરથી રૂપાંતર પામીને શુદ્ધ પારદર્શક સ્ફટિકરૂપમાં હીરો બને છે.

બધાં કીમતી ઝવેરાતોમાં હીરો સૌથી પાણીદાર, સૌ કરતાં કઠણ અને સૌથી વધારે ટકાઉ ચીજ છે. ખરો હીરો મોટે ભાગે રંગ વિનાનો હોય છે, છતાં પીળા કે વાદળી છાયાના પણ સહજ મળી આવે છે.

હીરા મોટે ભાગે પહેલાં હિંદુસ્તાન અને બોર્નિયોમાં નદીના પટમાંથી તથા દક્ષિણ અમેરિકાના બ્રાઝિલ દેશની ખાણોમાંથી મળી આવતા. હજી પણ ત્યાંના મીનાસ ગિરેઇસ નામના ઉચ્ચ પ્રદેશની નદીના પટમાં મરડિયા પથ્થરોમાં ચોંટેલા હીરા મળી આવે છે. પણ આજે તો હીરાની બાબતમાં અગ્રસ્થાન દક્ષિણ આફ્રિકાનું છે.

આજે વૈજ્ઞાનિકો કુદરતી હીરા જેવા જ બનાવટી હીરા ઉત્પન્ન કરવા ખૂબ મથે છે. કાર્બનના ભેગવાળા લોઢાને અતિ હદે ગરમી આપીને ઠંડું પડવા દેવાથી નાનાનાના હીરા બનાવી શકાયા છે.

નદીના પટમાંથી જે હીરા મળી આવે છે, તે તો ઉપરવાસથી પ્રવાહમાં તણાઇને આવેલા તેટલા જ. પરંતુ હીરા મૂળ તો પૃથ્વીના પેટાળમાં બનેલી વિચિત્ર પ્રચંડ નળીઓમાંથી જ મળે છે. એ નળીઓ બીજું કંઈ નહિ પણ નાનાનાના જ્વાળામુખીનાં મોં છે. એ પોલાણ કાળક્રમે હીરાવાળી કોલસાની માટીથી ભરાઇ જાય છે. આ માટી કઠણમાં કઠણ અને વિચિત્ર-વાદળી રંગની હોય છે. તેમાં હીરા ઉપરાંત પણ ઘણી જાતના પથ્થરના રજકણો ને ખડકની કચ્ચરો યે હોય છે. એટલે પહેલી નજરે તો એ ગઠ્ઠા નકામા જ લાગે. આવા મૂલ્ય વગરના, ગઠ્ઠાવાળા ચોંટી રહેલા જથ્થામાંથી કીમતી હીરાને છૂટા પાડવા એ સહેલ વાત નથી. બે ટન વજનના ખડક તોડી છૂટા પાડે ત્યારે સરેરાશ ૧ કૅરેટ (૧૫૧$\frac{1}{2}$ કૅરેટ=૧ ઔંસ) વજનના હીરા તેમાંથી મળે!

દક્ષિણ આફ્રિકામાં તો હીરાની શોધ અજબ રીતે એક અકસ્માતથી જ થઈ. ઑરેન્જ નદીના કિનારા પરના એક ખેડૂતના ઘર આગળ એક ફેરિયો માલની ફેરી કરવા ગયો હતો. ત્યાં તેણે બેત્રણ છોકરાંને પાંચકૂકરી રમતાં જોયાં. તેમાંનો પાંચીકો સૂર્યના તેજમાં તેણે ચળકતો જોયો. એ કઇ જાતનો હશે તે જાણવાના કુતૂહલથી તેણે છોકરાને પટાવીને તે મેળવ્યો અને પછી છોકરાને પૂછતાં તેણે જાણ્યું કે નદીના પટમાંથી તેને એ જડયો હતો. કેટલાક દિવસો પછી જ્યારે તે ફેરિયો કેપ કૉલૉની પાસેના ગ્રૅહામ ટાઉનમાં પાછો ફર્યો ત્યારે તેણે પેલો પાંચીકો એક ડૉક્ટરને બતાવ્યો. ડૉક્ટરે તે જોતાંવેંત આશ્ચર્યથી કહ્યું: 'અરે, આ તો મોટો હીરો છે!' અને પછી તો એની કિંમત ૫૦૦ પાઉંડ ઊપજી! પારીસમાં ૧૮૬૬માં ભરાએલા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં તે હીરો મુકાએલો.


આ કિસ્સાને પરિણામે કેટલાક સાહસિક વેપારીઓ એ પ્રદેશમાં પહોંચ્યા. બે વર્ષ પછી તેથી યે મોટો એક હીરો મળી આવ્યો. તે ૨૫,૦૦૦ પાઉંડે વેચાયો અને દક્ષિણ 'આફ્રિકાનો સિતારો' એ નામથી પ્રખ્યાતિ પામ્યો. પછી તો વેપારીઓએ એ પ્રદેશ પર દરોડો પાડયો અને થોડા જ મહિનામાં એ ભાગમાં ૨૦,૦૦૦ મજૂરો ખોદકામ કરતા થઈ ગયા! પહેલાં તો તેઓ માટે તંબૂ ઊભા કરેલા; પણ પછી ધીમેધીમે ઝૂંપડાં બંધાયાં અને તેમાંથી આજનું કિંબર્લી શહેર વસ્યું.

ઘરેણાં વગેરેમાં બહુમૂલ્ય રત્ન તરીકે હીરાની કિંમત ને ઉપયોગ ઉપરાંત એના સખતપણાને લીધે એ કાપવામાં, પૉલિશ કરવામાં અને કોતરકામમાં વપરાય છે. ઘણાને જાણીને નવાઇ લાગશે કે દુનિયાના હીરાની અરધી નિકાસ તો આવા ઉદ્યોગોમાં જ વપરાય છે; જોકે તે હીરા પણ હલકી જાતના જ હોય છે. ઘડિયાળો અને એવાં ચાલુ ગતિનાં બીજાં અનેક નાજુક યંત્રોમાં ગતિધારક તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખડક કોરનાર સારડીની અણી પર પણ હીરાકણી જ જડેલી હોય છે. પ્લૅટિનમ, સોનું, રૂપું, વગેરે ધાતુઓના તાર ખેંચવામાં પણ હીરો વપરાય છે. ચપટા હીરામાં કાણું પાડીને તેમાંથી આ ધાતુના તારને ખેંચવામાં આવે છે. હીરાના આ જતરડા મજબૂત ગણાય છે અને એમાંથી નીકળેલો તાર એકસરખી જાડાઇનો હોવાની ખાતરી


તેજ ને ચળકાટ એ વૈજ્ઞાનિક પદ્ધતિએ કરેલા લાંબા સમયના પ્રયોગોનું અને અનુભવી પહેલ પાડનારાઓના કસબનું જ પરિણામ છે.

હીરા ઘસવાની એ કળા માટે લાંબા સમયનો અનુભવ, કુશળતા અને સાવચેતીની જરૂર રહે છે. હીરા ઘસવાનું વિજ્ઞાન એટલી વિશાળ અને ઊંડી સમજ માગી લે છે કે માણસની એક પેઢી એ કળા શીખવા માટે પૂરતી નથી. ઘસિયાની સહેજમાત્ર ભૂલ હજારો રૂપિયાના નુકસાનમાં ઉતારી દે; કેમકે હીરાને ઘાટ આપતાં જો નિયત કરેલી ગણતરી મુજબ પ્રમાણ ન જળવાય તો તેનું તેજ ઓછું થઈ જાય છે!


હીરાને પહેલ પાડવાની આ કળા પણ હજારો વર્ષ પહેલાં હિંદમાં જ વિકસી હતી. છેક વૈદિક યુગથી હિંદીઓ હીરાને ઘસવાની કળા જાણતા આવ્યા છે. કોઈ રાજવંશીના પુરાણા ખજાનામાં આજે પણ જૂના યા ખિચલ ઘાટ, વિલંદી (સપાટ) મણિ કે ગોસવાળા આકારના હીરા જોવામાં આવે છે. હિંદમાં પ્રાચીન સમયમાં હીરાના સંઘાડાનો ઉદ્યોગ કેવો ને કેટલો વિકાસ પામ્યો હતો તેનો તાદશ અહેવાલ ફ્રેન્ચ મુસાફર તાવર્નીઅરે આપ્યો છે. સૈકડોનાં સૈકડો વર્ષો સુધી હીરાને કાપવા તથા ઘાટ આપવાના અસંખ્યાત પ્રયોગો અને અનુભવ પછી આપણા કારીગરોએ તેમાં પ્રગતિ સાધી હતી, અને ક્રમશઃ હીરામાં ચળકાટ તેમજ પ્રકાશ લાવવાની કળામાં તેઓ પારંગત થઈ શકયા હતા. બીજા દેશોમાં તો લગભગ છેક ૧૭મી સદીમાં એ કળા પશ્ચિમના મુસાફરો દ્વારા ગઇ હતી. પછી જેમજેમ વિજ્ઞાને સૂક્ષ્મતમ સાધનો અને માપ-યંત્રોની રચનામાં પ્રગતિ સાધી તેમતેમ હીરા ઘસવામાં પ્રમાણ વધતાં તેના અધિકતમ પ્રકાશ અને ચળકાટ લાવી શકાયાં.




કોરા અને પહેલ પાડેલા હીરાના પ્રકાર



છેદ



ગોસવાળા હીરા



હીરાની મણિ

લોભની કઠોરતા, ઐશ્વર્યના ઝળહળાટ ને સૌંદર્યના સર્વોપરિપણાના પ્રતીક છે

રખાય છે. વીજળી અને રેડિયોના પોટામાં વપરાતા બારીક તારો આ રીતે જ તૈયાર કરેલા હોય છે.

આ હીરો તે કાર્બનનું રૂપ છે એમ ચોક્કસ સાબિત કરવાનું માન સર હમ્ફ્રીડેવીને ઘટે છે. ઈ. ૧૮૧૪માં તેણે આ સંબંધી પોતાના અને બીજાઓના પ્રયોગોવિષે રૉયલ સોસાએટીમાં એકનિબંધ વાંચ્યો હતો.

સ્વયંપ્રકાશથી ચમકચમક થતા હીરામાં પ્રકાશનું પ્રત્યાવર્તન કરવાની અદ્ભુત શક્તિ રહેલી છે. તેની કીમત આટલી બધી અંકાવાનું કારણ તેનાં રૂપ ને તેજ ઉપરાંત તેની અછત છે. તેની કિંમતમાં બેહદ ઘટાડો ન થાય એટલા માટે દુનિયાની હીરાની ખાણોના માલિકો દર વર્ષે અમુક સંખ્યા અને વજન કરતાં વધારે કિંમતના હીરા બજારમાં મૂકવા જ નહિ એવો સંપ કરે છે! હીરાના પાસા પાડવાનો ખાસ મોટો ઉદ્યોગ છે, જેનાં કારખાનાં મુખ્યત્વે હૉલંડ, બેલ્જિયમ ને પૅલેસ્ટાઈનમાં આવેલાં છે. હીરા અનેક રંગના—જેવા કે ગુલાબી, વાદળી, સફેદ, લીલા (વનસ્પતિ જેવા), પીળા, તપખીરિયા, કાળા હોય છે, જે અનુક્રમે તેમની કિંમતમાંનો ઘટાડો સૂચવે છે.

હીરાને ગરમ કરવામાં આવે તો તે બળીને ખાખ નહિ પણ વાયુરૂપ થઈ જાય છે! હીરા ઝેરી નથી હોતા. હીરા ચૂસવાથી માણસ મરી જાય એ ભ્રાન્તિ છે. હીરો શરીરમાં જતાં ચામડી કપાઈ જાય છે ને મૃત્યુ થાય છે. સુખસંપત્તિના પ્રતીક તથા શૃંગારના સાધન ઉપરાંત ભાવિની અનિષ્ટતાના નિવારણ તથા વશીકરણ માટે પણ લોકો હીરા વાપરે છે.

હીરાનાં વૈભવ ને ગૌરવનું ગઈ કાલ સુધી ભારત ધામ હતું, એટલું જ નહિ પણ વિશ્વ આખામાં કેન્દ્ર હતું. જૂના જમાનાના બધા જ જાણીતા હીરા ભારતની જ પેદાશ છે. હીરાના અસ્તિત્વની શોધ તથા હીરો હીરાને કાપે એ સત્યની શોધ, બંને શોધ ભારતીયે જ સૌ પ્રથમ કરી. ઈ. ૧૭૨૫માં બ્રઝિલમાં હીરાની ખાણો મળી આવે તે પહેલાં જગતને હીરા પૂરા પાડવાનો ઇજારો એકમાત્ર ભારતનો હતો. આજે ભારતની હીરાની પેદાશ ૬૦ ટકા રત્ન રૂપે અને ૪૦ ટકા વ્યવસાયી ઉપયોગ અર્થે છે, જ્યારે દક્ષિણ આફ્રિકામાં બરાબર આથી ઊલટી સ્થિતિ છે.

ભારતની પન્ના રાજ્યમાંની હીરાની ખાણનો ઉલ્લેખ અકબરના જમાનાથી મળે છે. પછી આ ખાણો વણવપરાએલી પડી રહી. આખરે બુંદેલખંડના શાસક રાજા સભાસિંહના અમલ દરમ્યાન ઈ. ૧૭૪૨માં પ્રેમનાથ નામના એક સાધુ દ્વારા તે ફરી ઊઘડી. આજે ત્યાંના હીરાની વાર્ષિક પેદાશ ૪ થી ૫ લાખની અડસટ્ટવામાં આવે છે.


ગોવળકોંડાની હીરાની ખાણો ઘણી જાણીતી છે, ને તે પન્નાની ખાણ કરતાં યે તે વધુ સમૃદ્ધ છે. પણ હાલ તે બંધ પડી છે. અત્યારે તો માત્ર પન્નાની ખાણોમાંથી હીરા કાઢવાનો વ્યવસાય મર્યાદિત સ્વરૂપમાં ચાલે છે. ભારતની રત્નસમૃદ્ધિની વિશ્વના બજારોમાં બોલબાલા થઈ રહે એવી આગવી આશા આપતી આ ખાણોની વૈજ્ઞાનિક શોધતપાસ પછીના અહેવાલો હમણાંહમણાં બહાર પડ્યા છે. ભારતે ખાસ આમંત્રેલા રશિયન નિષ્ણાતોની તપાસ મુજબ આ ખાણોનું પૂરતા પ્રમાણમાં યંત્રીકરણ થતાં ૧૮૯૫ કૅરેટનું દૈનિક ઉત્પાદન આપવાની તેની ક્ષમતા છે. ૬ કરોડ ટનની અહીંની હીરાની કાચી ધાતુમાં ૪૦ લાખ કૅરેટનું ૯૦ કરોડ રૂપિયાથી વધુ કિંમતનું હીરા-દ્રવ્ય છે. પ્રતિવર્ષ ૧૨ કરોડ રૂપિયાની પેદાવાર સાથે ૭૦ થી ૧૦૦ વરસ સુધી તો તેની ભૂગર્ભસમૃદ્ધિ કાઢી નહિ ખૂટે. ઈ. ૧૯૫૬ના જાન્યુઆરીમાં ભારત સરકારે આ મહત્વના ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ પણ કરી નાખ્યું છે.

આજ વિશ્વના અગ્રણી ભારતીય પ્રકાશવિજ્ઞાની સર સી. વી. રામનનો રત્નશાસ્ત્રમાં વિદ્યાવ્યાસંગ પ્રમાણભૂત મનાય છે. તેમણે એક વ્યાખ્યાનમાં જણાવેલું કે અલ્ટ્રાવાયોલેટ પ્રકાશકિરણની વ્યવસ્થાવાળા અંધારા ખંડમાં જેની મદદથી હાથમાંનું છાપું વાંચી શકાય એવો એક હીરો પોતાના સંગ્રહમાં છે. હીરાના મંડનાત્મક કરતાં ખંડનાત્મક (બૉંબ વગેરેની બનાવટનાં) કાર્યોમાં ગંજાવર પાયા પર થતા ઉપયોગના આંકડા પરથી વર્ષો પહેલાં તેમણે એક વિલક્ષણ સત્ય ઉચ્ચાર્યું હતું કે, હીરાનો જો આવો ઉપયોગ થતો અટકે તો સાધારણ સ્થિતિનો માણસ પણ તેને પોતાનાં પગરખાંમાં જડાવી શકે, એટલા એ સસ્તા બને!


હીરાના આધુનિક વિજ્ઞાનના ઉત્તરોત્તર વિકાસ સાથે 'કુમાર'નો પણ તેને સારસંગ્રાહી રૂપે ઝીલવાનો પ્રયત્ન 'કુમાર'ના સળંગ ૯૭મા, પછી ૩૦૨–૩મા (અને છેલ્લે પ્રસ્તુત) અંકમાં થયો છે.

જગત પ્રગતિ સાધતું જાય છે: લોહયુગથી અણુયુગ સુધી તે ચાલ્યું છે. છતાં યે હીરો ઘસવાની પદ્ધતિમાં ભાગ્યે જ કંઈ ફેર પડ્યો છે. હિંદી કારીગરો આજે પણ પોતાની પરંપરાગત જૂની પણ ઠીકઠીક ચોકસાઈવાળી પદ્ધતિને અનુસરે છે ને એ જ જાતનાં જૂનાં સાધનો વાપરે છે. હિંદી કારીગર અને પશ્ચિમના કારીગરની ઘાટની બાહ્ય પદ્ધતિ સિવાય એનાં સિદ્ધાન્ત અને સાધનોમાં જરા ય ભેદ દેખાતો નથી. ભેદ છે માત્ર બેસવાની ગોઠવણ અને પદ્ધતિ વિષેનો. પશ્ચિમના કારીગરો ટેબલ પર કામ કરે છે, જ્યારે ભારતીય કારીગરો ભોંયે બેસીને કામ કરે છે. ઘાટની પદ્ધતિ અને સિદ્ધાન્ત તો સરખાં જ છે. હિંદીઓએ જ પ્રથમ શોધ કરી કે હીરો હીરાને કાપે છે—વજ્ર વજ્રને કાપે છે. હીરો અત્યંત સખત પદાર્થ હોવાથી માત્ર બીજો હીરો તેને ઘસી શકે છે. સૂરત અને નવસારીના પટેલો હીરા પૉલિશ કરવાની કળામાં પારંગત છે. પેઢીગત ઊતરી આવેલો એમનો એ અમૂલ્ય વારસો છે અને એના અનેક કારીગરો મુંબાઈમાં આવી વસ્યા છે. આજે લગભગ દોઢ હજાર જેટલા લોકો એ કલામાં પારંગત છે, પણ ૮૦૦-૯૦૦ જેટલા જ સક્રિય ભાગ લઈ રહ્યા છે. નવસારી અને સૂરતમાં એ ગ્રામોદ્યોગ તરીકે વિકસ્યો છે, જ્યારે મુંબાઇમાં આધુનિક સાધનોનાં કારખાનાં દ્વારા આ ઉદ્યોગ પ્રગતિ સાધે છે.


કોરો હીરો અમૂલ્ય રત્ન બનતાં પહેલાં કેટલા યે તબક્કાઓમાંથી પસાર થાય છે. સૌ પહેલાં તો, હીરાનિષ્ણાત કોરા હીરાની પરીક્ષા કરે છે. પછી એને કાપવા અથવા તોડવા માટે એનું પડ શોધવા માટે નિશાન કરે છે. પડ શોધવાનું આ કાર્ય અત્યંત મુશ્કેલ છે અને એ બહોળા



કોરો હીરો; કાપેલાં ફાડચાં; ઘાટ કરેલો હીરો; તૈયાર ગોળ હીરો; ૫૮ પહેલ.




ગોળ માર્કવિસ બગેટ=ચોકી એમેરલ્ડ કટ ત્રિકોણ



વહેરવાની–કાપવાની ક્રિયા દરમ્યાન તપાસાતો હીરો

અનુભવ તથા વિશિષ્ટ ચાતુર્યથી જ થઇ શકે છે. વળી હાથથી જ હીરાને તોડવો એ પણ અત્યંત કુનેહની વિદ્યા છે. અને એ એટલી અટપટી છે કે એનો વિગતવાર વિચાર કરવા માટે એક જુદો જ લેખ જોઇએ. કુશળ કારીગરે પડ શોધીને તેને કાપવાનું નિશાન કરેલો હીરો ત્યાર બાદ હીરા કાપવાના યંત્ર(sawing machine)માં મૂકવામાં આવે છે, અને યંત્ર ચાલુ કર્યાં પછી કંઈ કેટલા યે કલાકો બાદ એ યંત્રની ધરી હીરાને બરોબર તેના પડમાંથી જ કાપીને બે ટુકડા કરે છે. પડ ઉપર જો બરાબર નિશાન ન થયું હોય (કે એ બરોબર ન શોધાયું હોય) તો હીરાને વર્ષો સુધી એમ કાપવાની મથામણ કરવા છતાં એના પર યંત્ર એક લસરકો સરખો પણ પાડી શકતું નથી!

પછી હીરાને તેજસ્વી બનાવવા માટે બે કપાએલા ટુકડા(ફાડચાં)ને પહેલાં તો 'લેથ' ઉપર ગોળાકાર આપવામાં આવે છે. ગોળવટ આપવાના હીરાને અત્યંત ત્વરિત ગતિએ ફરતી લેથ પર ફેરવવામાં આવે છે. એમાં કારીગર બીજો હીરો પકડેલા એક લાંબા સળિયાની મદદથી આ ગોળવટ આપે છે. આ ક્રિયામાં હીરાની જે રજકણો પડે છે તેનો ઉપયોગ પૉલિશ કરવાનાં બીજાં અનેક કાર્યોમાં વપરાય છે. હિંદી કારીગરો પણ આ જ સિદ્ધાંત ઉપર કાર્ય કરે છે, પણ તે હાથનાં જ ઓજારો વડે, સંચા વડે નહિ. આ રીતે ઘાટ પામેલો હીરો, કાચી અવસ્થામાંથી પૉલિશ કરવાની સ્થિતિ પર પહોંચે છે. અહીં જ એના પર પહેલ પાડવામાં આવે છે. અત્યંત ઝીણવટપૂર્વક, પૂરી સપ્રમાણતા જાળવીને અને હીરાનું વધુમાં વધુ તેજ કેમ મેળવાય એ લક્ષમાં રાખીને એના પર નાના-નાના ૫૮ પહેલ પાડવામાં આવે છે. ઑલિવ તેલ અને હીરાની રજ મેળવેલા લાદીવાળા ગોળ ઘૂમતા એક ચક્ર ઉપર 'ડોપ'માં પકડેલા હીરાને ધરી રાખવામાં આવે છે. કેટલા યે કલાક, દિવસો, બલ્કે મહિનાના અવિરત બુદ્ધિપૂર્વકના પરિશ્રમના પરિણામે જ હીરો ચમકતું રત્ન બની રહે છે. આ રીતે કોરા હીરામાંથી વજન બચાવીને તથા ઘાટ અને ચમક સાચવીને તેમાંથી માર્ક્વિસ, ચોરસ, ત્રિકોણ કે પાન આકારના હીરા બને છે.



સર્વોત્તમ હીરાના કટમાં આ મુજબ પ્રમાણ જળવાવું જોઇએ.

જે હીરામાં સંપૂર્ણ સપ્રમાણતા સચવાઇ હોય તે હીરો સરસરીતે કપાયો કહી શકાય. હીરાના આવા ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર બેલ્જિયમ છે. ભૂતકાળમાં હિંદ હીરાની મોટા ભાગની આયાત બેલ્જિયમમાંથી કરતું એટલે સામાન્ય માનવીઓ તેમજ કેટલાક વેપારીઓમાં એવી ખોટી માન્યતા બંધાઈ ગઈ છે કે બેલ્જિયમના હીરાનો 'કટ' સર્વોત્તમ હોય છે. આ માન્યતા બિનપાયાદાર છે. એ એક ગૌરવની વાત છે કે હીરાનો ઘાટ બનાવવામાં આપણા ભારતીય કારીગરો જ કુશળ છે. પશ્ચિમમાં પણ ભારતીય 'કટ'ના હીરા આવકારપાત્ર ગણાય છે.

હીરાનો વેપાર આજે એક જ કંપનીના હાથમાં એકહથ્થુ છે. દક્ષિણ આફ્રિકાની ખાણો પરના એના ઇજારાને કારણે 'ડાયમંડ ટ્રેડિંગ કંપની' ભાવની સમતુલા જાળવી રહી છે. લંડન એ જ એક એવું કેન્દ્ર છે કે જ્યાં દુનિયાના બધા જ દેશોમાંથી લોકો કોરા હીરા ખરીદવા આવે છે. બેલ્જિયમ ને હૉલૅંડ એ હીરા ઘસવાનાં મોટાં કેન્દ્રો છે. એ બંને દેશ પણ લંડનમાંથી જ કોરા હીરા ખરીદે છે. અમેરિકા, ઈઝરાઈલ અને યુ. કે (ઇંગ્લંડ વગેરે)માં પણ હીરાનો ઉદ્યોગ વિકાસ પામ્યો છે.

માનવીના પ્રારબ્ધને ઘડનાર પથ્થર તે હીરો. પ્રાચીન કાળમાં તો અનેક યુદ્ધોનું નિમિત્ત પણ હીરો જ બન્યો હતો, અને પરિણામે કંઈ કેટલા યે રાજામહારાજા તેમજ રાજ્યોની ચડતીપડતીનું તે સીમાચિહ્ન બન્યો હતો. આજે તેનું એ સ્થાન બદલાઇને તે માત્ર ચમકતા 'રત્ન' તરીકે જ નહિ પરંતુ તે ઉપરાંત ઉદ્યોગમાં પણ એક મહત્ત્વના અંગ તરીકે બિનહરીફ સ્થાને બિરાજે છે. હીરો અત્યંત સખત પદાર્થ હોવાથી આધુનિક યંત્રોમાં તેનો ઉપયોગ બહોળે હાથે થાય છે. વિમાન, રાડર અને સબમરીન જેવી આધુનિક શોધો હીરા વિના પરિપૂર્ણ થઈ શકી હોત કે કેમ એ સવાલ છે. મુદ્રિકામાં કે યંત્રના અગત્યના સ્થાને હીરો રત્નના રાજા તરીકે રહ્યો છે અને ભવિષ્યમાં રહેશે.

(લેખકના મૂળ અંગ્રેજી ઉપરથી અનુવાદક
કુ. અનસૂયા મહેતા, એમ. એ, બી. ટી; તથા શ્રી કા. છો. મહેતા)

એલીન વૅગ્નર ફાઉન્ડેશન ફેલોશિપ

સ્વીડનના 'એલીન વૅગ્નર ફાઉન્ડેશન' તરફથી અનુસ્નાતક-સંશોધન કાર્ય માટે ૧૦ હજાર સ્વીડિશ ક્રાઉન્સની એક પોસ્ટ ગ્રૅડ્યુએટ રીસર્ચ ફેલોશિપ જાહેર થઈ છે. બે ફેલોશિપમાં વહેંચી નાખવામાં આવેલી આ ફેલોશિપ માટે બધા દેશોના નાગરિકો ઉમેદવારી કરી શકે છે.

આ ફેલોશિપનો ઉદ્દેશ એ છે, કે છેક પ્રાચીન માતૃસત્તાક સંસ્કૃતિઓના સમયથી માંડીને સ્ત્રીઓએ વખતોવખત ભજવેલા ભાગ સંબંધી વૈજ્ઞાનિક સંશોધનને વેગ આપવો, તથા ત્યાર બાદ આપણા વખતમાં સ્ત્રીઓની અસર અને દરજ્જામાં થએલા ફેરફાર સંબંધમાં અન્વેષણ કરાવવું. સંશોધનના ક્ષેત્રમાં માનવપ્રયાસના પ્રાચીન તેમજ અર્વાચીન વિષયો(જેવા કે પ્રાચ્યવિદ્યા–આર્કીઑલૉજી, માનવવંશવિદ્યા–ઍન્થ્રોલૉજી, ઇતિહાસ, સમાજવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ધારાશાસ્ત્ર, માનસશાસ્ત્ર વગેરે)નો સમાવેશ થાય છે. અરજીપત્રક અને વિશેષ માહિતી 'કુરુ-સુન્ડ્ઝગાટન ૯, સ્ટૉકહોમ, સ્વીડન' એ સરનામે વાઈસ ચૅરમન મિસિસ બાર્બો એલ્વિંગને લખવાથી મળી શકશે. અરજીઓ ૩૧મી ડિસેમ્બર ૧૯૫૭ પહેલાં ત્યાં પહોંચવી જોઈએ.

ઍપેન્ડિસાઇટિસ

સામાન્યરીતે રોગોની શરૂઆત બે રીતે થાય છે: કેટલાક કિસ્સામાં શરૂઆતથીજ તાવ, વેદના, કફરસ, શ્વાસલેવાની મુશ્કેલી વગેરે ઉગ્ર ચિહ્નો દેખાતાં હોઈ રોગી તરત જ ઉપચાર તરફ વળે છે; જ્યારે કેટલીક વાર શરૂઆત મંદ ચિહ્નોથી થાય છે. આથી રોગી બેદરકાર રહે છે, પણ વખત વીતતાં રોગ એવું તો ઉગ્ર સ્વરૂપ પકડે છે કે જીવનું જોખમ ઊભું થાય છે. આ શ્રેણીમાં ક્ષય, કૅન્સર, એક્લેમ્પ્શિયા, ધનુર્વા, ડિફ્થેરિયા, ઍપેન્ડિસાઇટિસ વગેરે રોગોનો સમાવેશ થાય છે.


ઍપેન્ડિસાઇટિસ(Appendicitis) એટલે ઍપેન્ડિક્સનો સોજો. વિલાયતી વૈદકમાં અવયવોના સોજાવાળા રોગોના નામને છેડે 'ટિસ' અક્ષરો આવે છે: ટૉન્સિલાઇટિસ (ગળાના કાકડાનો સોજો), બ્રૉન્કાઈટિસ (શ્વાસનળીનો સોજો), ગૅસ્ટ્રાઇટિસ (હોજરીનો સોજો), એન્ટેરાઇટિસ (આંતરડાંનો સોજો), પાયેલાઇટિસ (ગુરદાનો સોજો) એન્કેફેલાઇટિસ (મગજનો સોજો) ઍપેન્ડિસાઇટિસ (આંત્રપુચ્છનો સોજો).

ઍપેન્ડિક્સનું સ્થાન જમણી કૂખમાં છે. નાનું આંતરડું જમણી કૂખ આગળ પૂરું થાય છે ને ત્યાંથી મોટું આંતરડું શરૂ થાય છે. ત્યાંનો મોટા આંતરડાનો મૂઠી જેટલા કદનો ભાગ બંધ કોથળી જેવો છે. એનું નામ અંધાંત્ર (cœcum સીકમ) આખા આંતરડાંનો આ પહોળામાં પહોળો ભાગ છે. એના નીચલા ભાગમાં પૂછડી જેવા આકારનો માંસપેશીનો ટુકડો જોડાએલો છે. એનું નામ ઍપેન્ડિક્સ–આંત્રપુચ્છ. તે અંદરથી પોલો છે અને તેનો અંદરનો છેડો અંધાંત્રમાં ઊઘડે છે. એની લંબાઈ દોઢથી માંડી અગિયાર ઈંચ જેટલી ને પહોળાઈ અરધા ઈંચની હોય છે, પણ સાધારણરીતે તે ત્રણથી ચાર ઇંચ લાંબું હોય છે.

માનવામાં આવે છે કે આ ઍપેન્ડિક્સ (આંત્રપુચ્છ) માણસની ઉત્ક્રાંતિ દરમિયાન અધોગતિ પામેલો એક નિરુપયોગી અવયવ છે. એની ખાસ કામગીરી સમજાઇ નથી અને તે કઢાવી નખાયા બાદ કોઈ પીડા કે નુકસાન થતું નથી. જ્યારે બીજો મત એવો પણ છે કે તેના સ્રાવથી મોટા આંતરડાની આકુંચન-લહરી ઉત્તેજાય છે; યા તો ગળામાંના ટૉન્સિલની જેમ તે શરીરમાં રક્ષણાત્મક કામ કરતું લાગે છે. એમાં પુષ્કળ પ્રમાણમાં લસી-તંતુઓ છે; અને લસી-તંતુઓનું કામ શરીરમાં ચેપ વ્યાપ્યો હોય ત્યારે લસીપ્રવાહમાંનાં પરાયાં દ્રવ્યો તથા રોગજીવાણુઓનો નાશ કરી લસીને શુદ્ધ રાખવાનું છે. આ દૃષ્ટિએ તે મોટા આંતરડાના દ્વારપાળ જેવું કામ ઉપાડે છે. આમ, એનાં કાર્ય ને ઉપયોગિતા વિષે સમસ્યા રહેલી છે, પણ એટલું તો ચોક્કસ છે કે તે રોગ થવા માટેનો એક વિચિત્ર અવયવ છે!

ઍપેન્ડિક્સનો ચેપ બે રીતે લાગુ પડે છે. એના પોલાણમાં સદા જીવાણુઓ રહે છે. એ હિતકારી પણ હોય, કે ઉપદ્રવી પણ હોય. એમના કાર્યથી જ ઍપેન્ડિક્સમાં સોજો આવ્યા કરે છે. આમ થયા કરવાથી ત્યાં સ્થાનિક રોગક્ષમતા—રોગ સામે ઝઝૂમવાની શક્તિ પેદા થાય છે. તેમ છતાં પણ જો ઍપેન્ડિસાઇટિસનો હુમલો થઈ આવે તો જાણવું કે રોગજીવાણુઓનું જોર વધારે છે અને જીવાણુઓ સામે લડતા ઍપેન્ડિક્સની હાર થાય છે. ઍપેન્ડિક્સનો આ સોજો સ્ટ્રેપ્ટોકોકાઇ, બેસિલસ કોલાઈ અને બીજા રોગજીવાણુઓના લીધે થઈ આવે છે. આ જીવાણુઓ દાંતના રોગો, ટૉન્સિલનો સોજો, મરડો વગેરે રોગોનાં સ્થાનોમાંથી લોહીમાં ભળી ઍપેન્ડિક્સમાં જાય છે. ફળનાં સખત બી, ચણા, વટાણા કે મગફળીનાં આખાં ગળાઈ ગએલાં બીયાં, સૂકાઈ ગએલા મળની કાંકરીઓ, કૃમિ કે દૂથબ્રશના વાળ, વગેરે વસ્તુઓ ઍપેન્ડિક્સમાં આવી ભરાય છે ત્યારે તેની આંતરત્વચા ઉઝરડાય છે. આથી આંતરડામાંથી આવેલા રોગજીવાણુઓને તેની દીવાલમાંત્યાં પ્રવેશવાનો મોકો મળે છે.

ગ્રામવાસીઓ કરતાં શહેરીઓમાં આ રોગોનું પ્રમાણ વધુ હોય



પેટના અવયવોમાં આંત્રપુચ્છ-ઍપેન્ડિક્સનું સ્થાન

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લોકપ્રિય લેખમાળા

માંદગીનાં મૂળ: હપ્તો ૩૩

છે. આનાં કારણોમાં (૧) લાંબા સમયની કબજિયાત (૨) વગર ચાંવ્યે ઉતાવળથી ખોરાક ખાવાની ટેવથી હોજરી અને આંતરડાનો કાયમી સોજો અને (૩) વધારેપડતો માંસાહાર છે. ડચ સર્જન ડૉ. એલ. ડબ્લ્યુ. આવરકર્ક ધારે છે કે ચરબીવાળા ખોરાકથી લોકો ઍપેન્ડિસાઇટિસના વધુ ભોગ બને છે. અમેરિકા ને યુરોપમાં લેવાતો પ્રોટિનથી ભરપૂર અને સમૃદ્ધ ખોરાક ઉત્તમ પોષણ આપનાર તો છે, પણ તે મોટા આંતરડાના હલનચલનને ઉત્તેજના આપવામાં નિષ્ફળ નીવડે છે. રેસાદાર ખોરાક જ આ કામ ઉપાડી શકે છે. આમ, આંતરડાંમાંથી મળ સાફ ન થવાથી એ અંદર ભરાઈ રહેલો મળ પણ ઍપેન્ડિસાઇટિસના એક કારણરૂપ છે. એશિયા અને આફ્રિકામાં અપાચ્ય રેસાદાર ખોરાકના લીધે આંતરડાં ચોખ્ખાં રહેતાં હોવાથી અહીં રોગનું પ્રમાણ ઓછું છે.


સાધારણરીતે દસથી ત્રીસ વર્ષની વય સુધીની વ્યક્તિઓ ઍપેન્ડિસાઇટિસની ભોગ બને છે; જોકે છ મહિનાની વયના બાળકથી માંડી બોંતેર વર્ષના બુઢ્ઢામાં પણ તે થઈ આવ્યાના દાખલા છે; પણ ત્રણ વર્ષની વય પહેલાં તે અસામાન્ય છે, જિંદગીના બીજા દશકામાં અતિસામાન્ય છે, અને પચાસ પછી જવલ્લે જ થાય છે. સ્ત્રીવર્ગ કરતાં પુરુષોમાં તે બમણા પ્રમાણમાં થાય છે અને એક વંશની ઘણી વ્યક્તિઓ એનાથી પીડાતી હોવાનું પણ નોંધવામાં આવ્યું છે.

ઍપેન્ડિસાઇટિસની શરૂઆત પેટમાં કે દૂંટીની આસપાસ વાઢ થતો હોય એવી મંદ કે અસહ્ય ચૂંકથી અને પીડાથી થાય છે,—જે વાઢ થોડા વખતથી માંડી ચોવીસ કલાકમાં પેટના જમણા ખૂણામાં આવી સ્થિર થાય છે. સાથે થોડો તાવ હોય કે ન પણ હોય, પરંતુ ઉબકા-ઊલટી ખસૂસ હોય છે. કવચિત્ ઝાડા પણ થઈ આવે છે કે યા બંધકોષ હોવાનું પણ જોવામાં આવે છે.

ઍપેન્ડિસાઇટિસમાં ઓચિંતો સાજાસમા શરીરમાં ચૂંક ને વેદનાનો હુમલો થાય છે, જે વળી લાંબા કે ટૂંકા ગાળે વારંવાર પણ દેખા દે છે. વચગાળાના વખતમાં કોઈ પણ જાતની પીડા કે શરીર બગડયાની રજમાત્ર નિશાની હોતી નથી. પણ આ રોગની ચૂંકની ખાસ ખાસિયત એ છે કે તે દૂંટીની આસપાસ શરૂ થઈ થોડા વખતમાં પેટના જમણા



૧૯૨૦ પછીનાં વર્ષોમાં કૅન્સસ (અમેરિકા)માં એક યુવાન ચિત્રકારે એક દિવસ કચરાની ટોપલીમાં એક ઉંદર પકડ્યો. તેમાંથી તેને એક કટાક્ષચિત્રનું પાત્ર સૂઝ્યું: મિકી માઉસ. તે નામ એક દિવસ વિશ્વવિખ્યાત બનવાનું હતું.



જીવંત કૉમિક ચિત્રો શરૂ કરનાર એ વૉલ્ટર ડિઝની ઈ.સ.૧૯૦૧માં શિકાગોમાં જન્મેલો. ૧૯૦૬માં તેનું કુટુંબ માર્સેલી રહેવા ગયું. ત્યાં તેણે સૌ પહેલાં રેખાંકનો કર્યાં, ને એક નહિ કલ્પેલી મહાન કારકિર્દીનો આરંભ કર્યો.



વૉલ્ટની નવ વર્ષની વયે તેનું કુટુંબ કૅન્સસમાં જઈ વસ્યું. થોડાં વર્ષ પછી વૉલ્ટ કળા-વર્ગોમાં જવા લાગ્યા. ૧૫ વર્ષની વયે તેમણે સાન્ટા ફે રેલવેમાં છાપાં વેચવા માંડ્યાં; પણ દેશ યુદ્ધે ચડ્યો એટલે એ નોકરી છોડી દીધી.



શસ્ત્રવિરામ થતાં સુધી ફ્રાન્સમાં રેડ ક્રૉસની ઍમ્બ્યુલન્સ હાંકવાની સેવા આપી કૅન્સસ પાછા ફર્યા, ને સિનેમાની જાહેરખબરનું કામ લીધું. ત્યાં જીવંત કટાક્ષચિત્રોનો રસ ખીલ્યો ને ઘરના તબેલામાં સ્વતંત્ર સ્ટૂડિયો બનાવ્યો.



૧૯૨૩માં ૨૦૦ રૂપિયાની મૂડી લઇ તે કૅન્સસ છોડી સિનેમા-નગર હૉલિવૂડ ગયા. સાથે એક પ્રાયોગિક કાર્ટૂનફિલ્મનાં રેખાંકનો હતાં, જેનું નામ હતું 'ઍલિસ ઇન કાર્ટૂનલૅન્ડ'. પોતાના ભાઈ રૉયની સાથે મળી તેમણે કામ શરૂ કર્યું.




પણ તરત સમજાઇ ગયું કે સફળતા સહેલાઇથી મળે એમ નથી. 'ઍલિસ'માંથી નફો મળવા લાગ્યો ત્યાં તો ૧૯૨૬માં એ કાર્ટૂનમાંથી લોકોનો રસ ઊડી જવા લાગ્યો. તેથી બીજાં પાત્રો તરફ નજર વાળી. તેમાંએક હતો મિકી માઉસ.

ખૂણામાં શમે છે. ડૂંટી અને જમણા પેડુ વચ્ચેનો પેટનો વચલો ભાગ કઠણ અને દબાવતાં પીડાવાળો બને છે. આ નિશાની ઍપેન્ડિસાઇટિસના ઓળખાણની ખાસ એંધાણી છે. ઍપેન્ડિક્સનો આ સોજો ઘણુંખરું ઊતરી જાય છે; પણ રોગજીવાણુઓ જો પ્રબળ હોય ને દરદી કમતાકાત હોય તો તે આગળ વધીને મહા પીડાકારી અને જીવલેણ પેરીટોનાઇટિસની સ્થિતિ આવી પડે છે.

ઍપેન્ડિક્સનું સ્થાન ચોક્કસ નથી. તે અંધાંત્રની પાછળ, આગળ પેડુમાં નીચેપડતું કે ડાબા પડખા ભણી ઢળતું પડેલું હોય છે; અને એની આ સ્થિતિ પ્રમાણે પીડા ને વેદનાનાં સ્થાન બદલાયા કરે છે. જોકે મોટા ભાગના લોકોમાં ડૂંટી અને જમણા થાપાના હાડકાની તરતી ટોચને જોડતી લીટી દોરીએ તો એના ⅔ ભાગમાં ઍપેન્ડિક્સની શરૂઆતનું સ્થાન આવેલું છે. આ સ્થાનને ઓળખનાર સર્જન મૅક બર્નીના નામ ઉપરથી એને મૅકબર્ની પૉઇન્ટ કહેવામાં આવે છે. આ સ્થાનમાં બીજાં ચિહ્નો સાથે પીડા હોય તો રોગ ચોક્કસાઇથી પારખી શકાય છે. ઍપેન્ડિક્સનો ચેપ એવો ઉગ્ર હોય છે કે તે કહોવાઇ જઈ ફાટવાથી ચેપ પેટમાં ઠલવાય છે ને પરિણામે વિસ્તૃત પેરીટોનાઇટિસની સ્થિતિ ઊભી થાય છે. આ સ્થિતિ ભયંકર છે અને વેળાસર શસ્ત્રક્રિયા ન થાય તો તે જીવલેણ પણ નીવડે છે.

ઍપેન્ડિક્સમાં આ બધા ફેરફારો પેટની બખોલમાં ઊંડાણમાં થતા હોવાથી એ કાંઈ ઓછા આપણી નજરે પડવાના છે? એની દેખીતી નિશાની તો ચૂંક, પીડા, ઉબકા-ઊલટી, બેચેની વગેરે છે. વળી રોગી જમણા પડખે ટૂંટિયું વાળી સૂવાનું પસંદ કરે છે. સાધારણ ચૂંક કરતાં આ સમયે મોં પર વ્યથાનાં ચિહ્નો સ્પષ્ટ હોય છે. આ દશાને અપચો, બંધકોષ કે સાધારણ લેખી ઘણા ઘરગથ્થુ ઉપચાર તરફ વળે છે. બધકોષ




૧૯૨૮માં મિકીએ દર્શન દીધા ભેગી તેને આંતરરાષ્ટ્રીય લોકપ્રીતિ મળી. ડિઝનીને અનેક માનચાંદની સાથે ૧૯૩૫માં 'દુનિયામાં શુભેચ્છા પ્રસારતા એક નવા જ કલાસ્વરૂપના સર્જન માટે' ફ્રેન્ચ લીજિયન ઑવ ઑનર અપાયો.



જો કે આ જીવન્ત ફિલ્મકાર્ટૂનના વિકાસમાં તેમને લાંબો સમય કંટાળાભરેલા અખતરા કરવા પડ્યા. એક રાતે રેડિયો ઉપર એક માણસને ગુસ્સે થયેલી બતકના અવાજનું અનુકરણ કરતો સાંભળી તે તરત જ એને મળ્યા.



પરિણામે ડોનાલ્ડ ડકનું સર્જન થયું. ૧૯૩૫માં પહેલી સળંગ રંગીન ફિલ્મ 'સ્નો વ્હાઇટ' ને તે પછી પિનોશિયો, ડમ્બો, ફૅન્ટેઝિયા, બમ્બી વગેરેએ એમને ન્યાલ કરી નાખ્યા; પણ બીજા યુદ્ધને અંતે તો એ શરૂની સ્થિતિમાં આવી ગયા!



હવે તે કલ્પનાના પ્રદેશમાંથી સાચાં સાહસો પર પડ્યા, ને અલાસ્કા પાસેના સીલ ટાપુની ફિલ્મ ઉતારી, તેને મોશન પિક્ચર ઍકેડેમીનું ઈનામ મળ્યું. લોકો તો આવી અદ્‌ભુત પ્રકૃતિફિલ્મો જોઇ ઉત્સાહથી ગાંડા થઇ ગયા.



પણ તેમની સફળતાનું ખરું સ્મારક તો રહેશે કૅલિફૉર્નિયાના એનેહીમમાં સાત કરોડને ખર્ચે બનાવેલો સાચો 'ડિઝનીલૅન્ડ'. તે બાળકો માટે હૂબહૂ બનાવેલો પરીઓનો દેશ છે ને મોટાંઓને પણ અજાયબી ભરેલો જણાય છે.



આ સિવાય ડિઝની ઘણોખરો સમય પોતાની પત્ની ને બે પુત્રીઓ સાથે ગાળે છે. મિકી જેવા હાસ્યદૂતોની મદદથી તે દેશદેશ વચ્ચે સમજદારી વધારવાનું કામ કર્યે જાય છે. તેઓ કહે છે કે હાસ્ય એ શાંતિનું મહાન શસ્ત્ર છે.

હોવાથી દિવેલના કે અન્ય જુલાબ લેવામાં આવે છે, વાછૂટ થતી ન હોવાથી હીંગ અને મરીમશાલાના ઉકાળા તૈયાર કરવામાં આવે છે, તો વળી પેટ ચોળવાનો ઇલાજ પણ અજમાવવામાં આવે છે. આ ઇલાજો રોગીથી સહ્યા જતા ન હોવા છતાં પણ કેટલીક વાર તે બળજબરીથી થતા હોવાનું જાણમાં છે. પણ એ ખતરનાક છે, રોગની સ્થિતિ વધારનાર છે, જીવલેણ સ્થિતિ ઊભી કરનારા છે.

ઍપેન્ડિસાઇટિસનો એકમાત્ર ઉપચાર ઑપરેશન છે. હુમલાના બારથી ચોવીસ કલાકની અંદર ઑપરેશન કરવામાં આવે છે. જોકે ઘણી વાર એનો સખત હુમલો પણ દવાદારૂ વગર શાંત પડે છે ખરો; પણ તે તદ્દન મટી તો નથી જ જતો. ફરી અવારનવાર એના મંદ હુમલાઓ થયા કરે છે. વચગાળાનો વખત સામાન્યરીતે પીડા વગરનો રહે છે; નહિ તો અપચો રહે છે, યા ખાધા બાદ દરદ કે જમણી કૂખમાં પીડા થાય છે. જો આ દશામાં સલાહ મળે તો ઑપરેશન કરાવી લેવું જોઇએ; કારણ કે પછીનો હુમલો કદાચ ઉગ્ર હોય અને રોગી એવા સ્થાને રહેતો હોય કે જ્યાં દાક્તરની તાત્કાલિક સારવાર મળી પણ ન શકે. દરદના હુમલા વખતે દાક્તરી સારવાર મળતાં અગાઉ રોગીને સંપૂર્ણ આરામ આપવો જોઇએ. પેટ ઉપર ગરમ પાણીનો શેક આપવાથી વેદના કમી થાય છે. એ વેળા ખોરાકમાં માત્ર લીંબુ કે મોસંબીનો રસ અને ગ્લુકોઝ આપવાનાં છે.


આ રોગનું નામ પહેલવહેલું ઈ. ૧૯૦૨માં સાંભળવામાં આવ્યું; પણ રોગ પોતે કાંઈ નવો નથી. ઓગણીસમી સદીના અંત સુધી આ રોગ પેરિટિફ્લાઇટિસ નામે ઓળખાતો હતો. પેરિટિફ્લાઇટિસ એટલે ઍપેન્ડિક્સ જેની સાથે જોડાએલું છે એ અંધાંત્રનો સોજો. બૉસ્ટનના અમેરિકન સર્જન ફિટ્ઝે (Fitz) જોયું કે પેરિટિફ્લાઇટિસમાં

સર્વતોમુખી અંકચોરસ

જેની દરેક આડી કે ઊભી હરોળ તેમજ દરેક કર્ણરેષામાં આવેલી સંખ્યાઓનો સરવાળો એકસરખો જ આવે એવા, આડી-ઊભી ત્રણ-ત્રણ, ચાર-ચાર, પાંચ-પાંચ કે તેથી વધુ હરોળોના અંકચોરસોથી વાચકો હવે અજાણ નથી. આવો એક આડી-ઊભી પાંચપાંચ હારનો બનેલો વિશિષ્ટ અંકચોરસ બાજુમાં આપ્યો છે. તેમાં ૧ થી ૨૫ સુધીની દરેક સંખ્યા એક જ વખત વપરાઇ છે. ઉપલક રીતે જોતાં આ પણ બીજા સામાન્ય અંકચોરસો જેવો જ લાગે છે, પરંતુ હકીકતમાં એનાં લક્ષણો એટલાં વિશિષ્ટ છે, કે એને 'સર્વતોમુખી' અથવા 'સર્વતોભદ્ર' અંક-ચોરસ કહી શકાય. એ લક્ષણો આ પ્રમાણે છે:

૧૦	૧૮	૧	૧૪	૨૨
૧૧	૨૪	૭	૨૦	૩
૧૭	૫	૧૩	૨૧	૯
૨૩	૬	૧૯	૨	૧૫
૪	૧૨	૨૫	૮	૧૬

પ્રથમ તો, બીજા અંક-ચોરસની માફક એની કોઈ આડી, ઊભી કે કર્ણરેખાની પાંચ સંખ્યાઓનો સરવાળો ૬૫ આવે જ છે. પરંતુ એ ઉપરાંત એની સંખ્યાઓ એવી ખૂબીદાર રીતે ગોઠવાઈ છે કે કેટલીયે સંગતરીતે (symmetrically) ગોઠવાએલી પાંચ સંખ્યાઓ લેવામાં આવે તો તેનો સરવાળો પણ ૬૫ જ આવે છે. નીચેની આકૃતિઓ-માં તેનાં કેટલાંક ઉદાહરણો આપ્યાં છે.



આકૃતિ (૧) ચાર ખૂણાનાં ચાર ખાનાં તથા વચલા ખાનાની સંખ્યાઓનો સરવાળો (૧૦+૨૨+૧૬+૪+૧૩)૬૫ થાય છે.

આકૃતિ (૨) ચાર દિશાઓની ચાર હરોળોનાં વચલાં ચાર ખાનાં તથા ચોરસના વચલા ખાનાની સંખ્યાઓનો સરવાળો ૬૫ થાય છે. આ પણ એક જ પ્રકાર છે. આકૃતિ (૩)માં બતાવેલાં પાંચ ખાનાંઓની સંખ્યાઓનો સરવાળો પણ ૬૫ થાય છે, એટલું જ નહિ, પણ આવી ગોઠવણી ચાર ખૂણેથી શરૂ કરતાં ચાર પ્રકારે થઇ શકે છે: એ ચારે પ્રકાર નીચે આપ્યા છે. ૧૦+૨૪+૩+૧૨+૧૬=૬૫ ૪+૬+૧૮+૨૨+૧૫=૬૫ ૨૨+૨૦+૮+૪+૧૧=૬૫; ૧૬+૨+૧૪+૧૦+૨૩=૬૫.

આકૃતિ (૪) સાથે સાથે આવી સમચોરસ બનાવતાં કોઈ પણ ચાર ખાનાં તથા તેની કર્ણરેષામાં આવેલું એક ખાનું છોડી બીજું ખાનું લેતાં તે પાંચ સંખ્યાનો સરવાળો પણ ૬૫ થાય છે. આવા ૧૬ પ્રકાર છે. નીચે માત્ર ૪ આપ્યા છે. ૨૩+૬+૧૨+૪+૨૦=૬૫; ૫+૧૩+૧૯+૬+૨૨=૬૫ ૧૮+૧+૭+૨૪+૧૫=૬૫; ૭+૨૦+૨૧+૧૩+૪=૬૫.

આકૃતિ(૫)મુજબ કોઈ પણ ખાનું તથા તેની જોડેનાં ચાર દિશાએ આવેલાં ચાર ખાનાં લઈએ તો તે પાંચેનો સરવાળો ૬૫ આવે. આવા ૯ પ્રકાર છે. નીચે માત્ર ૪ આપ્યા છે: ૨૪+૭+૫+૧૧+૧૮=૬૫; ૨૧+૯+૨+૧૩+૨૦=૬૫; ૧૯+૨+૨૫+૬+૧૩=૬૫; ૧૩+૨૧+૧૯+૫+૭=૬૫.

આકૃતિ (૬) મુજબ કોઈ પણ ખાનું તથા તેને ચાર ખૂણે આવેલાં ચાર ખાનાં લઈએ તો તે પાંચેનો સરવાળો ૬૫ આવે. આવા પણ ૯ પ્રકાર છે, જેમાના ચાર ૪: ૨૪+૧૦+૧+૧૩+૧૭=૬૫; ૨૧+૭+૩+૧૫+૧૯=૬૫; ૧૯+૫+૨૧+૮+૧૨=૬૫; ૧૩+૨૪+૨૦+૨+૬=૬૫.

આકૃતિ (૭) પ્રમાણે ગોઠવાએલાં ખાનાંના પણ ૧૬ પ્રકાર છે. નીચે માત્ર ૪ આપ્યા છે: ૧૦+૧+૧૪+૧૭+૨૩=૬૫; ૧૮+૧૪+૨૨+૫+૬=૬૫; ૧૬+૯+૩+૨૫+૧૨=૬૫; ૨+૨૦+૧૪+૬+૨૩=૬૫.

આકૃતિ (૮) પ્રમાણે ગોઠવાએલાં ખાનાંના ૪ પ્રકાર છે, જે નીચે આપ્યા છે: ૧૦+૧૮+૧૧+૨૨+૪=૬૫; ૨૨+૧૪+૩+૧૦+૧૬=૬૫; ૧૬+૮+૧૫+૪+૨૨=૬૫; ૪+૨૩+૧૨+૧૬+૧૦=૬૫.

આકૃતિ (૯) પ્રમાણે ગોઠવાએલાં ખાનાંના ૮ પ્રકાર છે, જેમાંથી માત્ર બે નીચે આપ્યા છે: ૧૦+૧+૨૨+૧૩+૧૯=૬૫; ૧૧+૭+૩+૧૯+૨૫=૬૫.

આકૃતિ (૧૦) પ્રમાણે ગોઠવાએલાં ખાનાંના ૧૨ પ્રકાર છે. નીચે માત્ર ૪ આપ્યા છે: ૧૦+૧૮+૧+૨૪+૧૨=૬૫; ૧૮+૧+૧૪+૭+૨૫=૬૫; ૩+૯+૧૫+૨૧+૧૭=૬૫; ૧૭+૨૩+૪+૬+૧૫=૬૫.

આકૃતિ (૧૧) પ્રમાણે ગોઠવાએલાં ખાનાંના પણ ૧૨ પ્રકાર છે. નીચે માત્ર ૪ આપ્યા છે: ૧૮+૧૧+૭+૪+૨૫=૬૫; ૧૪+૭+૩+૨૫+૧૬=૬૫; ૯+૨૦+૨+૧૧+૨૩=૬૫; ૨૩+૫+૧૨+૯+૧૬=૬૫.

આકૃતિ (૧૨) પ્રમાણે ગોઠવાએલાં ખાનાંના આઠ પ્રકાર છે. નીચે માત્ર બે આપ્યા છે: ૧+૧૭+૨૩+૯+૧૫=;૭+૨૩+૪+૧૫+૧૬=૬૫.

આકૃતિ (૧૩) પ્રમાણે ગોઠવાએલાં ખાનાં: ચાર ખૂણેથી લેતાં આના ૪ પ્રકાર મળે. નીચે એક આપ્યો છે. ૧૦+૧૨+૧૯+૨૧+૩=૬૫.

આકૃતિ (૧૪) પ્રમાણે ગોઠવાએલાં ખાનાંના પણ ચાર ખૂણેથી લેતાં ચાર પ્રકાર મળે. નીચે એક આપ્યો છે. ૧૧+૧૮+૨૫+૨+૯=૬૫.

આમ ઘણા પ્રકારે સંગત રીતે ગોઠવાએલાં પાંચ ખાનાં લેવાય છે.

પરંતુ આ અંક-ચોરસની ઉપર દર્શાવેલી સિદ્ધિઓ ઉપર કીર્તિનો કળશ ચડાવનારી સિદ્ધિ તો એ છે કે આકૃતિ ૧૫ મુજબ પહેલી ઊભી હરોળને છેલ્લી પાંચમી હરોળ પછી ગોઠવવામાં આવે તો તેથી બનતો અંકચોરસ પણ ઉપર ગણાવેલાં બધાંય લક્ષણો ધરાવે છે; અને તે જ પ્રમાણે (આકૃતિ ૧૬ પ્રમાણે) આડી પહેલી હરોળને નીચે છેલ્લી મૂકતાં નવો ચોરસ પણ મૂળ જેવો જ સર્વતોમુખી બનશે. કવિ કાલિદાસના શબ્દોમાં કહીએ તો જાણે કે प्रवर्तितो दीप इव प्रदीपात् ।

આટલું જ નહિ, પણ પહેલાં ઊભી હરોળ ખસેડી, નવા બનેલા અંકચોરસની પહેલી આડી હરોળ ઉપર પ્રમાણે ખસેડવામાં આવે અને એમ વારાફરતી ઊભી-આડી હરોળો અનુક્રમે ખસેડવામાં આવે તો તેથી બનતા બધા નવા નવા અંકચોરસો પણ સર્વતોમુખી બનશે! ઉપરની ૧૪ આકૃતિઓમાં ગણાવેલા કુલ ૧૦૮ પ્રકાર ઉપર માળાના મેર જેવી એ છેલ્લી સિદ્ધિ છે; એટલે શ્રીકૃષ્ણની 'અષ્ટોત્તરશતનામમાલા' જેવી આ રચનાને 'સર્વતોભદ્ર' રચના કહીએ તો તો સાર્થ છે.

જાપાનનો સંસ્કાર-સ્પર્શ

'અગસ્ત્યને પગલે'નો આગળ હપતો

★

લેખક અને ફોટો-કલાકાર

નવનીત પારેખ

★



ઉત્તર, દક્ષિણ, પૂર્વ કે પશ્ચિમ કોઈ પણ દિશાએથી, અને દિવસે કે રાત્રે, સવારે બપોરે કે સાંજે, કોઇ પણ વખતે જુઓ, તોપણ જાપાનનો આ મંગલમૂર્તિ ગિરિવર ફ્યૂજીયામા પાવક-મનોહર જ દેખાવાનો. જાપાનીઓના હૃદયનું એ ધન છે. બરફથી આચ્છાદિત અને કવચિત્ કવચિત્ શ્વેત વાદળની છત્રછાયા ધારતું એનું ધવલ શિખર શુભ્ર કમળ જેવું સદાકાળ શોભે છે. જાતે જ્વાળામુખી હોવા છતાં જાપાનીઓને મન તો એ કલ્યાણ-સુખી છે; અને ઉનાળામાં જ્યારે તેના શૃંગ પરનો બરફ પીગળી જાય છે ત્યારે હજારો જાપાનીઓ એના શિખર-સુખની યાત્રાએ જાય છે. એની દક્ષિણે સમુદ્ર વિસ્તરેલો છે ને ઉત્તરે પાંચ નાનાં મનોરમ સરોવરો હેલાં લે છે. ચોમેર નાનીનાની ટેકરીઓ વચ્ચે એનું ૪૫૦૦ ફીટ ઊંચું શિખર જ્યાંથી જુઓ ત્યાંથી સોહામણું લાગે છે.

★

ક્યોટો પાસેનું નારા શહેર જોવા માટે તો એક આખો દિવસ રાખ્યો. વિજયાદશમાની સવારે લંકાવિજયી શ્રી રામચંદ્રજીનું સ્મરણ કરી બસમાં બેઠા. યુવાન શિમિડઝૂ પણ સાથે થયા. દોઢ કલાકમાં નારા પહોંચ્યા. નારા નગરી ક્યોટોથી પણ પુરાણી છે ને ઈ. ૭૧૦થી ૭૮૪ સુધી તે જાપાની રાજધાની હતી. નારા હૉટેલમાં સામાન મૂકીને બપોરના ભોજનનું તૈયાર પૅકેટ સાથે લઈ અમે બહાર પડ્યા.

સૌ પહેલાં ત્યાંના વિખ્યાત કસુગા-સ્થાનક પર ગયા. ઈ. ૭૬૮માં સ્થપાએલા આ અતિ પ્રાચીન શિન્ટો સ્થાનકનું કંકુવર્ણું રંગેલું ભવન ચીડ, કાઈસેન્થેમમ્ વગેરે વૃક્ષોની લીલી ઘટા વચ્ચે શોભી રહે છે. આસપાસ પથ્થર તથા લાકડાના સેંકડો દીપકો ઊભા છે અને મકાનની છતમાંથી પણ અસંખ્ય દીપકો લટકે છે. બધા મળીને આશરે ત્રણેક હજાર દીવાઓ છે. ત્યાંથી કોફુકુજી બૌદ્ધ મંદિર પર ગયા. પાંચ માળનો તેનો ભવ્ય પૅગોડા નારામાં પ્રવેશતાં દૂરથી જ કોઈનું પણ ધ્યાન ખેંચે. લાક્ષણિક જાપાની શૈલીએ બાંધેલા ૧૬૫ ફીટ ઊંચા આ પૅગોડાનું પ્રતિબિંબ પાસેના એક નાનકડા સરોવરમાં પડે છે તે અતિ સુંદર લાગે છે. પહેલે માળે ચાર દિશામાં બુદ્ધની ચાર પ્રતિમાઓ છે: પશ્ચિમે અમિતાભ-બુદ્ધ, દક્ષિણે શાકય-મુનિ, પૂર્વે યાકુશી બુદ્ધ અને ઉત્તરમાં હોશો બુદ્ધ. આ કોફુકુજી મંદિર પણ આઠમી સદીમાં બંધાયા પછી પાંચ વાર બળી ગએલું, પરંતુ દૃઢનિશ્ચયી જાપાનીઓએ ફરીફરીને તેને અસલ જેવું જ પાછું ઊભું કરી દીધું છે. મંદિરને ચાર દેવ-રક્ષકો છે જેને જાપાની લોકો 'મહારાજા' કહેતા.

ત્યાંથી અમે વિશ્વવિખ્યાત ટોડાઈજી મંદિર પર ગયા. ૬૩ ફૂટ ઊંચા અઢાર સ્તંભ ઉપર ઊભું કરેલું તેનું દક્ષિણ દ્વાર સૌથી ભવ્ય ગણાય છે. તેની બહારની બાજુએ છવ્વીસ ફીટ ઊંચી બે ભવ્ય કાષ્ઠપ્રતિમાઓ છે. ધમ્મ તથા સંઘનું રક્ષણ કરવા માટે આ કૉંગો-રિકીશી (વજ્રપાલ) દ્વારપાલ તરીકે ઊભા છે. એ પ્રવેશદ્વારમાં થઈને અમે મુખ્ય મંદિર આવ્યા. ટોડાઈજી એટલે 'પૂર્વનું મહા-મંદિર'. આ જ મંદિરમાં જગતની સૌથી મોટી કાંસાની બુદ્ધમૂર્તિ આવેલી છે. આવડી મોટી મૂર્તિને યોગ્ય મંદિરનું ભવન પણ ૧૮૭ ફીટ પહોળું અને ૧૬૦ ફીટ ઊંચું છે. દુનિયાભરમાં તે સૌથી મોટી કાષ્ઠ-ઇમારત ગણાય છે. તેની ઉપર એક માળવાળું લાક્ષણિક જાપાની શૈલીનું બીજું ભવન છે. મંદિરના આંગણામાં ૧૩ ફીટ ઊંચો અષ્ટકોણ આકારનો કાંસાનો મોટો દીપક ગોઠવ્યો છે તે પણ આઠમી સદીમાં જ ઢાળેલો છે.

આતુર હૃદયે ને ઊંચે શ્વાસે અમે ભવનમાં પ્રવેશ કર્યો. સામે જ ૭૧ ફીટ ઊંચી કમલાસન બુદ્ધની વિરાટ પ્રતિમા બિરાજેલી હતી. સીધી નજરે તો ૬૮ ફીટના પરિઘવાળું પદ્માસન જ દેખાય. મુખારવિંદના દર્શન માટે તો આફ્રિકાના જિરાફને પણ ડોક ઊંચી કરવી પડે! પદ્માસન વિના મૂર્તિ ૫૩ ફીટ ઊંચી છે. એની એક આંખની લંબાઈ જ પોણાચાર ફીટ છે ને જમણા હાથનો અંગૂઠો સવા પાંચ ફીટ લાંબો છે!

ભાગીરથીને કાંઠે, વારાણસી નગરીના મૃગ-ઉદ્યાનમાં, અઢી હજાર વર્ષો પૂર્વે, તાજી જ પ્રજ્ઞા મેળવેલા તથાગત બુદ્ધે ધર્મપ્રવર્તનનો પ્રથમ ઉપદેશ આપેલો તેના અંગવિન્યાસમાં આ મૂર્તિ ઢાળેલી છે. જમણો હાથ લંબાવીને ધર્મની વ્યાખ્યા આપતા શાકયમુનિ છપ્પન દલવાળા કમળ પર શાન્ત મુખમુદ્રાએ બેઠા છે. બૌદ્ધ ધર્મ-સાહિત્યમાં એ ઉપદેશને સુંદર પુષ્પમાલા (અવતંસ) સાથે સરખાવ્યો છે. જાપાની ભાષામાં તેને 'કૅગોન' કહે છે, અને તેથી આ બુદ્ધની પૂજા કરનાર સંપ્રદાય કૅગોન કહેવાય છે, અને મૂર્તિને 'બિરૂશન બુત્સુ' (વૈરોચન બુદ્ધ) કહે છે. પદ્માસનના નીચલા ભાગમાં 'શુમિસેન' (સુમેરુ) પર્વત કોતરેલો છે, જેની આસપાસ નાનામોટા બુદ્ધ અને બોધિસત્ત્વો પણ કાઢેલા છે. સમસ્ત મૂર્તિનું વજન ૪૫૨ ટન ગણાય છે, જેમાં મુખ્યત્વે કાંસું વાપર્યું છે અને અલ્પ પ્રમાણમાં પારો, મીણ તેમજ સુવર્ણ પણ ભેળવ્યાં છે. ઈ. ૭૪૫માં શરૂ કરેલી આ મૂર્તિને પૂરી કરતાં ત્રણ વર્ષ લાગ્યાં હતાં.

મહા બુદ્ધની બાજુ ઉપર ઢોળ ચઢાવેલી બે કાષ્ઠપ્રતિમાઓ છે, તે 'ચિંતામણિ અવલોકિતેશ્વર' તથા 'આકાશગર્ભ'ની છે. મૂર્તિની પાછળ એક મોટા થાંભલામાં એક બાકોરું પાડેલું છે. કેટલાક લોકોમાં માન્યતા છે કે તેની અંદરથી જે બહાર નીકળી જઇ શકે તેને નિર્વાણ મળે! હું તથા શિમિડઝૂ બંને સુકલકડી શરીરવાળા હતા તેથી આટલી સહેલાઈથી મળતું નિર્વાણ-પદ કેમ જતું કરીએ? મંદિર બહાર વેચાતાં થોડાંક



કામાકુરામાં આવેલી કાંસાની છત્રીસ ફૂટ ઊંચી બુદ્ધની આ મૂર્તિ કરતાં વધુ સુંદર મૂર્તિ જાપાનભરમાં બીજી નથી. ઈ. ૧૨૫૨માં તે સ્થાપેલી. યોકોહામાથી બાર જ માઈલ દૂર હોવા છતાં પણ, આશ્ચર્યની વાત તો એ છે કે, જાપાનના છેલ્લા ભયંકર ધરતીકંપ વખતે તેને આંચ સરખી આવી નહોતી!

ફૂલો અને ભારતથી આણેલી મ્હૈસૂરની અગરબત્તીનો એક સંપુટ તથાગતને ચરણે ધરી, ઘૂંટણે પડીને પ્રણામ કર્યાં. બહાર નીકળતાં પણ પાછા વળીવળીને બુદ્ધનાં દર્શન કર્યાં.

નારાનાં બીજાં મંદિરો, ત્યાંનું મ્યૂઝિયમ વગેરે જોઇને અમે ત્યાંથી સાત માઇલ દૂર આવેલા વિખ્યાત હૉર્યુજી મંદિર પર આવ્યા. આ મંદિર જાપાનમાં જ નહિ પરંતુ દુનિયાભરમાં કાષ્ઠની સૌથી પ્રાચીન ઇમારત ગણાય છે, અને બુદ્ધના જીવન-પ્રસંગો આલેખતાં તેનાં અજંતાની અસરવાળાં દીવાલ-ચિત્રો તો બહુ જાણીતાં છે. હૉર્યુજીના મુખ્ય મંદિરની મીંજુ(મૈત્રેય)ની મૂર્તિ ભારતના હિંદુ પૂજારી શુભકરસિંહે બનાવી હતી એવો ઇતિહાસમાં ઉલ્લેખ છે.

પછી અમે વિખ્યાત નારા-ઉદ્યાન પર આવ્યા. નારાને જાપાનનું કાશી કહી શકાય. ભારતના કાશી પાસે ભગવાન બુદ્ધે પ્રથમ ઉપદેશ આપ્યો તેની વિરાટ પ્રતિમા અહીં ઊભી કર્યા પછી અહીં પણ કાશી જેવો મૃગ ઉદ્યાન જોઇએ જ; તેથી ૧૨૫૦ એકરનો વિશાળ બાગ અહીં બનાવ્યો છે, અને તેનું 'મૃગ-ઉદ્યાન' નામ સાર્થક કરવા અહીં ચારસો પાંચસો પાળેલાં હરણો છુટ્ટાં ફરતાં હોય છે અને ઉજાણી પર આવેલા લોકો પોતાના હાથથી તેમને હરણ માટેનાં ખાસ બિસ્કિટ ખવડાવે છે.

બીજે દિવસે ક્યોટો પાછો આવીને હીરાગિયા હૉટેલમાં ઊતર્યો. ક્યોટોની જાપાની શૈલીની હૉટેલમાં આ શ્રેષ્ઠ ગણાય છે. અને સાચે જ, અંદરથી હીરાગિયા અદ્ભુત હતી! કોઈ પણ જાપાની મિત્રના ઘર કરતાં પણ હીરાગિયાનો ઠાઠ અને વાતાવરણ શુદ્ધ જાપાની હતાં. તેના પ્રાંગણ(ગેંકન)માં દાખલ થયો કે તરત પચરંગી કિમોનોમાં શોભતી બે જાપાની બહેનો સત્કાર કરવા આગળ આવી, અને ઘૂંટણે પડી માથું નમાવી આવકાર આપ્યો. હાથમાંની સૂટકેસ બાજુ મૂકી મેં આગળ લળીને સામું સન્માન કર્યું. ગેંકનમાં લાકડાની લાંબી ઓસરી હતી, તેના ઉપર બેસીને મારા જોડા કાઢી નાખ્યા. એક બહેન તરત તેને ઉપાડીને જોડા રાખવાના ખાનામાં મૂકી આવ્યાં અને ઘરમાં પહેરવાનાં સપાટ મને આપ્યાં. ગેંકનમાંથી મને ક્યાટુમા(દીવાનખાના)માં લઈ આવ્યા.


અહીં હૉટેલનાં પ્રૌઢ સંચાલિકાએ અત્યંત વિવેકથી આવકાર આપ્યો અને પ્રાથમિક શિષ્ટાચાર પછી જાપાની ચા પીવડાવીને ઉપરના કમરામાં લઈ ગયાં. આખું યે મકાન લાકડાનું બાંધેલું હતું અને તેની દીવાલો માટી તથા લાકડાના વહેરની બનાવી હતી. જાપાની ઘરોની માફક તેનાં બારણાં (ફુસુમા) સરકાવી શકાય તેવાં (sliding) હતાં. આ બારણાં તો જાડા કાગળનાં જ બનાવેલાં હોય છે અને કાગળ ટકાવી રાખવા ઉપર પાતળી લાકડાની ચીપો મારેલી હોય છે. જાપાની લોકોના અત્યંત ઋજુ અને વિનયશીલ વ્યવહારમાં જ આવાં નાજુક ઘર અને બારણાં શોભે. બળ વાપરીએ તો તૂટી જ પડે.

મારા આવાસ(suite)માં પ્રથમ એક ઉપખંડ હતો, જ્યાં ભીંતનાં કબાટો તથા અન્ય રાચરચીલું હતું. તેથી આગળ જતાં મુખ્ય સમચોરસ ઓરડો હતો, અને તેની યે આગળ જતા લાંબો વરંડો હતો જ્યાંથી નીચેના બગીચાનું દૃશ્ય મળતું. બાજુ ઉપર સ્નાનાગાર પણ હતું. ભોંય પર પીળા રંગની સાદડીઓ (તાતામી) જડેલી હતી. આ 'તાતામી' જાપાનની વિશેષતા છે. દરેક તાતામી છ ફીટ લાંબી અને ત્રણ ફીટ પહોળી હોય છે, અને જાપાનમાં કોઈ પણ ઓરડાની લંબાઇ-પહોળાઇ તેમાં જડેલી તાતામીની સંખ્યા પ્રમાણે ગણાય છે. ૧૮'× ૧૮'ના ઓરડામાં અઢાર તાતામી જડેલી હતી. તાતામીની કિનારો ઉપર ઘેરા બદામી રંગની કાપડની પટ્ટી સીવેલી હતી જેનાથી ઓરડામાં એક સુંદર ભાત બની ગઇ હતી. બારીઓમાં પણ કાચને બદલે સફેદ, પ્રકાશભેદ્ય કાગળો જ નાખેલા હતા. ઓરડાની મધ્યમાં લાખકામનું એક સુંદર ચોરસ ટેબલ હતું, જેની ચાર બાજુએ એક એક બેસવાનું ઓશીકું ગોઠવેલું હતું. ખંડની એક બાજુની દીવાલમાં (તાતામી જડેલી ભોંયથી અરધો ફૂટ ઊંચે) એક છ ફીટ પહોળો મોટો ગોખલો (ટોકોનોમા) બનાવ્યો હતો. તેની અંદરની દીવાલ ઉપર એક સુંદર પટ લટકાવ્યો હતો, જેમાં મોટા કાળા અક્ષરે જાપાની ભાષામાં કૈંક લખેલું હતું. એ કોઈ ધાર્મિક સુવાક્ય હશે એમ માની લીધું. તેની બાજુએ, નીચે, ઉત્તમ સીડર વૃક્ષના પાટિયા પર પીળા લાકડાની એક અત્યંત મનોહર ફૂલદાનીમાં ત્રણ ક્રાઈસેન્થેમમ ફૂલો તથા ડાંખળીઓ કલામયરીતે ગોઠવ્યાં હતાં. તેને પડખે ભીંતના ખૂણામાં બાજઠ પર એક નાનકડી પણ બહુ સુંદર ઢીંગલી ગોઠવી હતી. જાપાનના આખાયે ઘરમાં આ 'ટોકોનોમા' ગોખલો સૌથી અગત્યનો ગણાય છે અને જાપાની લોકો તેને પોતાનું બધું જ કલાનૈપુણ્ય વાપરીને સજે છે.

ઘરમાં પહેરવાનાં સપાટ પણ ખંડમાં પ્રવેશતાં કાઢી નાંખેલાં. ઓરડામાં તો મોજાં પહેરીને કે ખુલ્લા પગે જ ફરવાનું. સ્નાનાગારમાં પણ યુરોપી ઢબના કોમોડને બદલે ભારતીય ઢબનો નીચે બેસવાનો જાજરૂ હતો. આ શૌચખંડ પણ અત્યંત સ્વચ્છ અને સુઘડ હતો, અને અહીં પણ જાપાની લોકોની કલાપ્રિયતા ઢાંકી રહી નહોતી. ત્યાં પણ એક ખૂણામાં નાનકડી ફૂલદાની ગોઠવી હતી! આખાયે આવાસનું વાતાવરણ અત્યંત મધુર અને પ્રસન્ન હતું. મારા વિસ્તૃત પ્રવાસો દરમ્યાન હું લગભગ ત્રીસેક દેશોમાં ફરી વળ્યો હોઈશ, પરંતુ જીવન આખામાં આટલા સુંદર ઘરમાં રહ્યો નથી. જાપાનના પ્રવાસે આવનાર દરેકે એક વખત તો આવી જાપાની શૈલીની હૉટેલમાં રહેવું જ જોઇએ.

આવાસમાં સામાન ગોઠવ્યો કે તરત કમરાની પરિચારિકા(maid) જાપાની જભ્ભો (યુકાતા) લઇ આવી. અહીં પોષાક પણ જાપાની જ પહેરવો જોઇએ. કોટ-પાટલૂનને બદલે ખૂલતો યુકાતા પહેરવાનું ઘણું ગમ્યું.

રાત્રે શિમિઝુસાન્ તેમજ યામામોટોને ભોજન માટે આમંત્ર્યા. નીચા ચોરસ ટેબલની ચારે બાજુએ અમે ગોઠવાયા. ટોકોનોમા–ગોખલાની બાજુ આદરણીય ગણાય છે. તેને કમીઝા કહે છે. હું મહેમાન



જાપાનનું પ્રાચીન નગર નારા અગિયારસો વરસ પહેલાં ત્યાંની રાજધાની હતું. આજે તો ત્યાંના પ્રશાન્ત વાતાવરણ અને જાપાનના જૂના ધર્મ શિન્ટો પંથનાં પ્રાચીન મંદિરો માટે તે પ્રખ્યાત છે. ઉપરના ચિત્રમાં બતાવેલી લાલ લાકડાની કમાન એ મંદિરમાર્ગનું પવિત્ર પ્રવેશદ્વાર છે, જેની છાયામાં મૃદુ હરણાંઓ પ્રવાસી આગળ લાડ કરતાં ટોળે વળે છે. શિન્ટોનું લાલમંદિર હજારો પિત્તળનાં ફાનસોથી શણગારેલું છે ને રસ્તામાં પણ, ઉપરના ચિત્રમાં દેખાય છે તેવાં, પથ્થરનાં કોરેલાં દીપસ્થાનકો ઠેરઠેર નજરે પડે છે.


હતો તેથી આગ્રહપૂર્વક મને ત્યાં બેસાડયો. તે બાજુ ઉપર ટેકાવાળું આસન હતું. મારા મિત્રો માટે તો બધી જાપાની વાનગીઓ હતી, જ્યારે મારે માટે બેત્રણ શાકાહારી ચીજો જુદી બનાવી હતી.

જાપાની હૉટેલોમાં દરેકનું ભોજન તેના કમરામાં જ પીરસવામાં આવે છે. મોટી લંબચોરસ તાસકમાં અમારા દરેકનું ખાણું પરિચારિકા લઈ આવી. સૌ પહેલાં પરસ્પરને હળવું નમન કરીને અમે કાગળના પરબીડિયામાંથી ચૉપસ્ટિક્સ બહાર કાઢી. વાંસના લાકડામાંથી બનાવેલી લાગી. નવી જ હોવાથી તેની જોડી સળંગ ચીટકેલી હતી તેથી બંને સળીઓ છૂટી પાડી, ને ટેબલ પર ગોઠવેલા ચીની માટીના ટેકા પર મૂકી. પછી ભાત તથા સૂપના વાડકાઓનાં ઢાંકણાં કાઢીને બાજુ પર મૂક્યાં. આ બધા વિધિ માટે હું મારા જાપાની મિત્રોને જ અનુસરતો હતો. વાડકા પાતળા લાકડાના બનાવેલા હતા, ને ઉપર ચીડ વૃક્ષના પાંદડાંની ભાત હતી.

ડાબા હાથમાં ભાતનો વાડકો લીધો અને જમણા હાથમાં ચૉપસ્ટિક્સ. સ્ટિક્સની બહારની બાજુએ તર્જની તથા અનામિકા આંગળીઓ રાખવાની અને વચ્ચે મધ્યમા. હૉંગકૉંગ તથા જાપાનમાં આટલા દિવસ ફર્યા પછી હવે હાથ કાંઈક બેસી ગયો હતો. સ્ટિક્સને નાની વાડકીમાંના સોયાબીનના રસમાં બોળીબોળીને ભાત ખાધો. ચોખા ઘણા જાડા હતા. પછી સૂપનો વાડકો લઇને થોડો સૂપ પીધો અને સ્ટિક્સ વડે અંદરનાં મશરૂમ્સ તથા મૂળાનાં પાંદડાં ખાધાં. એટલામાં તો પરિચારિકા નીચેથી તાજાં જ તળેલાં ગરમ તેમ્પુરા લઈ આવી. આ તેમ્પુરા એટલે આપણાં ભજિયાં જ. તે શાકાહારી તેમજ માંસાહારી બંને પ્રકારનાં બને છે. જાપાનીઓ તો પ્રોન વગેરે અનેક જાતની



જાપાનનો ઘણોખરો પ્રદેશ પહાડી હોવાથી, બાકી બચેલી ભૂમિમાં મોટા બાગબગીચાનો વૈભવ તેને કેમ પોસાય? આ કુદરતી અવરોધને આંબવા જાપાની બાગબાનીમાં બાગની રચના સૂક્ષ્માકારે થાય છે. આબેહૂબ મોટાં વૃક્ષ જેવા દેખાવના ટચૂકડા છોડ, મોટી નદી જેવો વળાંક લઈને વહેતું નાનું ઝરણું, ઊંચા પહાડ જેવા દેખાતા નાના ખડક તથા વિશાળ સમુદ્રપટનો આભાસ કરાવે તેવી પાથરેલી રેતીનો બહુ યુક્તિપૂર્વક ઉપયોગ કરીને જાપાની લોકો કોઈ વિશાળ ઉદ્યાનનો દૃષ્ટિભ્રમ ઊભો કરે છે. (જુઓ બાજુનું ચિત્ર) આ પ્રજાનો પૂલ માટેનો અનુરાગ આવા બગીચાઓમાં ખાસ તરી આવે છે. કોઈ નાના બાગમાં પણ ઝરણા ઉપર ચારપાંચ પૂલ તો જરૂર જોવા મળે!



જાપાની ઘરના દીવાનખાનાના એક ખૂણામાં ગોઠવેલાં ચિત્રો

નાની સુકોમળ માછલીઓને તળીને તેમ્પુરા બનાવે છે, તેમજ શક્કરિયાં ગાજર વગેરેના ટુકડાને તળીને પણ બનાવે છે. તળવા માટે તો તલ કે સરસવનું તેલ હોય છે. તેમ્પુરા સાથે પણ થોડી ખાંડ તથા મૂળાની છીનવાળી સોયાબીનની ચટણી હતી.

તેમ્પુરા પછી જાપાની મિત્રો માટે મોટા વાસણમાં સુકિયાકી આવી. આ સુકિયાકી એ જાપાની લોકોની સૌથી પ્રિય વાનગી છે. શાકાહારીને તો કામની જ નહિ. માંસ(અને ખાસ કરીને ગો-માંસ)ના પાતળા ટુકડા, શાકભાજી, વટાણાનો છૂંદો તથા સોયાબીનનો રસ, થોડી ખાંડ અને સાકે (દારૂ) ભેળવીને બધું સામટું પકાવે અને પછી ઈંડાના રસમાં બોળીને ખાય! આપણા ઊંધિયા જેવી વાનગી હશે એમ કલ્પના કરી. છેલ્લે નાની રકાબીમાં અથાણા જેવી ચટણી ખાવાની હતી. ભોજન પૂરું થયું એટલે અમે બધા વાડકા પાછા ઢાંકી દીધા અને સહેજ નમન કરીને પરિચારિકાનો આભાર માન્યો, એટલે તે બધાં વાસણો ઉપાડી ગઇ. મારા મિત્રો તો ભોજન દરમ્યાન અવારનવાર નાની કાચની વાડકી ભરીને સાકે પીતા હતા. સાકે ચોખામાંથી બનાવેલી વિશિષ્ટ જાપાની મદિરા છે. તેનો સ્વાદ તો પીનાર જ જાણે, પરંતુ દુનિયામાં બીજા બધા શરાબ ઠંડા પિવાય છે જ્યારે આ સાકે તો સહેજ ગરમ, હૂંફાળો પિવાય છે.

બીજે દિવસે શિમિઝૂ સાન મને ક્યોટોના એક જાણીતા 'સુકિયા' (ચા-ઘર) પર લઈ ગયા. અહીં અમે જાપાનની વળી એક વિશેષ ચા-વિધિ જોવાના હતા. ટોકિયોમાં મેં બે વાર ચા-વિધિ જોયો હતો, પરંતુ અહીં શિમિઝૂ સાન વિગતથી તે સમજાવવાના હતા. જાપાની ભાષામાં પણ ચાનું નામ 'ચા' જ હોઇ ચા-વિધિને 'ચા-નો-યુ' કહે છે. જગતના ઘણા દેશોમાં ચા પિવાય છે, પરંતુ કશે ય આવો ચા-વિધિ નથી હોતો! રસ્તામાં જ મેં હળવી ટીકા કરી. શિમિઝૂ સાને વિગતથી સમજાવ્યું: 'આશરે બારસો વર્ષ પહેલાં ચીનથી ચા પીવાનો રિવાજ અહીં આવ્યો હતો. આઠમી સદીમાં સમ્રાટ શોમુએ એક હજાર બૌદ્ધ ભિખ્ખુઓને પોતાના મહેલમાં ચા પીવા આમંત્ર્યા હતા એવો ઐતિહાસિક ઉલ્લેખ છે. તે સમયે બૌદ્ધ ભિખ્ખુઓ ધ્યાન દરમ્યાન એકાગ્રતા જળવાઇ રહે તે માટે ચા પીતા. ઝેન સંપ્રદાયે તેનો વિસ્તૃત વિધિ નિર્માણ કર્યો અને પછી તે સામાન્ય લોકોના જીવનમાં પણ ઊતરી આવ્યો. ટૂંકમાં ચા-નો-યુ તો અમારી જીવન-કળાનો ધર્મ છે. તેનાથી અમારામાં ધીરજ, માનસિક શાન્તિ તથા કલાપ્રિયતા કેળવાય છે.'

અમે સુકિયા (ચા-ઘર) આવી પહોંચ્યા. સાદું પરંતુ સુઘડ નાનું લાકડાનું ઘર હતું. અમે નાના યોરિત્સુકી(પ્રતીક્ષાલય)માં ઊભા એટલામાં અમારા યજમાન-મિત્ર કોજીમા-સાન અંદરથી આવ્યા અને નમન કરીને પાછા ચાલી ગયા. એટલે અમે બગીચાની પગથી પર થઇને ઘરની બીજી બાજુએ ગયા અને અંદર પ્રવેશ્યા. ખડકો, વૃક્ષો અને પથ્થરના દીવાઓથી બાગ શોભતો હતો. 'ચા-શિત્સુ'(ચા-કમરા)માં પણ ટોકોનોમા (પ્રદર્શન-ગોખ) હતો જેમાં ધૂપદાની તેમજ ફૂલો ગોઠવ્યાં હતાં.


અમને સાદડી ઉપર બેસાડીને કોજીમા-સાનનાં પત્ની ચા-વિધિ માટેનાં બધાં પાત્રો તથા સરજામ લઈ આવ્યાં અને મારી બાજુમાં બેઠાં. સૌ પ્રથમ તેમણે લાકડાના સુંદર વાડકા(ચા-વાન)માં લાકડાના નાના ચમચા વડે ત્રણ ચમચી ચાની ભૂકી નાખી. પછી વાડકામાંની ચાની ભૂકી ઉપર ગરમ પાણી રેડ્યું. તે પછી વાંસની ઝીણી સળીઓના બનાવેલા હજામત કરવાના બ્રશ જેવી માર્જની વડે વાડકામાંની ભૂકી તથા ગરમ પાણીને વલોવ્યાં. આ બધી વિધિ અત્યંત ધી... મેથી ચાલતી હતી. અવારનવાર તેઓ કેડે ખોસેલા રૂમાલથી હાથ પણ લૂછતાં હતાં. બહુ વાર સુધી ચાની ભૂકી એમાં વલોવી એટલે તેમાં ઉપર ફીણ વળ્યું. આવી જાડી ચાને 'કોઇ-ચા' કહે છે.

ચા તૈયાર થઈ ગઈ એટલે તેનો વાડકો પોતાના હાથમાં ગોળ ફેરવીને મારી સામે મૂકચો. વાડકો ગોળ ફેરવીને મૂકવાનો અર્થ એ કે વાડકાની શ્રેષ્ઠ બાજુ મહેમાનની સામે આવે! ડાબી હથેળીમાં વાડકો

↓ ડાબી બાજુથી: જાપાની ચા-વિધિનાં પાત્રો; વચ્ચે: જાપાનના એક સામાન્ય ભોજનનો નમૂનો—(૧) ભાત (૨) સૂપ (૩) બાફેલી વાની (૪) તળેલી વાની યા માછલીની કાતરી (૫) ચટણી (૬) સરગો નાખેલી યા ભરેલી વાની (૭) અથાણું (૮) ખાવાની સળીઓ–ચૉપસ્ટિક્સ (૯) સળીઓ રાખવાની ઘોડી; છેલ્લે: ચૉપસ્ટિક્સ પકડવાની પદ્ધતિ—(૧) પહેલાં જમણે હાથે ઉપાડીને (૨) તેના છેડા ડાબા હાથ વડે પકડવા અને પછી (૩) જમણા હાથની આંગળીઓ તેની વચ્ચે સરકાવીને ચીપિયા જેવું બનાવી તે વડે ખાવાનું.









મૂકીને મેં એક ઘૂંટડો લીધો. તેના સાચા સ્વાદનો ઉલ્લેખ ન કરું તે જ શોભશે. કૈલાસ જતાં તિબેટમાં સૌ પ્રથમ ટુલ્કુ-લામાએ વાડકામાં મીઠા ને માખણની ચા પિવડાવેલી, ત્યારે અંદરથી કડવું પણ બહારથી હસતું મોઢું રાખીને તેમની પ્રશંસા કરી હતી; તેમ અહીં પણ દાક્ષિણ્ય જાળવીને જાપાની યજમાનની ચા બનાવવાની કુશળતાનાં વખાણ કર્યાં! મુંબઈમાં પણ ઘેર જમવા આવતા યુરોપી મિત્રોને ભોજનાન્તે પાન ખવડાવું છું ત્યારે તેઓ પણ પરાણે હસતું મોઢું નહિ રાખતા હોય તેની શી ખાતરી? બીજા બે ઘૂંટડા ગળીને વાડકો નીચે મૂક્યો અને એક સફેદ કાગળ વડે વાડકાનો હોઠ માંડેલો ભાગ લૂછી નાખીને મારી બાજુના મિત્ર તરફ વાડકો પસાર કર્યો. આમ દરેકે એક જ વાડકામાંની ચા થોડીથોડી પીધી. પછી ખાલી વાડકો તથા બીજાં પાત્રો અમે ધ્યાનપૂર્વક જોયાં ને યજમાનનો ભારોભાર આભાર માન્યો. આમ આ ચા-વિધિ પૂરો થયો. આખો યે વિધિ એટલો ધીમેથી ને ચીવટપૂર્વક થતો હતો કે બધું મળીને પૂરા બે કલાક થયા! જતાં પહેલાં અમને બીજી સાદી ચા તેમજ ચોખાના લોટમાંથી બનાવેલી બિસ્કિટ જેવી કેક મળ્યાં.

હવે શિમિઙ્ઝુ સાન ઇકેનોબો વિદ્યાલય પર લઇ આવ્યા. ક્યોટોની આ શ્રેષ્ઠ ફૂલ-રચનાની શાળા ગણાય છે. બીજી અનેક કળાઓ અને વિધિની જેમ આ ફૂલ-ગોઠવણીનું શાસ્ત્ર વળી એક ઔર જાપાની વિશેષતા છે. જાપાની લોકો ખાસ નિયમો અનુસાર ફૂલો ગોઠવે છે અને દરેક સંસ્કારી યુવતીએ ચા-વિધિની જેમ શાસ્ત્રીય રીતની ફૂલ-ગોઠવણી જાણવી જરૂરી છે. દરેક શહેરમાં ફૂલ-રચનાના આવા ઘણા વર્ગો ચાલતા હોય છે, જ્યાં મુખ્યત્વે યુવતીઓ જ શીખવા આવે છે. ફૂલરચનાના મુખ્ય બે પ્રકાર છે: એક પ્રકાર 'રિક્કા' અથવા નિયમબદ્ધ અને બીજો 'નાગીરે' અથવા તો સ્વાભાવિક પ્રકાર. રિક્કાની પ્રચલિત શૈલી 'તેન-ચિ-જિન' કહેવાય છે. 'તેન' એટલે સ્વર્ગ, 'ચિ' એટલે પૃથ્વી અને 'જિન' એટલે મનુષ્ય. સ્વર્ગ ઉચ્ચ સિદ્ધાન્તનું પ્રતીક છે, પૃથ્વી ગૌણ સિદ્ધાન્તનું અને મનુષ્ય તે બંનેના મધ્યસ્થીનું પ્રતીક છે. ઇતિહાસકારો જણાવે છે કે અસલ ભારતમાં ભગવાન બુદ્ધની પ્રતિમા આગળ ફૂલો અર્પણ થતાં ત્યારે બુદ્ધ ભિખ્ખુઓએ તેનો વિધિ અને સંકેત નક્કી કરેલો. બૌદ્ધ ધર્મ સાથે આ નિયમ જાપાન આવ્યો અને ટકી રહ્યો. સામાન્ય રીતે સ્વર્ગ-પૃથ્વી-મનુષ્ય દર્શાવવા ત્રણ ફૂલો કે ત્રણ ડાંખળી વડે ગોઠવણી થાય છે. સૌથી ઊંચી તે સ્વર્ગ, વચલી તે મનુષ્ય અને નીચલી તે પૃથ્વી. ઘણી વાર એક જ ડાળને પણ યુક્તિપૂર્વક ગોઠવીને ઉપરનું ગુચ્છ તે સ્વર્ગ, વચલી જમણી તરફ વાળેલી ડાંખળી તે મનુષ્ય અને નીચલી ડાબી તરફ વાળેલી ડાંખળી તે પૃથ્વી એમ દર્શાવે છે. પ્રસંગોપાત્ત ફૂલોની પણ પસંદગી કરે છે. લગ્ન પ્રસંગે ચીડ, વાંસ અને જગદાળુનાં વૃક્ષોની ડાંખળીઓ ગોઠવે છે, કારણ કે ચીડ વૃક્ષ દીર્ઘાયુષ, વાંસ સમૃદ્ધિ અને જગદાળુ નિર્મળતાનાં પ્રતીક ગણાય છે. જાપાની લોકોએ કલારસિકતાને તેમના જીવન સાથે કેવી ઘટ્ટ વણી લીધી છે તે આવા કલાનૈપુણ્યથી સ્પષ્ટ જણાઈ આવે છે.

એક સાંજે પોન્ટો-ચો થીએટર પર શાસ્ત્રીય નૃત્ય નાટિકા 'કામોગાવા-ઓડોરી' જોવા ગયો. આ નૃત્ય ક્યોટો શહેરની વિશેષતા છે. વસંતઋતુ (૧લી એપ્રિલથી ૧૫મી મે) સુધી ક્યોટોમાં વસંત નૃત્ય 'મીયાકે-ઓડોરી' ભજવાય છે, જ્યારે શરદ્ઋતુમાં કામોગાવા-ઓડોરી ભજવાય છે. નૃત્ય ભજવતાં પહેલાં ઉપરના હૉલમાં શાસ્ત્રીય રીતે ચા-વિધિ થયો અને બધાં પ્રેક્ષકોને ચા મળી. બેલે પ્રકારની નૃત્ય-નાટિકા હતી, પરંતુ કેટલીક વાર પાત્રો પણ સંવાદ બોલતાં. બધી મળીને વીસેક ગેઇશા-યુવતીઓએ ભાગ લીધો હતો. તેમાંની પાંચ નૃત્યાંગના 'સીમીસેન' વાદ્ય વગાડતી હતી, જ્યારે બે વાંસળી, ત્રણ ઢોલ ને પાંચ ડમરુ વગાડતી હતી. બાકીની પાંચ ગાયક હતી. નાટિકા શાસ્ત્રીય હોવાથી કલાપૂર્ણ ને શિષ્ટ હતી; ટાગારાઝુકા જેવી ભોગ-પ્રધાન કે ઉત્તેજક નહિ.








↑ (૧) શ્રેષ્ઠ જાપાની હૉટેલ હીરાગિયાના પ્રાંગણમાં (૨) જાપાના ઘરમાં જાપાની ઢબનું ભોજન લેતા લેખક; (૩) જાપાની ઘરની દીવાલ.

હવે જાપાનના સાંસ્કૃતિક પાટનગર ક્યોટોને છોડવાનો સમય થયો. સ્ટેશન ઉપર શિમિઙ્ઝુ-સાને મુંબાઇ પહોંચું ત્યાં સુધી બગડે નહિ તેવું મીઠાઈનું પૅકેટ વિદાયગીરીમાં આપ્યું અને 'સુબામે'માં બેસી હાકોને જવા નીકળ્યો.


(ચાલુ)



જાપાની ફૂલ-રચના શાસ્ત્રનાં કેટલાંક ઉદાહરણ (તેની ટૂંક સમજણ પાછળના લેખના અંતભાગે વાંચો)—(૧) 'સેઈઝાન રિયુ' નામની ઢબ (૨) પાછળ વર્ણવ્યા મુજબની સ્વર્ગ મનુષ્ય અને પૃથ્વીની રચના (ચિત્ર ૭ તથા ૮ પણ જુઓ) (૩) સેઈઝાન રિયુનો બીજો નમૂનો (૪) મંગલ પ્રસંગે ગોઠવેલાં પાઈન, પ્લમ અને વાંસ—તેનાં સૂચનો વિષે પાછળ વાંચો (૫) પાનખર ઋતુનાં પુષ્પોની રચના (૬) મોરીબાના પદ્ધતિની રચના (૭) અને (૮) સ્વર્ગ, મનુષ્ય અને પૃથ્વીની રચનાના બીજા બે નમૂના (૯) એ જ ઢબે એકલાં કલમપત્રોની રચના (૧૦) રિક્કા પદ્ધતિની રચના (૧૧) અસમ રચનાનો ઉત્તમ નમૂનો (૧૨) શોગેત્સુદો કોરિયુ પદ્ધતિ.














જીનિવામાં ભરાએલા 'વર્લ્ડ હેલ્થ ઑર્ગનીઝેશન' (WHO)ના સમેલનના સ્મરણમાં સ્વિટ્ઝર્લાંડે તાજેતરમાં બહાર પાડેલી છ કિંમતની ટિકિટો પર સંયુક્તરાષ્ટ્રના પ્રતીક ઉપર દંડ અને સાપનું વેંદક તથા આરોગ્ય માટેનું ગ્રીક સંજ્ઞાચિહ્ન આલેખેલું છે. એ જ દેશની બીજી બે તાજી ટિકિટો પૈકી એક પર યુરોપની પુરાણકથાના દૈવી ઘોડા પૅગેસસનું તથા બીજી પર પૃથ્વીના ગોળાની ચોમેર ફૂદડી ફરતી સંદેશવાહિકાઓનું ચિત્ર છે. (જુઓ સાથેનાં ચિત્રો)



ટિકિટ સંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ વિષેનો વિભાગ

ભારતની વધુ નવી ટિકિટો

મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓની યાદગીરી તરીકે ચાલુ વર્ષ દરમ્યાન ચાર વખત ખાસ નવા પ્રકારની ટપાલ ટિકિટો બહાર પાડવામાં આવશે. એમાંની પહેલી ટિકિટ ૨૮મી ઑક્ટોબરે, નવી દિલ્હીમાં ૧૯મી આંતરરાષ્ટ્રીય રેડ ક્રૉસ પરિષદની બેઠકના પ્રારંભદિને બહાર પડી ગઈ છે, જે આ સાથે આપી છે. એના પર રેડ ક્રૉસના સ્થાપક હેન્રી ડચુનાનનું 'બસ્ટ' અને રેડ ક્રૉસ કૉન્ફરન્સનું ચિહ્ન (બૅજ) છાપેલું છે.

ત્યાર પછી 'ચિલ્ડ્રન્સ ડે' માટે ત્રણ ટિકિટોનો એક સેટ પ્રસિદ્ધ કરવામાં આવશે. એમાંની એક ટિકિટ ૮ નયા પૈસાની (બુક પોસ્ટ રેઈટ), બીજી ૧૫ નયા પૈસાની (ઈનલૅન્ડ લેટર રેઈટ) અને ત્રીજી ૯૦ નયા પૈસાની (યૂરોપ માટેની વિમાની ટપાલનો દર) હશે.

ભારતમાં પોલાદઉદ્યોગની સ્થાપનાનાં ૫૦ વર્ષની સ્મૃતિમાં પણ ડિસેમ્બરમાં ૧૫ નયા પૈસાની ટિકિટ બહાર પડશે.

મુંબાઈ, કલકત્તા ને મદ્રાસ યુનિવર્સિટીઓના શતાબ્દી વર્ષની સ્મૃતિમાં ૧૦ નયા પૈસાની ત્રણ ટિકિટો પણ બહાર પડવાની છે.




આ વર્ષની નાતાલનિમિત્તે બહાર પડનારી ઑસ્ટ્રેલિયાની ટિકિટ પર પ્રાર્થના કરતા બાળકનું જાણીતું ચિત્ર છે. (મોકલનાર ભરત દેસાઇ)

ટિકિટોના વૈવિધ્યમાં અમેરિકા હમેશાં મોખરે રહ્યું છે. પોતાના મહાજનો (રાજદ્વારીઓ, સેનાનીઓ, કલાકારો, સાહિત્યકારો, વૈજ્ઞાનિકો, સાહસસફરીઓ, શોધકો, સંગીતકારો, ઉદ્યોગવીરો, ન્યાયાધીશો) ઉપરાંત ઐતિહાસિક સ્થળો અને પ્રસંગો, દેશની પ્રગતિસૂચના સીમાસ્તંભો, દેશની નાનાવિધ ભૌતિક સંપત્તિ, એમ કિસમકિસમનું વૈવિધ્ય તે પર આલેખેલ છે, જે લોકોમાં સતત પ્રજાકીય અસ્મિતાને જાગૃત રાખે છે. એનું એવું નવતર વૈવિધ્ય દર્શાવતી ત્રણ ટિકિટ હમણાં બહાર પડી છે. વચલી ટિકિટ 'નાસાઉ હૉલની દ્વિશતાબ્દી'ની છે. અમેરિકાના ન્યૂ જર્સી રાજ્યના પ્રિન્સ્ટન શહેરનું એ સૌથી જૂનું અને ઐતિહાસિક મકાન રૉબર્ટ સ્મિથ નામના સ્થપતિએ સન ૧૭૫૬માં બાંધેલું. અમેરિકાની ક્રાંતિ વખતે ઑસ્પિટલ તરીકે વપરાએલા આ મકાનમાં જ અમેરિકન કૉંગ્રેસે અમેરિકન ક્રાંતિની અગ્રગણ્ય વ્યક્તિ ને પ્રથમ પ્રમુખ વૉશિંગ્ટનનું બહુમાન કરેલું.

ત્રીજી ટિકિટ પર અંકિત 'ડેવિલ્સ ટાવર' એ ૧૨૮૦ ફૂટ ઊંચો, જ્વાળામુખીના ખડકનો બનેલો કુદરતી મિનારો છે. અમેરિકાના વ્યોમિંગ ગામની નદી પાસે આવેલા આ મિનારાની પહોળી ટોચનું ક્ષેત્રફળ દોઢ એકર જેટલું છે અને ત્યાં થોર જેવી વનસ્પતિ થાય છે. તેની તળેટીનો વ્યાસ એક હજાર ફૂટ છે. આ મિનારા ઉપર હજુ સુધી કોઈ ચડી શક્યું નથી! ઈ. ૧૯૪૨માં જ્યૉર્જ હૉપકિન્સ નામનો સાહસિક, વિમાની-છત્રીની મદદથી તેની ટોચે ઊતર્યો હતો; પણ પછી તેને નીચે ઉતારવા માટે ખડતલ અને અનુભવી પર્વતખેડુઓને સાત દિવસ મહેનત કરવી પડી હતી! ઈ. ૧૯૦૬માં પ્રેસિડેન્ટ થિયોડોર રૂઝવેલ્ટે આ મિનારાને રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કરેલો.

'મિત્રતા એ વિશ્વશાંતિની ચાવીરૂપ છે' એ સંદેશ દાખવતી પહેલી ટિકિટમાં દુનિયાભરનાં બાળકોને એક લાંબી પ્રકાશિત ચાવી તરફ મીટ માંડતાં દર્શાવ્યાં છે. આ જગતમાં શાંતિ સ્થાપવી હશે તો તે આજની જરઠ વિચારની પ્રજા નહિ, પણ બંધુત્વની ભાવના પ્રકટેલી આવતી પેઢી જ સ્થાપી શકશે એ વિચારનો પુરસ્કાર કરતી 'બાળકોની મિત્રતા' નામની ટપાલ-ટિકિટ કાઢવાનો સૌ પ્રથમ વિચાર ન્યૂ યૉર્કનાં સન્નારી હિલ્ડા બટરફીલ્ડને આવેલો. ખૂબ જહેમતને અંતે તેઓ એ માટે યુનેસ્કોને સમજાવી શક્યાં, જેણે પોતાના સભ્ય દેશોને તે બહાર પાડવા સૂચવ્યું. તદનુસાર અમેરિકાએ આ ટિકિટ ગયા વર્ષે બહાર પાડેલી. (ચિત્રો પહેલા કૉલમમાં)



'કુમાર'ના ગતાંકોમાં ૩ અને ૬ વાળી રકમોનો વર્ગ સરલતાથી બની શકે તે દર્શાવવામાં આવ્યું હતું. હું ૯ વાળી રકમનો વર્ગ સરળતાથી કઈ રીતે બની શકે તે જણાવું છું.

જ્યારે રકમમાં બધા ૯ હોય અને તેનો વર્ગ કરવાનો હોય તો જેટલા નવડા હોય તેમાંથી એક નવડો બાદ કરવો. વધેલા નવડાઓને જે રકમનો વર્ગ કરવાનો હોય તેની બરાબર મૂક્યા પછી આઠડો મૂકવો, અને તે પછી, જેટલા નવડા મૂક્યા હોય એટલાં મીંડાં મૂકવાં, ને છેલ્લે એકડો મૂકવો. દા.ત. ૯૯૯નો વર્ગ કરવો છે. એ રકમમાં ત્રણ નવડા છે એમાંથી એક નવડો બાદ કરીએ તો બે નવડા આવશે. એ બે નવડા પછી આઠડો મૂકવો ને આઠડા પછી નવડા જેટલાં (બે) મીંડાં મૂકવાં ને છેવટે એકડો મૂકવો જેથી રકમ બરાબર ૯૯૮૦૦૧ થશે.

(અવિધા) —ઇન્દ્રવદન દેસાઈ

૩૯૫મા અંકના પાછલા પૃષ્ઠ પર ભારતનો નવો નકશો આપ્યો છે તે રાજ્યબંધારણના વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી નીવડે તેવો છે.

નવાં રચાએલાં રાજ્યોના વહીવટી તંત્ર તથા અન્ય અંગો વિષેની માહિતી આપતો એકાદ લેખ પરીક્ષાઓ પહેલાં આપી શકો તો કૉલેજના તથા શાળાના વિદ્યાર્થીઓને ખૂબ જ મદદરૂપ નીવડે. કુમાર સિવાય બીજા કયા માસિક પાસે વિદ્યાર્થીઓ આવી અપેક્ષા રાખે?

(મુંબાઇ) —મધુરી વ્યાસ

[* ભારતના રાજ્યબંધારણનો સમગ્રતયા ખયાલ આપતો સચિત્ર લેખ અંક ૩૧૩માં આપ્યો જ હતો. નવાં રાજ્યો વિષેની લેખમાળા તૈયાર થાય છે. અમારાં સાધનોની મર્યાદાને કારણે આપ ધારો છો તેટલી ત્વરા કદાચ નહિ કરી શકીએ તેનો વસવસો છે.]

૪૦૧મા અંકમાં ૩૦૦મે પાને 'એક જ મિનિટમાં'ના શીર્ષક હેઠળ આપેલી અમુક વિગતો બરાબર નથી: (૧) પ્રકાશ ૧,૮૬૦૦૦ માઇલ એક સેકન્ડમાં પહોંચે છે; એક મિનિટમાં નહિ, (૨) અવાજ હવામાં ઉષ્ણતામાન ૨૦°c હોય ત્યારે ૧૨.૮૪ માઈલ દૂર જાય છે. (૩) મોર્સ કોડના ૭૫ ર શબ્દો ઑટોમૅટિક સિસ્ટમ પર હશે. જ્યારે હાથથી મોકલાય છે ત્યારે સાધારણ રીતે ૧૦૦થી ૧૨૫ અક્ષરો હોય છે. પાંચ અક્ષરનો એક શબ્દ ગણવામાં આવે છે.

(મુંબાઇ) ચંપકલાલ હ. મહેતા



નૂતન વર્ષાભિનંદનની હસ્તકૃતિઓ : જેમને કલા અને કવિતાનો નૈસર્ગિક પ્રસાદ મળ્યો હોય છે તેઓ તરફથી બજારુ છાપનાં અભિનંદનપત્રો મળે છે ત્યારે, સુંદર ગૃહજીવનના મહેમાનને હૉટેલની ચ્હાનો પ્યાલો મંગાવીને પવાતો હોય એવી લાગણી થાય છે. 'કુમાર' તથા તેના તંત્રીનું આ બાબતમાં જે થોડું સુભાગ્ય છે તેની વાનગી અમે આપતા રહ્યા છીએ. એવી આ વર્ષની કૃતિઓ : મથાળે (૧) ભારતીય ચિત્રપ્રદર્શનમાં પ્રથમ પારિતોષિક જીતનાર વાચકોના સુપરિચિત ભાઈ જ્યોતિ ભટ્ટનું ઉઠાવદાર વૂડકટ (૨) કલાકાર બિહારીલાલ બારભૈયાનો રંગીન ક્રેયૉન અને ફાઉન્ટનપેન-સ્કેચ; વચ્ચે (૧) 'કુમાર'ના સ્ટાફ-આર્ટિસ્ટ ભાઈ બિહારીલાલ ટાંકની મધુર રંગયોજનાવાળી કૃતિ—જેમાં ચન્દ્રધવલા કમલાસના સરસ્વતીનું બારીક આલેખન છે (૨) 'દેશમાં ચાલતા કલહો ને ક્લેશોને નાથવાની પ્રાર્થના' કરતું દેવજીભાઈ વાજાનું તૂલિકા-આલેખન; નીચે (૧) આર્ટિસ્ટ આઈ. તલાટનો જલરંગી સ્કેચ (૨) ભાઈ દિલીપ બક્ષીએ 'સિલ્ક સ્ક્રીન પ્રોસેસ' દ્વારા કરી મોકલેલી, રંજક રંગયોજનાવાળી 'મૉડર્ન આર્ટ'ની કૃતિ.

સપ્ટેમ્બર (અંક ૪૦૫) માં પૃ. ૪૫૮ પર 'ધારેલો આંક કહેવો' વાંચતાં લાગે છે કે શ્રી રતિલાલ દલાલે બધા આંક અજમાવી જોયા નથી. ૧,૨,૩ અને ૬ ના આંક ધારીએ તો જવાબ મળતો નથી.

(મુંબાઇ) —તૈયબ કાપડીઆ


[*ચકાસી જોતાં આપની વાત ખરી લાગે છે]

(અનુસંધાન સાંકળિયાની પાછળ)

શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા



સાગરસાવજ દેવો ધાધલ



લેખક 'સુકાની'

ભાગ પાંચમો

ખંડ ૨૧ : ભીમ્મુનિપત્તનમ

જલબંબના સર્જન પછી બંગલા સાગરે જાણે 'રાવળનાથ'ની કસોટી પૂરી કરી હોય એમ, અનુકૂળ વાવડા શાંત પાણી અને નિરભ્ર આકાશની એણે નવાજેશ કરી, ને આખરે ભારત આવી લાગ્યું. ભીમદેવ તલૅંગનો આન્ધ્રદેશ ઢૂકડાવા લાગ્યો હતો. એના પૂર્વજોએ બારસો વર્ષ પહેલાં છોડેલી એ ભૂમિ આજે એને પોતાને ખોળે આવકારતી હતી.

સામેની કંઠાર બ્રહ્મદેશ જેવી હરિયાળી ન હતી. નાનીનાની ડુંગરમાળ ઉપર બહુ જૂજ જંગલ હતાં. સદાપલ્લવિત ઘટાદાર વનરાજિ જેવું અહીં કંઇ ન હતું. પણ આ માતૃભૂમિ હતી. એનાં દર્શન થતાં ભીમદેવની આંખો ભીની થઇ ગઈ. પદ્માવતીને તો બાપ સુખી થાય એ જ જોઈતું હતું. હૈયાના ભાવ દબાવી એ બાપના મુખ સામે જોઈ રહી હતી; અને એના પડછાયા જેવો સંઘમિત્ત એના મુખ સામે જોઈ રહ્યો હતો.

પ્રભાતનાં સૂર્યકિરણોમાં સામે રેતાળ કાંઠો શોભતો હતો. કંઠારી પટ્ટી પાછળ લગભગ સાડા ત્રણ સો હાથ ઊંચાઈની એક ટેકરી હતી અને એના ઢોળાવ ઉપર તથા ટોચના તળ ઉપર એક નાનકડું શહેર દેખાતું હતું. આ શહેર તે ચિત્તવાલસા. શહેરને છેડે એક સુશોભિત મંદિર હતું. ભીમદેવ તલૅંગના કુટુંબમાં એવી કિવદન્તી હતી કે બારસો વર્ષ પહેલાંના એના પુરખાઓ આ શહેરથી બ્રહ્મદેશ ગયા હતા. ભીમદેવે બને તો પોતાને અહીં જ ઉતારવા નાખવાને વિનતિ કરી હતી.

બંદર બહુ નાનું પણ નહિ ને બહુ મોટું પણ નહિ, એવું મધ્યમ હતું. પાણીનાં જબ્બર મોજાં કાંઠા ઉપર અથડાતાં હતાં. અહીં ચસુલા નામની, લંબગોળ દડિયા જેવી નાવો આવાં મોજાંઓ ઉપર થનગનતા ઘોડા જેમ સવારી કરતી હતી. નાવનાં પાટિયાં મશાલીથી બાંધ્યાં હતાં.

વેરસી માલમને 'રાવળનાથ'નું તૂતક સોંપી દેવરાજ કાંઠે ઊતર્યો અને મહેમાનો સાથે શહેરના સત્રમ્ (ધર્મશાળા)માં ઉતારો કર્યો. ભીમદેવે કાંઠાની જમીન ઉપર પગ મૂકતાં જ વિસારેલી માતૃભૂમિની ધૂળ માથે ચડાવી. એના મોં ઉપરથી દસદસ વર્ષનો વિષાદ વીખરાઈ ગયો. પિતાનો સ્વસ્થ ચહેરો જોઇ પદ્માવતી ઉલ્લાસમાં આવી ગઈ. પિતાને આટલે વર્ષે પ્રાપ્ત થએલી પ્રસન્નતામાં જાણે એને રાજ્યવૈભવ પાછો મળી ગયો.

ચિત્તવાલસાનાં નગરજનોને સત્રમમાં ઊતરેલાં આ અતિથિઓ પ્રથમ તો કૌતુકનો વિષય બની ગયાં. પરંતુ આન્ધ્રકંઠાર ને બ્રહ્મદેશનો સૈકડો વર્ષ થયાં એવો ગાઢ સંબંધ હતો કે બીજે જ દહાડે શહેરભરમા વાયકા ફેલાઈ ગઈ કે પેગુ સિંહાસનનો તલૅંગ ધણી ભીમદેવ ખુદ સત્રમમાં ઊતર્યો છે. અને પેગુના તલૅંગ રાજ્યને તો આન્ધ્રવાસીઓ પોતાનો કીર્તિકલશ માનતા હતા! એટલે આજે ભીમદેવ ફરી પોતાને વતન આવ્યા એ એમના મનથી તો બહુ ઉત્સવની વાત બની ગઈ. જોતજોતાંમાં ચિત્તવાલસાના ગ્રામણીઓ પાલખી લઈ ઉપસ્થિત થઈ ગયા અને સૌને રાજવાડામાં લઈ ગયા. સોનલ અને દેવરાજનું કાર્ય પૂર્ણ થયું હતું. એમણે તલૅંગરાજ દ લા બાનની વિદાય લીધી.

શાન્ત થએલો જ્વાળામુખી, ખંડિયેર બનેલી નગરી, અપૂજ બનેલાં મંદિરો, વેરાન બનેલા મહાલયો, સ્મૃતિશેષ બનેલાં ગૌરવ અને ભૂમિસાત્ થએલાં સિંહાસનો, એ માત્ર કાળની ગતિ દેખાડે છે, અવનતિ નહિ! દેવરાજ પોતે પણ એવા ખંડિત ગૌરવમાંથી ફરી નાનકડું રાજ્ય મહાલી રહ્યો હતો. થોડાં જ વર્ષોમાં ભીમદેવે એવું જ નાનકડું રાજ્ય જમાવી દીધું. ચિત્તવાલસા ભીમ્મુનિપત્તનમ્ બની ગયું. આજે પણ એ એ જ નામે ઓળખાય છે, અને વિશાખપત્તનમથી માત્ર આઠ કોસ ઉત્તરમાં શેષ બનેલા ઇતિહાસની સાક્ષી પૂરતું ઊભું છે.

ભાગ છઠ્ઠો : વળતી સફર

ખંડ ૧ : શ્રી ચિદમ્બરમ

નાગપત્તનમનો બૌદ્ધવિહાર, શ્રીવિજય(સુમાત્રા)ના શૈલેન્દ્ર રાજે, વિક્રમ સંવતના અગિયારમા સૈકામા બંધાવ્યો હતો. ચોળમંડલના ચક્રવર્તી રાજરાજેન્દ્રે એને અનેક ગામો દાનમાં આપ્યાં હતાં, અને શૈવ સમ્પ્રદાયના રાજાઓ અન્ય સમ્પ્રદાયને પણ આદરણીય ગણે છે, એની સાક્ષી પુરાવા હતી.

'રાવળનાથ' કડુ વૈયાર નદીમાં દાખલ થયું ત્યારે ભગવી પતાકાઓથી શોભતું હતું. થેરા, ભિખ્ખુઓ, ભિખ્ખુણીઓ અને બૌદ્ધોની સાથે શૈવો પણ સેત્સે ચેલે ફચાના સત્કાર માટે કાંઠે ગરદી કરી રહ્યા હતા. બુદ્ધની મૂર્તિ કિનારે ઊતરી એટલે શિવમંદિરોમાંથી ઘંટા અને ઝાલરો વાગવા માંડી. વાજતેગાજતે એની પાલખી ફરી. 'રાવળનાથે' તેજાના અને લાકડાં ઉતારવા માંડયાં.

ધાધલે શ્રી ચિદમ્બરમ્ જવાને સંઘ કાઢ્યો. આ વખતે એ જાણે સપરિવાર યાત્રાએ નીકળ્યો હોય એમ લાગતું હતું. સોનલ ને ચમ્પકમ માટે શોભાયમાન પાલખીઓ હતી; દેવરાજ, કાકુલ અને અજયપાળ માટે ઘોડાઓ હતા; સાથે દસ બેડિયાતોનો રસાલો હતો. શ્રી ચિદમ્બરમના મંદિરમાં ભેટ ધરવાને જાતજાતનો કીમતી સામાન એક હાથી ઉપર મૂક્યો હતો. સંઘ શ્રી ચિદમ્બરમ્ આવે છે એ ખબર પહેલેથી મંદિરના અધિકારીઓને પહોંચાડવામાં આવ્યા હતા.

આવી તૈયારી એ દેવરાજને મન બહુ નવાઈ જેવી ને નકામી વાત હતી; પણ કોણ જાણે કેમ, બલી છોડયા પછી એના ઉપર સોનલ રાણીનું એટલું તો વર્ચસ્વ, પ્રેમનું છતાં પૂર્ણ વર્ચસ્વ, જામી ગયું હતું કે એ દરેક વાતમાં પોતાનું ધાર્યું જ દેવરાજ પાસે કરાવવા લાગી હતી. ભીમદેવને બ્રહ્મદેશમાંથી મુક્તિ અપાવવામાં સોનલે જે કાર્યશક્તિ અને પ્રતિભા દેખાડયાં હતાં, તેથી સોનલ ઉપર ધાધલને શ્રદ્ધા બેસી ગઈ હતી. અજયપાળ તરફનો એનો વત્સલ ભાવ સોનલ ઉપર પણ એવો

જ ગાઢ થઈ ગયો હતો. આખો જન્મ કુટુંબભાવનાથી નિર્લેપ રહેલો આ બજરંગબલીનો અગડબંબ ઉપાસક આજે સોનલ રાણીની માયામાં બંધાઈ રહ્યો હતો. ધાધલને પણ શ્રી ચિદમ્બરમ્ તો જવું જ હતું. ત્યાં પળણી અમ્માના ખોળામાં મૂકેલી અભાગી અજવાળીની એને ભાળ કાઢવાની હતી; પણ આવી ભભકાદાર સવારી એ તો સોનલની યાત્રા હતી! અને અવશ બની ધાધલ એમાં ભળ્યો.

'અપ્પા!' સોનલે દેવરાજને કહ્યું, 'શ્રી ચિદમ્બરમનાં ચરણમાં અત્તિગળ અને સત્તાણીનાં રાજકુળ, પોતાની વિનમ્રતા જ દેખાડે; પણ વ્યવહાર તો સાચવવો જ જોઇએ!'

'એ ખરું, સોનલરાણી,' ધાધલે કહ્યું: 'પણ દેવા ધાધલને તો એક મછવો બસ છે; એને હાથીઘોડા ન ખપે!'

'કેમ ન ખપે, અપ્પા? તમે કંથકોટના કુંવર, બલીના અષ્ટકુલ રાજન, અને સત્તાણી દરબારના મામા ને અમારા અપ્પા. તમારાથી તો ઘોડા ઉપર પણ ન બેસાય—તમને તો હાથી જ શોભે!'

'અમને હાથી ઉપર મજો ન આવે, સોનલ! એનો રસ્સો પાછળ અને સુકાન આગળ! ઈ જીુસાં હેરિયાં કેમ કરે?!' ધાધલે પૂછ્યું.

—પણ સોનલના આગ્રહ સામે દેવરાજ નિરુપાય બની ગયો. દેવરાજને વર્ષેક પહેલાંની સવારી યાદ આવી. બે દરિયામાલમ અને એક અભાગી બ્રાહ્મણી! ભગવાનના દરબારમાં તો ભાંગ્યાં ને સાજાં સહુ આવે; કોઈ પગપાળાં, કોઈ હાથીની અંબાડીએ; કોઈ રત્નજડિત ભેટ લઇને, કોઈ બે ફૂલ લઇને, તો કોઈ માત્ર ભાંગ્યાં હૈયાંના ટુકડા લઇને!

ખંડ ૨: ભરતમુનિનાં હરણ!

આ વખતે ચિદમ્બરમ્ પહોંચતાં સંઘને ત્રણ દહાડા લાગ્યા. આ તો રાજસવારી હતી. ધાધલ માંડમાંડ બે દહાડા ધીરજ રાખી રહ્યો; પણ જેવો સંઘ કાવેરી ગંગાને તીરે પહોંચ્યો, કે એણે પોતાનો ઘોડો તારવી લીધો અને ગામ તરફ મારી મૂક્યો. મંદિરના અધિકારીઓ એનું પૂર્ણકુંભથી સ્વાગત કરે, એ વિચાર એને કોઈ રીતે માન્ય ન હતો.

શિવકોરમમાં સ્નાન કરી એ પરબારો પંડાર સન્નિધિના મઠમાં પહોંચ્યો. નીચે પરસાળમાં જ પળણી અમ્મા બેઠાં હતાં. આસપાસ દસબાર સ્ત્રીઓ બેઠી હતી. સહુના હાથ કંઈ ને કંઈ કામ કરતા હતા, પણ સહુના કાન પળણી અમ્માની વાણી સાંભળી રહ્યા હતા.

સામેની પરસાળમાં બટુઓ વેદઘોષ કરી રહ્યા હતા. ધૂપ અને હુત દ્રવ્યોની સુવાસથી આંગણું મઘમઘી ઊઠ્યું હતું.

ધાધલને જોઈ પળણી અમ્મા મલક્યાં અને ઊભાં થયાં: 'પધારિયે દેવરાજ, સન્નિધિજી આપકી હી પ્રતીક્ષામેં બેઠે હૈ!'

ધાધલ સીડી ચડી ઉપરના ખંડમાં ગયો. એ જ આસન, એ જ સ્વસ્થતા, એ જ તેજ:પુંજ, એ જ કારુણ્ય; હજી જાણે ક્ષણ પહેલાં જ એ અહીં બેઠો હતો. હાથમાં પાઘ લઈ દેવરાજે પ્રણિપાત કર્યા. સન્નિધિજીએ જવાબમાં માત્ર સ્મિત કર્યું, પણ એ સ્મિતે જાણે આખી સફરનો થાક આવરી લીધો. પળણી અમ્મા ઓરડામાં આવ્યાં. એમની જોડે પચ્ચીસેક વર્ષની લાગતી, સાદાં વસ્ત્ર ધારણ કરી એક નમણી સ્ત્રી હતી. એની આંગળીએ થનગન કરતી એક બાલિકા હતી.

પળણી અમ્મા સાથે આવેલી સ્ત્રીએ ધાધલને નમસ્કાર કર્યા. ધાધલ જોઈ રહ્યો. આ અજવાળી! આ કેવો ચમત્કાર! એ મુખ ઉપર અતાગ શાંતિ હતી; એના અંગેઅંગમાંથી સ્વસ્થતા નીતરી રહી હતી; એની આંખમાં સુખ ઊભરાતું હતું. ધાધલે કૃતજ્ઞતાથી સન્નિધિજી સામે જોયું. એમની આંખોએ પળણી અમ્મા સામે સંકેત કર્યો. પળણી અમ્માએ ધાધલની નજર ચુકાવી અને બાલિકાને કહ્યું: 'ઉમા, પારૂર્, અવર્ગળ ચુન તાતા, દેવરાજે! નમસ્કારમ પૌડ્વમ્મા!' (ઉમા, જો આ તારા દાદા દેવરાજ! નમસ્કાર કરો મા!) ઝડપથી ઊઠી ઉમાએ દેવરાજને પ્રણિપાત કર્યા, ને એના ખોળામાં બેસી ગઈ.

વધારે કંઈ પણ પૂછવાની જરૂર ન હતી. મહમુદ નાખોદાએ પોતે આપેલો કોલ પૂરેપૂરો પાળ્યો હતો અને અજવાળીનું કુટુંબ ઠેઠ ચિદમ્બરમ્ પહોંચાડ્યું હતું. એ કોલ કેવો કામીલ રીતે પાળ્યો હતો તે તો ધાધલને પાછળથી ખબર પડવાની હતી!

સન્નિધિજીએ સફરના ખબર પૂછ્યા. દેવરાજે બન્યા બનાવો ટૂંકમાં કહી સંભળાવ્યા. સન્નિધિજીએ અજયપાળ, તન્ગમ્, ચમ્પકમ્ અને કાકુલને મઠમાં અતિથિ બનાવવાનો આદેશ આપ્યો. ધાધલે કહ્યું કે એ તો બધાં પૂર્ણકુંભનાં સ્વાગત પામવાનાં છે. સન્નિધિજીએ હસીને કહ્યું કે એ સ્વાગત માટે પણ એમણે જ આદેશ આપ્યો હતો;—અને દેવરાજને આગ્રહ ન કરવો એમ પણ અમે જ કહેવડાવ્યું હતું.

બાપા દેવરાજનો અને બીજાં અતિથિઓનો સર્વ ભાર અજવાળીએ ઉપાડી લીધો હતો. ધાધલને જોઈ એ ખરેખરી અજવાળી બની ગઈ હતી. બાળ ઉમાએ તો દાદાનો કબજો લઈ લીધો હતો અને પોતાના નાનકડા હાથે એનો હાથ જોરથી પકડી એ ફરતી હતી; અને તાતાને અનેક કાલીકાલી વાતો કહેતી હતી. ધાધલ આને ઋણાનુબંધ માનતો હતો. કવિઓએ એ ઋણાનુબંધને 'આન્તર: કોઽપિ હેતુ:' કહ્યો છે; દાર્શનિકોને હજી એના માટે શબ્દ જડ્યો નથી.

આંગણું વટાવી સહુ સામેની પરસાળમાં આવ્યાં. અહીં બટુઓ વેદાધ્યયન પૂરું કરી આમ તેમ વૃક્ષો નીચે રમતા હતા. ઉમાને અને અજવાળીને જોઈ એક તેજસ્વી બટુ દોડતો આગળ આવ્યો. કમરે પીતામ્બર, ખભે જનોઈ, ચકચકિત માથા ઉપર નાનકડી શિખા! એ દેવરાજને તાકતો ઊભો રહ્યો.

'અય્યો! યેન્ ઈપ્પડી, શંકરન્! અવર્ગળ યેન્ગળ તાતા, દેવરાજે! પ્રણિપાતમ્ પૌડ્વપ્પા!' ચાંપલી ઉમાએ બટુને કહ્યું. (અરે, આમ ઊભો શું છો, શંકર! આ તો આપણા દાદા દેવરાજ! પ્રણિપાત કર, ભાઈ!)

શંકરન્ દેવરાજના પગમાં નમ્યો. દેવરાજે એના ખભા ઝાલી લીધા. બાળ, તો પણ બ્રાહ્મણ! એને નમવા કેમ દેવાય!

'બાપા, એને પ્રણિપાત કરવા દ્યો!' અજવાળીએ કહ્યું: 'આજે અમે આ સુખ જોઇએ છીએ એ પ્રતાપ તમારા જ છે!' આમ કહેતાં પણ અજવાળીના મોં ઉપર ગત જન્મની સ્મૃતિ ન હતી, એ આ સ્થાનનો પ્રતાપ હતો. ધાધલ મૂંઝાઈ ગયો. એનો પરિવાર વધતો જ જતો હતો; અને તે યે કેવો પ્રેમી અને પ્રતાપી પરિવાર!

ખંડ ૩: અલ શયતાની કોલ પાળે છે

પાછલી પરસાળના દ્વાર પાછળ બીજું મોટું ચોગાન આવ્યું. અહીં અનેક સુશોભિત ઓરડા હતા. વચમાં પ્રાચીન વૃક્ષો ઊભાં હતાં. મઠનું આ અતિથિગૃહ હતું. ઉમા અને શંકરનના હાથમાં તાતાને મૂકી, અજવાળી 'આવું છું' કહી પાછી ફરી અને થોડી વારે એક વૃદ્ધને લઈ આવી. અજવાળી અને બાળકોને જોયા પછી, અજવાળીના પિતા વિષે ધાધલ વિચારે ત્યાં તો સોમેશ્વર મહારાજે એને આશીર્વાદોથી નવરાવી દીધો.

એ વૃદ્ધ બ્રાહ્મણના કહેવાથી ધાધલે જાણ્યું કે મહમુદ બીન અબદુલ્લાએ છેલ્લી વાર, 'અલ શયતાની'નું નામ, સવાબને ખાતર, કેવું સાર્થક કર્યું હતું. છ ગુરાબ અને તેરસો અરબાઓને લઈ એ સુરત ઊતર્યો હતો. એણે અજવાળીને રંજાડનાર નરાધમ દેસાઈની મેડી ઉપર ગધેડાં લોટાવ્યાં; એણે એના વાડી વજીફા ઉપર હળ જોતરાવ્યાં; એણે એનાં જરજમીન ફના કરી નાખ્યાં; અને એની લાશ ગીધડાંઓને નાખી.

એણે સૂરતના મહાજન પાસેથી પણ મોટો દંડ વસૂલ કીધો અને જો ફરી કોઇ વાર સ્ત્રી-ગુલામનો વેપાર કર્યો છે, તો પોતે, મહમુદ બીન અબ્દુલ્લાહ અલ શયતાની, એકેએક મહાજનને, બસરાની બઝારમાં વેચી નાખશે એવો જાસો દીધો !

સૂરતના કોટવાળે અજવાળીને ગુલામરૂપે દેસાઇ પાસેથી સ્વીકારી હતી તેથી એણે એનું પણ મકાન લૂટ્યું, ને પછી આગ લગાડી દીધી !

પછી એ ખંભાત પહોંચ્યો અને ખુદ વર્ધમાનશેઠને થરથરાવી નાખ્યા ! એનો પાંચસો અશરફી દંડ કર્યો, ને ખંભાતના સિપાઇઓ વચ્ચે પડયા ત્યારે ખંભાતનો કોટ તોપે દાગી દેવાની ધમકી દીધી ! એ પાંચસો અશરફી આપી, એણે સોમેશ્વર મહારાજને અને એના બે દોહિત્રોને નાગપત્તનમ્ આવતા એક અરબ ધાઉ ઉપર રવાના કર્યા, અને એના આ સવાબી કામ માટે અગર જો સુરત કે ખંભાતમાંથી કોઇએ જરા પણ શિકાયત કરી છે, તો ફરી દેવરાજ ધાબલ સાથે અહીં આવવાની ધમકી આપી, એ રસ્તે પડયો ! માશાલ્લા ! એણે 'દોસ્તો રફીક' ધાબલને કોલ આપ્યો હતો અને એ કોલ એને પૂરેપૂરો પાળવાનો હતો !

આ દાસ્તાન સાંભળી દેવરાજ પણ ચકિત થઈ ગયો. એણે મહમુદ નાખોદાનો જાતે આભાર માનવાનો નિશ્ચય કર્યો; અને હવે કદી 'રાવળનાથ' ઉપર ગુલામો ન સારવાનો જાતે પણ નિશ્ચય કર્યો.

ખંડ ૪: સોનલનું પિયર

વિ. સં. ૧૮૨૦ના આશ્વિન વદ તેરસની વહેલી પરોઢે અત્તિંગળના નગારખાનાએ નાગસ્વરમ્‌ના સૂરથી શહેરને જગાડી દીધું. અહીં આજે બેવડી દિવાળી હતી. અન્જતેંગુ બંદરેથી તોપોના બાર શરૂ થયા. એ બારનો દરિયામાંથી 'રાવળનાથ' જવાબ આપતું હતું. તન્ગમ્ પરણીને પિયર આવતી હતી; અને નારાની રાણી બનીને આવતી હતી!

અત્તિંગળથી અન્જતેંગુ સુધીનો માર્ગ વાહનો અને પગપાળાઓથી ઊભરાઇ ગયો હતો. સત્તાવન નાયર કેદીઓ પણ જીવતા ઘેર આવતા હતા; નાયર કુંવરી ચમ્પકમ્ સન્તેડે ઘેર આવતી હતી; અને મહારાજા માર્તંડવર્માએ ઠેઠ તિરૂ અનન્તપુરમ્‌થી અષ્ટકુલ રાજન્ રાજા લાઉત દેવરાજ માટે હાથીસવારી મોકલાવી હતી!

અષ્ટકુલ-ચટ્ટવિલની નાયર પિલામાર (બિરાદરી) અને સેંકડો સ્ત્રી-પુરુષો કાંઠા ઉપર વાજતેગાજતે સામૈયું કરવા આવી ઊભાં હતાં.

સોનલ ફરી તન્ગમ્ બની ગઇ હતી. એણે અને ચમ્પકમે નાયર પોશાક પહેર્યો હતો : મુંડુ, રવિક્કે, તુરવતુ, માથાની પડખે ગૂંથેલો કેશ-રાશિ; અને ફૂલોને સ્થાને રત્નજડિત આભૂષણો.

—અને મોજાં ઉપર ઊછળતી મંજીમાં એ બેયને પડખે અજયપાળ અને કાકુલ બેઠા હતા. પછવાડે નાયર કેદીઓ(હવે મુક્ત નાયરો)ની મંજીઓ ઊછળતી હતી. કાંઠા ઉપરથી એકેએક કેદીનાં કુટુંબીજન પાછાં ફરતાં પ્રિયજનને ભૂખી આંખોએ તાકી રહ્યાં હતાં.

—અને એ સૌનો મુક્તિદાતા, દૂર નાંગરેલા 'રાવળનાથ'ના તૂતક ઉપર એકલો ઊભો હતો. આવી સફર એણે કોઈ વાર કરી ન હતી.

ત્રીજે દહાડે તિરૂ અનન્તપુરમ્‌માં મહારાજા શ્રી માર્તંડવર્માએ દરબાર ભરી, દેવરાજ ધાબલને રત્નજડિત સોનાની મૂઠવાળી તરવાર અને પોશાક અર્પ્યાં. મહારાણી ઇન્દીવરાક્ષીઅમ્માળે સાત દહાડા એને અત્તિંગળમાં મહેમાન બનાવ્યો. અત્તિંગળની વર્ધમાનશેઠની પેઢીના વાણોતરોએ દરરોજ એની ખબર પૂછ્યે રાખી. પેઢીએ ભાડે બાંધેલા વહાણનો નાખવો દેવો ધાબલ, અને આ રાજમાન્ય દેવરાજ, એ એક જ માનવ ન કહેવાય. આવા રાજમાન્ય પુરુષની ઓળખાણ જરૂર કોઇ વાર કામ લાગે, એ ચતુર વાણોતરો સારીપેઠે સમજતા હતા !

હવે પચ્છમ ધરામાં ફરી પગ મૂકવા દેવરાજ અને અજયપાળ અધીરા બની ગયા હતા; પણ આ મિજબાની ઠેલાય એમ ન હતું.

વેરસી માલમ 'રાવળનાથ' લઇ કોચીં ઊપડી ગયો. નાખવો અને માલમ પગરસ્તે કોચીં પહોંચે એમ નક્કી થયું. અત્તિંગળની મહેમાનીના સાત દહાડાને બદલે તન્ગમે મહિનો પૂરો કરી દીધો! અહીં એણે બેયને કાચે તાંતણે બાંધી મૂકયા હતા.

મહિનો ય પૂરો ન પડયો! દીકરીને પિયરવાસના ધરવ કે દહાડે થયા છે? આખરે વિદાયો અપાઈ. તન્ગમ્ પાછી સોનલ રાણી બની ગઇ, અને પોતાના પતિ અને અપ્પા સાથે કોચીં જવા સધાવી.

ચમ્પકમ્ કાકુલને લઈ પોતાના ગરાસ તરફ સધાવી. બે ય બહેનપણીઓએ એકબીજાને જલદી જલદી મળવાનાં વચન લીધાં અને દીધાં, અને બે ય રસાલા જુદીજુદી દિશામાં ઊપડયા. સોનારાણી સાથે બરકંદાઝી ટુકડીઓ ચાલવા લાગી. (ચાલુ)

ગુજરાત અને જાવા

અગાઉ કહેવાઈ ગયું છે કે અગ્નિએશિયાના દેશાવરોમાં જાવા –મહર્ષિ વાલ્મીકિના યવદ્વીપ–માં બાંગ્લા, તમિળ અને ગુજરાતનાં લોહીએ માદક, સાહસિક અને ઠાવકો મેળ સાધ્યો છે. તેમાં જાવાની સંસ્કૃતિ ને આબાદીનો માણેકથંભ ગુજરાતીઓએ રોપ્યો હતો, અને પછી બંગાળા ને શોળીય પ્રજાઓએ મંડપ શોભાવ્યો હતો, એ વાતની સાક્ષી જાવાનો ઇતિહાસ પૂરે છે.

કાવી ભાષામાં લખેલો 'નાગરકૃતાગમ' ગ્રંથ આ વિષે વાયકા વર્ણવતાં કહે છે કે, શકે ૫૨૫ શુમારે ગુજરાતના રાજાને જ્યોતિષીઓએ એવું માઠું ભાવિ દર્શાવ્યું કે ગુજરાતના રાજવંશનો અને એની રાજધાનીનો નિતાન્ત નાશ થશે. આવી ગોઝારી ભવિતવ્યતામાંથી પોતાના વંશને બચાવી લેવા ગુર્જરરાજે પોતાના કુમારને કોઈ દૂરના દ્વીપાન્તરમાં જઈ વસવાની આજ્ઞા કરી.

રાજકુમારે જાવા જવાનો નિશ્ચય કર્યો અને પોતાની સાથે પાંચ હજાર જેટલાં નગરજનોને સાથે લીધાં. આટલાં બધાં સ્ત્રીપુરુષો ઉપરાંત નવું રાજ્ય વસાવવાનાં અઢળક સાધનો લીધાં અને નાનાંમોટાં એક હજાર વહાણોનો કાફલો ઉપાડયો. આ કાફલાના રક્ષણ માટે છ ગબ્બર જહાજો સાથે ચાલ્યાં. ચાર મહિનાની સફર પછી કાફલો જાવાદ્વીપના માતરમ્‌બંદરમાં આવી નાંગર્યો. તે કાળે ત્યાં કરાળ જંગલો હતાં, વિકટ પહાડો હતા. પરંતુ આ સાહસિકોએ જંગલમાં આબાદી ઉપજાવી અને ગુજરાતમાંથી બીજા બે હજાર માણસોને લાવી સમૃદ્ધ વસાહતો સ્થાપી. જાવાના તવારીખકાર કહે છે કે જાવા ત્યારથી ગબ્બર બન્યું અને માતરમ્‌ની ખાડીમાં અનેક દેશદેશાવરનાં વહાણો અને વહાણવટીઓ ગીરદી કરી રહ્યાં.

આખા રાજવંશનો અને રાજધાનીનો નિતાન્ત વિનાશ ઇતિહાસે વલભિપુર (વળા) અને એના મૈત્રક રાજવંશનો જ નોંધ્યો છે. આ જાવી કથા એ વિનાશને વિષે છે એ નિઃસંદેહ છે. આ ઇતિહાસનો ઉલ્લેખ સર સ્ટૅમ્ફર્ડ રૅફલ્સે પોતાના ગ્રંથ (History of Java, Vol II pp. 87ff)માં કર્યો છે. જાવી બોલીમાં કોઇકોઈ વાર જૂની ગુજરાતીના ભણકારા વાગે છે એનું આ કારણ છે. એક હજાર ને છ વહાણોના ગબ્બર કાફલાનો સરનાખવો–સાંયાત્રિક 'મહાનિર્યામક' મૈત્રકોના શિલાદિત્ય જેવો જ ગબ્બર પુરુષ હશે એમાં શંકા નથી. —'સુકાની'

પચ્ચીસ વર્ષ પહેલાંના રેખાઉતાર રૂપકવાળા સ્વસ્થ કાવ્યપ્રકારનો આ નમૂનો આજનાં અદ્યતન કાવ્યોને પડછે અવલોકનપાત્ર છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



કારતક ૧૯૯૯
અંક ૧૦૭

અભિસારિકા

· ઉપજાતિ–વંશસ્થ ·

વિભાવરી તારક સર્વ ગૂંથી,
અંધારરંગી નિજ ચૂંદડીમાં;
સેંથો રચીને નભગંગ કેરો,
ભરી શશીપુષ્પ પ્રફુલ્લ વેણીમાં:
જતી હતી એ અભિસારિકા સમી,
આલિંગવાને પ્રિય પ્રાણને કો;
ખરી જતાં ત્યાં મદમત્ત કેરાં
નૂપુરનાં ઝાકળમોતીડાંઓ.
મૃદુમૃદુ અંગુલિ ફેરવીને,
શાંતિ તણું બીન બજાવતી જતી;
પહાડ ને નિર્ઝર જંગલોમાં,
એ મુગ્ધતા સૂર તણી છવાતી.
પ્રકાશનેનો પ્રિય પ્રાણ કેરો,
ધીમેધીમે આભ મહીં ખૂલે છે;
ત્યજી દઇને નિજ બીન રાત્રિ,
વ્યાકુળ હર્ષે દિશ એ ધસે છે.
લંબાવતો જ્યાં પ્રિય કર્ણ હસ્ત,
રાત્રિ મરે જીવન ત્યાં સમસ્ત.

—પ્રહ્લાદ પારેખ—

આજ પચ્ચીસ વર્ષ બાદ તો વિજ્ઞાને અસાધારણ પ્રગતિ કર્યા છતાં, એ સમયે છપાએલા 'અદૃશ્ય કિરણો' નામક લેખનો સાર આજ પણ એટલો જ રસમય લાગશે:

હમણાં થોડા જ વખત પર જાણ્યું કે અંધારામાં પણ હવે ફોટોગ્રાફો પડે છે. ફોટોગ્રાફનો અર્થ જ એ કે 'પ્રકાશથી પાડેલું ચિત્ર.' પણ અંધારામાં છબી લેનાર પ્રકાશનાં કિરણો આપણી આંખને દેખાતાં નથી. પ્રકાશમાત્રનું મૂળ સૂર્ય છે અને તેમાંથી આપણે મેઘધનુષ્યરૂપે લાલથી જાંબલી સુધીના સાત રંગો જોઇ શકીએ છીએ. આ દરેક રંગને અમુક જ વેઇવ લેંગ્થ–આંદોલન-ગતિ–હોય છે. (એ શબ્દ આજે રેડીઓમાં ખૂબ વપરાય છે.) એ મેઘધનુષ્ય જોઇને કોઇને પણ વિચાર આવે કે તેમાંના બે કિનારના લાલ અને જાંબલી એ બે રંગો પછીની હદમાં શું હશે? આ ભાગો 'સ્પેક્ટ્રમ'(રંગશોધક કાચ)માં યે અદૃશ્ય રહે છે, ને તેમાં જ અનેક અજાયબીઓ ભરેલી છે.

આ અદૃશ્ય કિરણોના મુખ્ય બે પ્રકાર છે: 'અલ્ટ્રા વાયોલેટ' અને 'ઈન્ફ્રા રેડ.' અલ્ટ્રા વાયોલેટ કિરણો મેઘધનુની રંગમાલાના એક તરફના છેડાના જાંબલી(અથવા વાયોલેટ)-ની પછીની હદમાંથી છૂટે છે. આરોગ્ય માટે તે બહુ ઉપયોગી મનાય છે. ઈન્ફ્રા રેડ કિરણો મેઘધનુ-રંગમાલાની બીજી ધારના લાલની પછીની હદમાંથી મળ્યાં છે.આ કિરણો ગમે તેવા ઘાડા ધુમ્મસની પણ પાર જઇને ફોટોગ્રાફીની પ્લેટ પર પ્રકાશ નાખી શકે તેવાં બળવાન હોય છે. છતાં આપણી આંખ તેમને જોઈ શકતી નથી! પચાસ સાઠ માઇલ દૂરના પ્રદેશોની છબીઓ આ કિરણોની મદદથી લઇ શકાય છે!

આજ સુધી 'એક્સ રે' (ક્ષ કિરણો) દ્વારા અદૃશ્ય ભાગોની છબી લેવાતી તે વાત જગજાણીતી છે. તેની મદદથી શરીરની અંદરનાં ઘણાં દુઃખો–દર્દો શોધી ઇલાજો કરી શકાયા છે, બનાવટી વસ્તુઓની પરીક્ષા થઇ શકી છે તેમજ યંત્રોની તાકાત પણ તપાસી શકાઈ છે.

અદૃશ્ય કિરણો દ્વારા ફોટોગ્રાફ લેવાની આ રીત શોધાયા પછી તો જાતજાતની કરામતોની શોધ થઈ છે. આ બધીમાં ફોટોગ્રાફી અને વીજળીના સિદ્ધાંતોની અજબ ગૂંથણી કરી તેને 'ઇલેક્ટ્રિક આઇ' એવું નામ આપવામાં આવ્યું છે. આ ઇલેક્ટ્રિક આઈના પ્રકારો નીચે મુજબ ગણાવી શકાય: (૧) ફોટો-ઇલેક્ટ્રિક ટ્યૂબ, (૨) સીલેનિયમ સેલ, (૩) ફોટો-વાલ્ટેક સેલ્સ (૪) ડ્રામ ઑક્સાઈડ પ્લેટ્સ.

કોઇ પણ ક્રિયામાં કંઇ ગણતરી, નિશાની કે છાપ લેવાની જરૂર હોય તેમાં જો પ્રકાશનું કિરણ રોકી શકાય, ધીરું પાડી શકાય તો ઉપરની કોઇ પણ યોજના જોડવાથી મૂળ ક્રિયામાં જરા પણ ખલેલ પડ્યા સિવાય કામ આપી શકે. દાખલા તરીકે એક મોટા ઘડિયાળના લોલકની ગતિ પ્રમાણે ઘણાં ઘડિયાળ ચલાવવાં હોય તો અસલ વસ્તુની ગતિ પર જરા પણ વધારે બોજો કે રોકાણ આપ્યા સિવાય કિરણોના માર્ગમાં માત્ર અવરોધ ગોઠવ્યાથી બની શકે.

હાથ કચરાઇ કે ખેંચાઇ જાય તેવાં યંત્રોમાં ફોટો-સેલ ગોઠવવાથી હાથનો અવરોધ આવતાં મશિનની મોટરગતિ એકદમ રોકાઈ જાય અને જોખમ થતું બચે.

વીજળીથી ચડઊતર થતી લિફ્ટનાં બારણાંમાં ફોટોસેલ ગોઠવાય. જ્યાં સુધી આગળની પગથી પર માણસ ઊતર્યો ન હોય ત્યાં સુધી કિરણો પર કાબુ રહે અને તેથી લિફ્ટ બંધ થઈ જાય નહિ કે ચાલુ થાય નહિ.

મોટર ડ્રાઇવર અતિ વરસાદ કે ઠંડીમાં બહાર નીકળ્યા સિવાય ગૅરેજ અથવા મકાનના દરવાજા માત્ર ફોટોસેલની ગોઠવણથી ઉઘડાવી શકે છે. તે ફક્ત ફોટોસેલની ગુપ્ત જગ્યા પર ટોર્ચ ફેંકે એટલે તે ગતિમાન બને છે અને જાદુમંત્ર હોય તેમ રસ્તા ઊઘડે છે! જરા મગજ અને યોજના ચલાવવાથી આ ફોટોગ્રાહક કિરણોનો ઉપયોગ અશક્ત માણસો માટે ખૂબ જ થઈ શકે. બહુ ભારે બારણાં ઉઘાડવામાં માત્ર પડછાયો પડતાં જ ચાંપો ચાલુ થઈ જાય; હવામાં હાથ હલાવી કિરણના માર્ગમાં અવરોધ કરતાં જ ઘંટડી વાગે અથવા બહાર નિશાની પહોંચે કે નોકર હાજર થાય; પ્રકાશ વધતોઓછો થાય તેમ બારીબારણાં બંધ થાય કે ઊઘડે; અંધારી ચાલમાં કોઇ આવતું હોય તો અદૃશ્ય કિરણો વીજળિક ફોટોસેલને અસર કરી ચેતવણી યા ખબર આપી શકે; આ રીતે પાર વગરના તેના ઉપયોગ છે. અને ખૂબી તો એ છે કે તે ગમે ત્યાં ગોઠવી શકાય એવી હોય છે. વીજળી અને પ્રકાશ એવા નોકરો છે કે નથી અવાજ થતો, નથી વિલંબ થતો અને નથી કાબૂ જતો.

આ સિદ્ધાંત પર ડૉ. ફિલિપ ટૉમસ નામના ઈજનેરે અમેરિકામાં ઘરને સુરક્ષિત બનાવવાની યોજના કરી છે. તેણે અખતરો બતાવતી વેળા એક રૂમમાં બિછાના પાસે ટેબલ પર ઝવેરાતની પેટી મૂકી અને તેની આસપાસ દરેક બારીબારણાંની આડાં પડે એવી રીતે ઈન્ફ્રા રેડ અને અલ્ટ્રા વાયોલેટ અદૃશ્ય કિરણોના માર્ગ ગોઠવ્યા, એવી રીતે કે ઝવેરાત પાસે જનાર એકાદ માર્ગ વટાવ્યા વિના રહે જ નહિ; અને તે જ પળે પ્રકાશ થાય, ઘંટડી ગાજી ઊઠે અને ગુપ્ત રાખેલા કૅમેરામાં તેની છબી સુદ્ધાં પડી જાય! ડૉ. ટૉમસે પોતે અખતરા ખાતર ચોરનું પાત્ર બની પોતાને જાળમાં નાખી તેની ખાતરી કરી આપી.વીસ મિનિટને અંતે ચોરની છબિ પોલિસના હાથમાં પડી!

વીજળી અને પ્રકાશનાં બળોનો અભ્યાસ હવે અનિવાર્ય ગણાશે.જુવાન વિજ્ઞાનીઓ ને વિદ્યાર્થીઓ વેળાસર આ વિદ્યાઓના સાદા પ્રયોગથી માંડી ગહન અભ્યાસ વધારવા તરફ ધ્યાન આપે એ અતિ આવશ્યક છે.

તદનુસાર 'પક્ષીઓનાં સ્થળાંતર' વિષે ત્યારે શ્રી હરિનારાયણ આચાર્યે લખેલી નોંધ પણ

આજે ય એટલી જ રસમય ને ઉપયોગી છે:

ગુજરાત, કાઠિયાવાડ અને સિંધનાં પક્ષીઓની જાતિની ગણના કરતાં કુલ સંખ્યા ૧૦૦૦–૧૨૦૦ થાય છે. તેમાં ગુજરાતમાં ૮૦૦ જેટલી જાતનાં પક્ષીઓ છે. આઠસોમાંથી ૧૦૫ જાત જલચર અર્થાત્ પાણીના આધારે જીવનારી છે. અજબ વાત એ છે કે આ ૧૦૫ જાતમાંની માત્ર ૩૨ જાત જ સ્થાનિક—બારે માસ ગુજરાતમાં રહેનારી—છે; બાકીની ૭૩ જાતનાં પક્ષીઓ દરશિયાળે હિમાલય, ચીન, સાઈબીરિયા તરફના પ્રદેશોમાંથી અહીં આવે છે, અને ઉનાળાના આરંભમાં સ્વદેશ ચાલ્યાં જાય છે. સ્થળચર પક્ષીઓની વાત જ નથી, પણ જેને પક્ષીઓનો અભ્યાસ વગર સાધને કરવો છે તેને ગુજરાતનાં તળાવ, ઝરા, નદીઓ જેવાં સ્થાન તથા શિયાળા જેવો બીજો ઉત્તમ સમય નથી. અને આ ખરેખર કરવા જેવું છે. ગુજરાતની પ્રાણીસમૃદ્ધિ વિષે હજુ બહુ ઓછું જ્ઞાન મેળવાયું છે.

પક્ષીઓનાં આવાં સ્થાનાંતરનું કારણ પક્ષીજીવનને પ્રતિકૂળ ઋતુમાન છે. જે પ્રદેશોમાં શિયાળામાં ખૂબ ટાઢ પડે છે ત્યાંનાં પક્ષીઓ ઉનાળા સુધી બીજા ગરમ કે સમશીતોષ્ણ દેશોમાં જતાં રહે છે. પણ ત્યાં તેઓ ઇંડાં મૂકતાં નથી. આપણા ગુજરાતમાં ઠેઠ યૂરપ, સાઈબીરિયા, ચીન ને તેના ઉપરના પ્રદેશમાંથી પક્ષીઓ હિમાલય ઓળંગીને આવે છે.

ઉત્તર ધ્રુવ તથા કૅનેડાના શીત પ્રદેશોમાંથી જે પક્ષીઓ શિયાળો ગાળવા મેક્સિકો તથા દક્ષિણ અમેરિકા જાય છે, તેમને આખો ઉત્તર અમેરિકા ચીરીને જતાં રસ્તામાં ભૂખ, તરસ તથા થાક લાગે અને ટાઢ વાય એવે પ્રસંગે તેમને જમીન પર ઊતરવા સારુ આખા ઉત્તર અમેરિકામાં પક્ષીઓના માર્ગમાં સ્થળે સ્થળે વિશ્રાન્તિગૃહો Bird Sanctuaries બનાવ્યાં છે. નૈસર્ગિક અને કૃત્રિમ હોજ, ઝાડ પર છોડમાં થાંભલાને આધારે રાતવાસો કરવાના માળા, અનાજ જીવાત વગેરે ખાદ્યના ભંડાર વગેરે. આ બધામાં સર્વોત્કૃષ્ટ કૅલિફૉર્નિયાના વિશ્રાન્તિગૃહમાં ત્રીસેક એકરના વિસ્તારમાં પ્રત્યેક વર્ષે આવતાં જતાં પક્ષીઓને ઊતરવાની અનુકૂળતા કરવામાં આવી છે. એકાદ રાત્રે (migratory birds બધાં રાતે જ પ્રવાસ કરે છે) તમે એ ખેતર પાસે ઊભા રહો તો તીડનાં ટોળાં પેઠે અસંખ્ય પક્ષીઓ ઊતરતાં જુઓ. પક્ષીના જીવનમાં રસ લેનાર એક ઉદાર સદ્‌ગૃહસ્થની ખાનગી મિલકતનું આ સ્થળ છે, છતાં સમગ્ર પ્રજા એમાં એટલી તો સહાનુભૂતિ દર્શાવે છે કે આ સ્થળે સંભળાય તેટલી નજીક બંદૂક ફોડવાની મનાઈ કરનારો ખાસ કાયદો કરાવ્યો છે; વિમાનોને આ સ્થળ પાસે આવવાનો પ્રતિબંધ છે; મોટર વગેરે વાહનોને રજ પણ અવાજ સિવાય ધીડીને વેગે આ સ્થળ પાસેથી નીકળવું પડે છે.


પણ સમગ્ર જગતમાં પક્ષીઓના પ્રયાણનો અભ્યાસ કરવાનાં પૂર્ણ સાધનોવાળું સ્થળ તો જર્મનીનો હેલિગોલૅન્ડ ટાપુ છે. યૂરપમાં અદ્વિતીય ગણાતું આ સ્થળ હવે પક્ષીઓની આર્તવી યાત્રા(સ્થાનાંતર)ના અભ્યાસનું મથક બન્યું છે. પ્રતિ વર્ષે નૉર્વે, ડેન્માર્ક અને ઉત્તર પ્રદેશોના અસહ્ય શીતકાળને લીધે અનેક પક્ષીઓ આફ્રિકા સુધી જાય છે અને વસંત ઋતુમાં પાછાં આવે છે. તે બધાં અવારનવાર હેલિગોલૅન્ડમાં ઊતરે છે. અહીં પક્ષીઓને રહેવાનાં તથા નિકટના અવલોકન સારુ કેટલાંકને પકડવાનાં પાંજરાં, માંદાંની માવજત માટે રુગ્ણાલય, પ્રયોગશાળા, વિશાળ પુસ્તકાલય તથા પક્ષીવિદ્યામાં નિષ્ણાતોનાં મકાનો આવ્યાં છે. આજ સુધીમાં એક લાખ પક્ષીઓને પકડી તેમને છોડી મૂકવામાં આવ્યાં છે.

સ્થાનાંતર કરનારાં પક્ષીઓના પ્રયાણનો ચોક્કસ ઇતિહાસ મેળવવાની એક વિશિષ્ટ પદ્ધતિ છે. જે પક્ષીના જીવનનો અભ્યાસ કરવો હોય તેને પકડી, તેના એક પગમાં ઍલ્યુમીનિયમની નાની વીંટી પહેરાવી એને ઉડાડી મૂકવામાં આવે છે. એને અંગ્રેજીમાં Ringing કે Banding કહે છે. આ વીંટી પર વીંટી પહેરાવનારી સંસ્થાનું નામ, વીંટીનો ક્રમાંક તથા પહેરાવ્યાની તારીખ કોતરેલાં હોય છે. જ્યારે આ પક્ષી કોઈના હાથમાં પકડાય ત્યારે તે માણસ પક્ષીના પગમાંની વીંટીની તથા જ્યાંથી જે સ્થિતમાં મળી આવ્યું હોય તેની ચોક્કસ પૂરેપૂરી વિગતો પોતાના દેશની પ્રાણીવિદ્યાનો અભ્યાસ કરનારી સંસ્થાને મોકલી આપે અને એ સંસ્થા બધી હકીકત વીંટી પહેરાવનારી મૂળ સંસ્થાને મોકલે. હિંદુસ્તાનમાં આવી વીંટીઓ પહેરાવનારી સંસ્થા મુંબાઇની બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી છે.

પણ આ બધું શા કામનું? ભણેલાને આવા વિષયમાં રસ નથી. ગામડામાં જઇને પૂછો તો થોડાં પરિચિત બાદ કરતાં બાકીનાં બધાંનાં નામને બદલે 'એક જાતની ચકલી' એ જ સાંભળશો. આપણે રહ્યા વનસ્પતિનો આહાર કરનારા, એટલે ભક્ષ્ય અને અભક્ષ્ય પ્રાણીઓનો વિવેક ન આવડે. પક્ષીઓ વિષયક અજ્ઞાનનું આ પણ એક કારણ છે. વળી જૈનોનો દયાસાગર એટલો ઊછળ્યો કે ગૃહસ્થના જીવનમાં પક્ષીઓના ઉછેરને સમૂળગું સ્થાન રહ્યું નહિ. હાથ આવે બીચારો એકલો પોપટ: જ્યાં ત્યાં પાંજરામાં સબડ્યા કરે. એમાં ય પોપટ કેટલી જાતના આપણે ત્યાં થાય છે, તે પણ કોઇક જ જાણે. પક્ષીઓ વિષે જાણતા હોય તો વાઘરી. થોડુંઘણું જાણે તેતર ચકોર કે બટેરની લડાઇમાં રસ લેનાર મુસલમાનો, કે બાજથી પક્ષી પાડનાર શિકારીઓ.

અને અંતમાં, એ અંકના 'છેલ્લા પાના'માં આવેલા એક ઘરબનાવટના 'નામના પાટિયા'નો નુસખો, જે ધીરજપૂર્વક અજમાવી જોવા જેવો છે.

લાકડાના અક્ષરોવાળાં નામના પાટિયાં આપણે ઘણે ઠેકાણે જોઇએ છીએ. તે બહુ ખર્ચાળ લાગે છે, પણ નીચે બતાવેલી રીતે ઘેર બેઠાં સસ્તામાં તે બનાવી શકાશે.



લાકડાના પાટિયાને કાળું રંગી તેના પર જોઈતા અક્ષરો ચાકથી આલેખી લો. પછી દરેક અક્ષરની મધ્યરેખામાં, આકૃતિમાં બતાવ્યા પ્રમાણે, અરધા ઈંચીઆ ટૅક્સ, તેમનાં માથાં ૧/૮ ઇંચ બહાર રહે એ રીતે બેસાડો, અને એની આસપાસ અક્ષરની રેખાઓમાં લાકડાના વહેરની બનાવેલી લાંપી ચોટાડી તેને બરોબર કાપીકૂપી સુઘડ ઘાટમાં લાવો. સુકાઈ ગયા પછી ચપ્પુથી તેની ધાર ભાંગી ગોળ કરી કાચ-કાગળ વડે ઘસી સફેદ રંગી નાખો. પછી એ પાટિયાને યોગ્ય તકતીમાં મઢી ઉપલા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે અરધા ઇંચિયા નળની ઘોડી ઉપર અથવા ફાવતી યોજનાથી ટાંગી દો.



પાનાંની રમત

[૨] ગ્રિમ અથવા લાડિસ

લેખક
સાધુરામ દવે

સપ્ટેમ્બર અંકમાં આપણે જે 'સરબાજી' વિષે જોઈ ગયા એ સર બાજી જે સારી રીતે રમી શકે તે 'ગ્રિમ' યા 'બ્રિજ' પણ સહેલાઈથી શીખી શકે; એટલે દરેક રમનારે સરબાજીને ખૂબ બુદ્ધિચાતુર્યથી અને એકાગ્રતાથી રમવાનો પ્રયત્ન કરવો જોઈએ. રમત સુધારવાનો એક જ કીમિયો છે, અને તે એ, કે દરેક રમત રમાઈ રહ્યા બાદ (રમતની વચમાં કોઇએ કાંઈ પણ બોલવાનું યા ઇશારત કરવાની નહિ) શાંતિથી, એ રમતમાં કોની શી ભૂલો થઈ છે તે સમજવા પ્રયત્ન કરવો. આમ કરવાથી રમત ચોક્કસ સુધરશે. બંને પક્ષ હોશિયાર હશે તો રમતની વળી ઓર જ મઝા આવશે.

સરબાજીના ત્રણ મુખ્ય સિદ્ધાંત છે એ આપણે ફરી સમજી લઇએ: (૧) સર જે ભાતના પડયા હોય તેનું પાનું બીજી કોઈ પણ ભાતના એક્કા A કરતાં પણ વધુ ભારે, એ સરબાજીનો પહેલો સિદ્ધાંત; (૨) જે ભાત રમાઈ હોય, તે આપણામાં ન હોય તો જ–અને આપણી મરજી હોય તો,–આપણે સરના પાનથી તે ભાતને કાપી શકીએ એ બીજો સિદ્ધાંત; અને (૩) ત્રીજો સિદ્ધાંત એ, કે સરની જ ભાતમાં, દરેક ભાતની જેમ, સરની દૂરી સૌથી હલકી અને એક્કો સૌથી ભારે.

આ જ સિદ્ધાંત ઉપર રચાએલી પાનાંની બીજી એક રમત 'ગ્રિમ' યા 'લાડિસ' વિષે હવે આપણે વિચારીએ. આ ગ્રિમ રમતમાં બાવન પત્તાંને બદલે એક્કાથી માત્ર સત્તા સુધીનાં કુલ બત્રીસ જ પાન લેવાનાં હોય છે. એટલેકે છક્કાથી દૂરી સુધીનાં ચારે ભાતનાં વીસે હલકાં પાનાં પત્તાંની આખી જોડમાંથી અલગ કરી જુદાં કાઢી નાખવાં. આમ, 'ગ્રિમ એટલે બત્રીસ પાનાંની રમત.' સરબાજીમાં દરેક રમત જુદી યા નવી જ રમતની પેઠે રમાય છે, એટલે કે પહેલી રમત અને બીજી રમત વચ્ચે કોઈ અનુસંધાન નથી હોતું; પણ ગ્રિમમાં તમે જ્યાં સુધી રમત રમો તે આખા સમય દરમિયાન એ એક સળંગ રમત જ રમવાની હોય છે. એ 'સળંગ' શી રીતે ગણાય તે હવે પછી સમજાશે.

ગ્રિમ રમત માટે પણ ચાર જણ જોઇએ. તેમાં પણ બબ્બે જણ સાથી કે ભિલ્લુ બને; એટલે બે પક્ષ થયા. ભિલ્લુઓ સામસામા જ બેસે. રમત શરૂ કરતાં પહેલાં ભિલ્લુઓ નક્કી કરવા માટે પત્તાંની જોડ ઊંધી રાખીને, ચારે રમનારા પોતપોતાને ફાવે તે એકએક પાનું ઉઠાવે. તેમાં જેને બે સૌથી ભારે પાનાં આવે તે પહેલા ભિલ્લુઓ બને; બાકીનાં બે પાનાંવાળા તે બીજા ભિલ્લુ. હલકામાં હલકું પાનું જેને ભાગે આવ્યું હોય તે ચીપે; અને ચીપ્યા બાદ પોતાની જમણી બાજુના સામા પક્ષના ખેલાડીને પત્તાં કાપવાનું (એટલેકે પત્તાંની જોડમાંથી તેને ફાવે તેટલો ભાગ અલગ પાડવાનું) કહે. તે કર્યા બાદ, ચીપનાર પોતાની ડાબી બાજુ બેઠેલા સામાવાળાને પહેલાં ચાર પાન આપે, અને પછી અનુક્રમે દરેકને ચારચાર પાન વહેંચી આપે. એ પછી બીજી વાર એ જ ક્રમમાં દરેકને ફરી ચારચાર પાન વહેંચે. આમ દરેકને ભાગે આઠઆઠ પાન આવીને કુલ લીધેલાં બત્રીસે પાનાં વહેંચાઈ જાય.

હવે પહેલાં ચાર પાન જેને અપાયાં હોય તેણે પોતાનાં આઠે પાનાં વ્યવસ્થિત ભાતવાર ગોઠવી,* પોતે એ આઠ પાનમાંથી કેટલા હાથ કરી શકશે તે જાહેર કરવાનું હોય છે. ઓછામાં ઓછા પાંચ હાથ તો બોલવા જ પડે. આમ, હાથ જાહેર કરતી વખતે પોતે કયો સર પાડવા ઇરાદો રાખે છે તે બતાવવાનું નથી હોતું. તે તો માત્ર હાથની સંખ્યા જ બોલે કે 'પાંચ', 'છ', 'સાત' કે 'ગ્રિમ'. 'ગ્રિમ' એટલે પૂરા આઠેઆઠ હાથ.

જો પહેલાં પત્તાં અપાએલ રમનારને હાથ ન બોલવા હોય તો તે 'ના' કહી શકે. તો પછી, તેના પછીનો રમનાર બોલે. આમ વારાફરતી હાથ બોલાતા જાય. એમાં છેવટે જે વધારેમાં વધારે હાથ બોલે, તે પોતાને મનગમતો 'સર' જાહેર કરે. કોઈ રમનાર છ હાથ બોલે, તો બીજાએ સાત જ બોલવાના રહ્યા. બીજો રમનાર પણ છ હાથ કરવા તૈયાર હોય, તો પણ એક વાર છ હાથ બોલાઈ ગયા બાદ, બીજાને તેમ કરવાનો અધિકાર રહેતો નથી. પણ જો એક રમનાર પાંચ હાથ બોલે, ને બીજો કોઈ છ હાથ બોલે, તો ફરી પાછો, પાંચ બોલનારને છ થી વધુ હાથ બોલવાનો હક રહે છે. વધુમાં વધુ બોલનાર પછીના ત્રણે રમનાર 'ના' ન કહે ત્યાં સુધી આમ હાથ બોલવાના ચાલુ રહી શકે.

પછી, સર બોલાયા બાદ સર જાહેર કરનાર રમતની શરૂઆત કરે. આ રમતમાં તો હાથમાં આઠ જ પાન હોય છે, એટલે રમત જલદી પૂરી થવાની. પાનાંની ગણતરીમાં પણ ઝાઝી મુશ્કેલી નથી હોતી. છતાં, ગયા અંકમાં જણાવ્યા મુજબ, સરાસરીનો કાયદો પણ ધ્યાનમાં રાખવો.

હવે ધારો કે તમે પાંચ હાથ કરવાના કહ્યા, પણ તમારાથી તે ન થયા, તો તમારી ઉપર (એટલે કે બંને ભિલ્લુ ઉપર) ૫×૨=૧૦ અંક ચડયા. એટલેકે તમારા પાંચ અવળા થયા, અને તમારે ૧૦ અંકનું દેવું થયું. જેના માથા ઉપર આમ અંક ચડયા હોય તેણે ચીપ્યા કરવાનું. ધારો કે તમારી ઉપર ૧૨ અંક ચડયા છે. સામાવાળાઓ છ હાથ બોલ્યા અને તેમના અવળા થયા. એટલે બાર અંક તેમના જમામાંથી બાદ થયા. આમ તમારું દેવું ચૂકતે થયું. તો હવે કોણ ચીપે? પછીની એક વાર તો તમારે જ ચીપવું પડે–એમ સમજીને કે તમારી ઉપર જે લહેણું હતું તેનું એ વ્યાજ!

જે ભિલ્લુઓ પોતાના જાહેર કરેલા હાથ કરે તેમને તેટલા જમા મળે. જો પાંચ હાથ જાહેર કર્યા હોય ને સાત હાથ કરી નાખે તોપણ તેમને જમા તો પાંચ જ આંક મળે. અને જો તેમનાથી ન થઈ શકે તો

*વ્યવસ્થિત ગોઠવવાની રીત આ છે: એક ભાતનાં પાનાં બીજી ભાત સાથે ભેગાં ન થઈ જાય માટે લાલ અને કાળા રંગનાં જુદાં રાખવાં; જેમકે પહેલાં કાળી, પછી લાલ, પછી કુલ્લી અને પછી ચોકડીનાં, એમ ગોઠવવાં. વળી હાથમાં પાનાં એવી રીતે પકડવાં કે જેથી એક બાજુ હલકામાં હલકા કાળીના પાનથી શરૂઆત થઈ, છેલ્લું પાન ચોકડીનું હલકામાં હલકું આવે. પત્તાં કોઈ ન જોઈ શકે તેવી રીતે પકડવાં. આ રીતે ગોઠવવાથી, કઈ ભાતનાં કેટલાં પત્તાં આપણામાં છે તેનો ખયાલ કોઇને નહિ આવે. વળી કેટલાક ચાલાક રમનારા, પત્તાં પકડવાની ને ગોઠવવાની તમારી રીતથી તમારાં પાનાંનો રંગવાર અંદાજ મેળવી લે! ગોઠવવાની રીતનો ૧૩ પાનાંનો એક સામાન્ય દાખલો: ♠ 3 5 K ♠ A Q 4 6 ♣ J 8 2 ♦ 10 9 7.

સામાવાળાઓને એથી બમણા જમા મળે. આ ગણતરી પર રમત સળંગ ચાલ્યા કરે. પાંચ, છ અને સાત હાથ પછી તો 'આઠ' હાથ ન બોલતાં 'ગ્રિમ' જ બોલવાની. અને ગ્રિમ જાહેર કરનાર જો પૂરા આઠ હાથ કરી શકે તો સામાવાળા ઉપર ગ્રિમ ચડે. આ વખતે સામાવાળા પર આઠની સંખ્યા નહિ પણ ૩૨ની સંખ્યા ચડે! એ જ રીતે, જો ગ્રિમ બોલનાર ગ્રિમ ન કરી શકે તો તેના બેવડા એટલેકે ૬૪ તેની પોતાની ઉપર જ આવી પડે! માટે ગ્રિમ બોલતાં ખૂબ જ કાળજી રાખવી.

આ રમતમાં કોઈ વાર એવું બને છે કે પાનાં બરોબર ન આવવાને કારણે, યા રમતની કોઈક ભૂલથી ચીપ એક જ બાજુવાળાઓને ચોંટી રહે છે. તે વખતે બંને પક્ષને ઝાઝી મઝા રહેતી નથી, એટલું જ નહિ પણ કંટાળો પણ ચડે છે. માટે ગ્રિમ રમતાં એવો નિયમ કરવો કે દરેક કલાકે નવી જ રમત શરૂ કરવી. એનો અર્થ એ કે પાછલું દેવું ભુલાઈ જાય, ભિલ્લુઓ પણ નવા નક્કી થાય—જાણે નવો જ ચોપડો શરૂ થાય.

એમ પણ બને કે દરેકનામાં લગભગ સરખાં જ પાનાં આવ્યાં હોય, અને કોઈ પણ રમનાર પાંચ હાથ બોલવા તૈયાર ન હોય. આવું બને ત્યારે પહેલાં જેને ચાર પાન વહેંચાયાં હોય એટલે કે જેનો પક્ષ જમા બાજુમાં હોય યા જે પક્ષ જીતમાં હોય તેણે ફરજિયાત પાંચ હાથ તો બોલવા જ પડે. કોઈ પણ બાજી રદ થવી ન જોઇએ.

ગ્રિમની રમતમાં સામાન્યરીતે સર પાડનાર, સર જ પહેલા ખખડાવી નાખશે. જે ભાતનાં પાન વધારે હોય તેના જ સર પાડયા હોય, એટલે સામાવાળાઓ સરના હાથ ન કરી જાય એ હેતુથી સરની ઊતર મોટે ભાગે પહેલી થવાની. ધારો કે તમારામાં ♠ Q J × × × (× એટલે દસ્સો કે તેથી હલકું પાનું) અને ♠ A K × એમ પાનાં આવ્યાં હોય, અને સર કાળીનો હોય, તો કાળીના A તથા Kના બે હાથ ને લાલના હલકા પાનનો એક હાથ, એમ ત્રણ હાથ સામાન્યરીતે તમારે ખોવાના થાય. એટલે તમારા પાંચ હાથ તો લગભગ થશે જ. કાળીના સરનાં ફક્ત ત્રણ જ પાનાં બહાર છે. તેમાં યે વધુ શકયતા તે દરેકનામાં (એટલે બાકીના ત્રણ રમનારમાં) વહેંચાએલાં હોવાની છે; એટલે કાળીમાં કદાચ એક જ હાથ જવાનો. તમારામાં ચોકડી અને કુલ્લી બિલકુલ નથી, એટલે તેની ઊતર જો સરના એક્કાનો હાથ ગયા પછી થાય, અને તેનો એક્કો જો કદાચ તમારા ભિલ્લુમાં જ હોય, તો તેની ઉપર, લાલનું તમારું ફાલતુ હલકું પાનું તમે 'ફિશ' છોડીને એ ખોવાનો હાથ બચાવી શકો! આમ બને, તો તમે સાત હાથ કરી શકો યા તો તમે ચોકડી કે કુલ્લીની ઊતરને, તમારા ભિલ્લુમાં તેનો એક્કો ન હોય તો, કાપી નાખીને બધા સર રમી નાખો. સામાવાળાને હવે કયાં પાનાં સંઘરવાં તે મુશ્કેલી; અને મોટે ભાગે, લાલનાં હલકાં પાનની ફિશ નીકળવાની—કારણ કે ચોકડી કે કુલ્લીમાંથી જે ભાત નહિ રમાએલી હોય તેનો એક્કો-બાદશાહ બંનેને સામાવાળાઓ સંઘરીરાખવાનો પ્રયત્ન કરશે. એટલે છેવટે તમારું લાલનું હલકું પાનું પણ કોઈનામાં સરના અભાવે હાથ ખેંચી લાવશે. આમ પણ સાત હાથ બની શકે. આ રીતે આ પત્તાંમાં, પાંચથી સાત હાથ કરવાની શકયતા છે. તેમાં યે ભિલ્લુમાં જો સરનો એક્કો હોય તો કદાચ આઠ હાથ પણ થઈ જાય! આપણે કયાં પાનાં કોનામાં છે તે જાણતા નથી, છતાં હરીફાઈમાં ઊતરવા પૂરતું, સાત હાથ કરવા સુધીનું જોખમ આપણે લઈ શકીએ.

ધારો કે આપણો ભિલ્લુ પાંચ હાથ બોલ્યો, પછીનો સામા પક્ષનો રમનાર છ હાથ બોલ્યો, અને આપણામાં ♠ A K × × × ♠× ♦× ♣× આવાં પાનાં હોય તો સાત હાથ કરવાનું જોખમ લઈ શકાય. આપણો ભિલ્લુ જ્યારે પાંચ હાથ બોલ્યો છે ત્યારે તેનામાં કાં તો બે એક્કા યા એક જ ભાતના A K હોવાની પૂરી શકયતા છે. સર ખખડાવી નાખીને આપણે તે હાથ કદાચ મેળવી શકીએ. સર કઢાવતી વખતે, આપણા ભિલ્લુમાં જે ભાતનો એક્કો હોય તે, તેણે પોતાનામાં સર ન હોય ત્યારે 'ફિશ' છોડતી વેળા, તે ભાતનો નવ્વો કે તેથી ઉપરનું પાનું નાખીને સૂચવવું; ઇશારતથી યા પત્તું પછાડીને નહિ! સામાન્ય નિયમ મુજબ છક્કો કે તેથી ઉપરનું પાનું ચાલે. પણ આ ગ્રિમમાં તો સત્તા સુધીનાં જ પાનાં રમવાનાં હોવાથી, નવ્વો કે તેથી ભારે પાન નાખવાની જરૂર. એટલે જે ભાતની ઊતર જોઇએ તે ભાતનો નવ્વો કે તેથી ઉપરનું પાનું નાખવું,—ગ્રિમ માટે.

ધારો કે આપણામાં કોઇ ભાતનાં A K Q એમ ત્રણ પાનાં છે. એમાં જ્યારે આપણો વારો 'ફિશ' પૂરવાનો આવે ત્યારે, A જ નાખવો. આથી ભિલ્લુ ચોક્કસ સમજે કે આપણે જાણે બિનતારી યંત્રથી કહી રહ્યા છીએ કે ભાઇસાહેબ, આ જ ભાત હવે ઊતરો! નહિતર A નાખવાનું પ્રયોજન શું હોય? તમે રાણી નાખો, તો કદાચ સામાન્ય બુદ્ધિમાં તે ન ઊતરે; પણ A નાખ્યો એટલે તો ચોક્કસ માથામાં હથોડી જ વાગી કે હવે બીજું કાંઈ વિચારશો જ નહિ! આપણામાં જે ભાતની A Q હોય યા K × હોય તે ભાતની ઊતર બનતાં સુધી ન જ કરવી, એ ગયા અંકમાંની સૂચના ધ્યાનમાં રાખવી.

સર આપણામાં જેમ વધારે, તેમ જીતવાનું વધુ શકય. ધારો કે આપણામાં ♠ A K ♠ A K અને ♦ 10 9 8 7 હોય તો, ચોકડીના જ સરમાં પાંચ હાથ બોલવા અને શરૂમાં ચોકડી જ રમવી. એમાં જો કોઈ એક જ રમનારના હાથમાં ♦ A K Q J હોય તો તો આપણે લાચાર. નહિતર પાંચ હાથ સહેલાઈથી થઈ જાય. ધારો કે કોઇનામાં ચોકડીનાં ત્રણ પાનાં છે અને સામાવાળા ચોકડીનો હાથ પ્રથમ લઈ, પછી કુલ્લી રમે. તો કુલ્લી કાપીને સર કઢાવવાની ભાંજગડમાં ન પડતાં, તમારા બીજા A K જ રમવા. પછી ભલે સામાવાળાને જોઈએ તો કાપીને લઈ જાય. આ રીતે પાંચ હાથ ચોક્કસ થાય. એ પણ શકય છે કે કોઈ એકનામાં જ ♦ A K Q J હોત તો કદાચ બીજો સામાવાળો તે સર ધ્યાનમાં રાખીને, પાંચ હાથ બોલ્યો હોત. આવી બધી શકયતાઓ રમત રમતાંરમતાં જ તમને જણાતી જશે. માટે રમત રમતાં મુખ્ય મુદ્દો એ રાખવો કે રમત ફક્ત વખત પસાર કરવાના ઇરાદે નથી રમાતી, પણ તેમાં દરેકે બુદ્ધિપૂર્વક, એકચિત્તે, હોશિયારીથી રમવાનો પ્રયત્ન કરવાનો છે;—તો જ તેની મઝા છે.

આવી, ઉપર જણાવેલી, હાથમાં પાનાં રાખીને ગ્રિમની બાજી તો ઘણા રમે છે. પરંતુ, પત્તાંની ટોચની બુદ્ધિપૂર્વક રમવાની રમત 'બ્રિજ' (Bridge) શીખવાની પૂર્વતૈયારી રૂપ, 'ઉઘાડી ગ્રિમ' આપણે હવે રમીશું. આ ઉઘાડી ગ્રિમની રમતમાં ઉપર મુજબ જ કાયદાકાનૂન; પરંતુ પાનાં વહેંચાયા બાદ, ચારે ય રમનારાઓએ બધાં ય પત્તાં છતા કરી દેવાનાં: એટલે કે દરેક જણ, પોતાનાં આઠે ય પાનાં, પોતાની આગળ ચત્તાં ગોઠવે, અને આમ દરેક જણ બધાંસે ય પાનાં જોઇ શકે! તે જોયા બાદ, પોતાના **મનમાં જ** ગણતરી કરી, પોતે કેટલા હાથ કરશે તે બોલે. **મુખ્ય શરત એ છે કે કોઈ રમનારે હાથ જાહેર કરવા સિવાય કશું જ બોલવાનું નથી.** દરેક જણ પોતાની મેળે જ વિચારી, નક્કી કરી હાથ બોલે. જે વધારેમાં વધારે હાથ બોલે તે જ સર પાડે. સર પાડયા બાદ, સર પાડનાર પોતાના ભિલ્લુનાં પાનાં પણ પોતાની જ મરજી મુજબ ઊતરે; એટલેકે સર પાડનારનો ભિલ્લુ તે રમત પૂરતો મૂગો માણસ (ડમી–dummy) બની જાય છે; તેણે તો એ રમત દરમિયાન શાંતિથી આરામ લેતાં બેસી રહેવાનું. તે કશું પણ, પોતાના ભિલ્લુને સૂચનારૂપ પણ, ન જણાવી શકે. **સર પાડનાર આ રીતે, પોતાનાં અને પોતાના ભિલ્લુનાં**

પાનાંનું, પોતાની જ મરજી મુજબ સંચાલન કરે; પરંતુ સામાવાળા તો બંને જણે (પણ પોતાની અક્કલ મુજબ) પોતાનાં પાનાં, અંગત ઇચ્છા મુજબ રમવાનાં છે. સામાવાળા ભિલ્લુઓ એકબીજાને કાંઈ જ સૂચન ન કરી શકે. ચારેમાંથી જેણે હાથ કર્યો હોય તે જ પહેલું પાનું પછી ઊતરે. 'ડમી'નો હાથ આવે, તો એની બાજીમાંથી જ રમનાર પાનું ઊતરે. ને આમ રમત રમાતી જાય. આ 'ઉઘાડી ગ્રિમ' રમવાનો ફાયદો એ છે કે પાનાં જોયા બાદ કેવી રીતે રમવાથી વધુમાં વધુ હાથ થાય તેની ગણતરી કરવાની દરેકને તક મળે, અને તેમ કરવામાં બુદ્ધિને કસવાનો દરેક જણ પ્રયત્ન કરે. તમે એક વખત આ રમત રમશો એટલે તરત જ આ વાત સમજાશે. જ્યાં કેટલાકને પાંચ જ હાથની શકયતા લાગતી હોય ત્યાં છ યા સાત હાથને પણ અવકાશ હોય. નીચે દૃષ્ટાંત રૂપે એક બાજી રજૂ કરી છે. (× એટલે દસ્સો યા તેથી હલકું પાનું)

♠ × ×
♥ —
♦ × × × ×
♣ AJ

♠ —	ઉત્તર	♠ KJ
♥ AKQJ	પશ્ચિમ પૂર્વ	♥ × × ×
♦ KJ	દક્ષિણ	♦ —
♣ KQ		♣ × × ×

♠ AQ × ×
♥ ×
♦ AQ
♣ ×

પત્તાંની એક જોડ લઈ આ પ્રમાણે ઉઘાડાં પાનાં ગોઠવી વિચારો કે વધારેમાં વધારે હાથ કોણ કરી શકે છે? દક્ષિણે ચીપ્યું છે અને પહેલાં પત્તાં પશ્ચિમને મળ્યાં છે. હવે વિચારો કે કોણ કેટલા હાથ કરી શકશે અને કયા સરમાં? આગળ વાંચતા પહેલાં દરેક જણ ૧૦ મિનિટ વિચારી લે અને પોતાનો મત ધ્યાનમાં રાખી નીચેનું લખાણ વાંચે.

પશ્ચિમને પહેલો બોલવાનો હક છે. તે લાલના સર રાખીને સાત હાથ ચોક્કસ કરી શકે તે સમજવું અઘરું નથી. એક જ વાર સરની ઊતર ('ઊતર'ને અંગ્રેજીમાં 'લીડ' Lead કહે છે) કરી, સામા પક્ષનો સર કઢાવી નાખી, બંને ચોકડીનાં પાન ભિલ્લુ(પૂર્વ)ના સરથી કાપી, તેણે કુલ્લીના Aનો જ—ફક્ત એક હાથ ગુમાવવો પડશે. આમ સાત હાથ રોકડા છે. ઉત્તરનાં પાનાંમાં ખાસ બોલવા જેવું કાંઇ જ નથી; છતાં જો સંજોગવશાત તેને ડર હોય કે પૂર્વવાળો કદાચ જેટલા હાથ બોલે તેટલા દક્ષિણવાળો પણ કરી શકે, તો ઉત્તરવાળો તેટલા જ હાથ બોલી દક્ષિણવાળો જે સર બોલનાર હોય તે જ સર જાહેર કરી શકે. ઉપર દર્શાવેલી બાજી પૂરતું, ઉત્તર તેમજ પૂર્વની કંઈ વધુ ન બોલવા માટે બહુ વિચાર કરવાની જરૂર નથી.

પરંતુ દક્ષિણનો ખેલાડી 'ગ્રિમ' બોલે છે! અને સર કાળી! ફરી પાછા આગળ વધ્યા વિના ખયાલ કરો કે કાળીના સરથી આઠ હાથ થાય? અને થાય તો શી રીતે? પ્રયત્ન કરી જુઓ અને જ્યારે તમને ન જ સમજાય ત્યારે આગળ વાંચો. પહેલેથી જ વાંચશો તો રમત સુધરવાનો અવકાશ નહિ રહે. જો ન જ સમજાયું હોય તો જુઓ, આ પ્રમાણે આઠે ય હાથ થાય.

દક્ષિણનો ખેલાડી પહેલાં લાલ રમે, તે પોતાના જ ભિલ્લુના સરથી કાપે; કેમકે ઉઘાડી ગ્રિમમાં, ઉત્તરનો ખેલાડી હવે 'ડમી'—મૂગો બન્યો છે અને ઉત્તરનાં પત્તાંનો વહીવટ પણ દક્ષિણ જ કરે છે. પછી ઉત્તરમાંથી સર રમે. પૂર્વવાળો હવે સપડાયો. K નાખે તો દક્ષિણ A નાખે, J નાખે તો અહીંથી Q પડે. આમ ગમે તે પાનું નાખે તોપણ દક્ષિણને હરકત નથી. ધારો કે પૂર્વવાળાએ J નાખ્યો, એટલે દક્ષિણે રાણી નાખી. પછીથી સરના A ઉપર પૂર્વનો K ગબડી પડયો. દક્ષિણ ફરી એક વાર સરનું પાનું રમે છે, તેની ઉપર બધા 'ફિશ' છોડે છે. આમ ચાર પાનાં રમાઇ ગયાં તે દરમિયાન પશ્ચિમ, એ બધાયમાં લાલનાં જ પાનાં નાખ્યે જાય છે. હવે સૌમાં બાકીનાં ચાર પાનાં નીચે મુજબ રહ્યાં:

♠ —
♥ —
♦ × ×
♣ AJ

♠ —	ઉ	♠ —
♥ —	પ પૂ	♥ ×
♦ KJ		♦ —
♣ KQ	દ	♣ × × ×

♠ ×
♥ —
♦ AQ
♣ ×

સર કાળીના છે ને દક્ષિણ હવે પોતાનો છેલ્લો સર રમે છે. પશ્ચિમનો ખેલાડી બિચારો હવે લાચાર જ! તેમાં જો તે ચોકડી નાખે તો દક્ષિણવાળો ♦ના AQ વડે બંને હાથ લેશે; ને પછી કુલ્લીનો A; એમ બધા હાથ થઈ જાય. જો તે કુલ્લી નાખે, તો કુલ્લીના AJના અને ચોકડીના Aનો એમ બધા હાથ થઈ જાય આમ પશ્ચિમનો ખેલાડી રીતસર ચગદાઈ જાય છે. આને અંગ્રેજીમાં 'સ્ક્વીઝ'(Squeeze) કહે છે. 'સ્ક્વીઝ' થએલો ખેલાડી, ન આમ જઈ શકે કે ન તેમ. આ રીતે આઠ હાથ યા ગ્રિમ થઇ, અને સામાવાળાઓ ઉપર ૩૨ આંક ચડયા. આશા છે કે વાચકોને ઉઘાડી ગ્રિમની મઝાનો કાંઈક ખયાલ આ દૃષ્ટાંત પરથી આવશે.

સામાન્યરીતે તો ચાર જણ જ મોટે ભાગે 'ગ્રિમ' રમે છે; પરંતુ છ જણ પણ રમી શકે. તેમાં ચાર દૂરી કાઢી નાખીને કુલ ૪૮ પાનાં લેવાનાં, એટલે દરેકને આઠ પાન આવશે. બધા રમનાર કૂંડાળામાં બેસે. ભિલ્લુઓ તેમાં વારાફરતી બેસે. ચીપનારનો નંબર એક ગણો, તો ૧,૩,૫ ભિલ્લુઓ અને ૨,૪,૬ સામાવાળા ભિલ્લુઓ. ગ્રિમ અહીં ૪૮ ના આંકની ગણવી. બાકી બધા નિયમો ચાર જણાની અને છ જણાની ગ્રિમમાં સરખા જ. ૬ જણામાં ઉઘાડી ગ્રિમ રમવી અપ્રિય અને નીરસ થઈ જાય છે. છ જણામાં તો પાનાં હાથમાં જ રાખીને ગ્રિમ રમવી.

ફરી ધ્યાનમાં રાખો કે: (૧) પત્તાંની રમતમાં ઇશારતને સ્થાન જ નથી; (૨) રમતની વચમાં કાંઈ જ ન બોલો; (૩) બુદ્ધિપૂર્વક ધ્યાનથી રમો; (૪) કોઈની ભૂલ થયે હરગીઝ ચિડાઓ નહિ; (૫) રમત રમાઈ રહ્યા બાદ શાંતિથી રમાઈ ગએલી રમતમાં થએલી ભૂલો વિચારી લેવી; ભવિષ્યમાં તે ના થાય તેની કાળજી રાખવી; (૬) લાંબી ચર્ચામાં ન પડવું; (૭) રમત આનંદ માટે છે—હારજીત માટે નથી, માટે હારજીતમાં સદા સ્મિત જ મોઢા પર હોવું જોઇએ. (ચાલુ)

અમારા કાકા કમાલ સેલ્સમેન હતા. એક વાર એમણે એક ગ્રાહકને ચારે પાસ ઊંડું પાણી ભરાઇ રહેલું એક મકાન વેચેલું. જ્યારે ગ્રાહકે પોતે ખરીદેલી જગ્યા નજરે જોઈ ત્યારે ફરિયાદ કરતો એમની પાસે આવ્યો. ત્યારે કાકાએ શું કર્યું ખબર છે? એમણે એને એક હોડી વેચી!



· મિશ્ર ·

ચડો ચડો જીવનનો ગિરિવર,
ચડો ક્રમે શિખર એકથી અન્ય ઉત્તર;
છે વર્ષ તો પદ અપૂર્વ પ્રકાશ પર્વનાં:
આરોહણે નિજ મહા અધિકાર, 'કુમાર'! તારો;
સૌંદર્યો હો અનુકૂળ તને વિશ્વ-સત્‌ચિત્ પ્રભાનાં.

—દેશળજી પરમાર

ભારતખ્યાત ગણિતજ્ઞ અને આરૂઢ શિક્ષણસેવક આચાર્ય નગીનદાસ શાહ

ગુજરાતના મહાન ગણિતજ્ઞ અને મુંબાઈ-ગુજરાતની કૉલેજો-યુનિવર્સિટીઓના વહીવટમાં રચનાત્મક તથા વ્યવસ્થાપક કામ કરીને પોતાની શૈક્ષણિક તથા વહીવટી શક્તિ વડે જીવનભર ગુજરાતના ઉચ્ચ શિક્ષણની નોંધપાત્ર સેવા કરનાર આચાર્ય નગીનદાસ માણેકલાલ શાહનું ગઈ ૧૧મી ઑક્ટોબરે વડોદરામાં અવસાન થતાં ગુજરાતને એક સાચા સપૂતની ખોટ પડી છે.

તેમનો જન્મ ઈ. ૧૮૯૪ની ૧૪મી જુલાઈના રોજ સૂરતમાં થયો હતો. શરૂઆતનો વિદ્યાભ્યાસ વડોદરામાં કરીને ઈ. ૧૯૧૦માં તેઓ મૅટ્રિક થયા જેમાં તેઓ દસમા નંબરે આવ્યા હતા, એટલા પરથી જ તેમની જ્વલંત વિદ્યા-કારકિર્દીનો ખયાલ આવી શકે. બાદ વડોદરા કૉલેજમાંથી પ્રીવિયસ અને ઇન્ટર આર્ટ્સની પરીક્ષાઓમાં પ્રથમ આવીને તેમણે મેલવિલ મેમોરિયલ સ્કૉલરશિપ, વિનાયકરાવ જગન્નાથ શંકરશેઠ સંસ્કૃત ઇનામ અને બાઈ દયાકોર સંસ્કૃત સ્કૉલરશિપ મેળવી, અને ઈ. ૧૯૧૨માં પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં જોડાઇ બી.એ.માં ગણિતને ઐચ્છિક વિષય તરીકે સ્વીકાર્યું. ૧૯૧૪માં તેમણે બી.એ.ની પરીક્ષામાં સર્વપ્રથમ આવીને ડ્યૂક ઑાવ એડિનબર્ગ ફેલોશિપ પ્રાપ્ત કરી અને દક્ષિણા ફેલો નિમાયા. આવી સ્પૃહણીય વિદ્યાપ્રાપ્તિ પછી, સાચો વિદ્યાપિપાસુ પોતાના ક્ષેત્રમાં 'ઇત્થં પર્યાપ્તિ' ગણી કદી અટકી ન જ પડે. ૧૯૧૬માં ઈંગ્લંડ જઇ તેઓ ટ્રિનિટી કૉલેજમાં જોડાયા અને ઈ. ૧૯૧૮માં 'સીનિયર સ્કૉલર' ચૂંટાયા. ૧૯૧૯માં તેઓ મૅથેમૅટિકલ ટ્રાયપોસમાં પસાર થયા, અને તેમને બી સ્ટાર રૅંગ્લર જાહેર કરવામાં આવ્યા. ગણિતશાસ્ત્રના અંતિમ અને સર્વોચ્ચ વિદ્વાન–રૅંગ્લર બનનાર તેઓ પ્રથમ ગુજરાતી હતા. વિદ્યાની આ સિદ્ધિને કારણે ટ્રિનિટી કૉલેજે તેમને પીટર લે રીસર્ચ એક્ઝિબિશન તથા પીટર્સ પ્રાઈઝની નવાજેશ કરી અને એમ.એ.(કૅન્ટબ) તથા એફ.આર.એ.એસ.ની ઉપાધિઓ સાથે ૧૯૨૧માં તે હિંદ પાછા ફર્યા.

સ્વદેશ આવીને એક વર્ષ ન્યૂ પૂના કૉલેજમાં મૅથેમૅટિક્સના પ્રોફેસર તરીકે કામ કરી ૧૯૨૨માં તેઓ એ કૉલેજના પ્રિન્સિપલ થયા, જે પદે ૧૯૩૦ સુધી રહ્યા બાદ પૂના છોડી સૂરતની એમ.ટી.બી. કૉલેજના પ્રિન્સિપલને પદે વીસ વર્ષ માટે જોડાયા.

પૂનામાં હતા તે દરમ્યાન તેઓ કૅમ્બ્રિજ ફિલૉસૉફિકલ સોસાએટી અને રૉયલ ઍસ્ટ્રોનૉમિકલ સોસાએટીના ફેલો ચૂંટાયા હતા. તેમણે કેટલોક વખત ઇન્ડિયન મૅથેમૅટિકલ સોસાએટીના મંત્રી તરીકે, અને આંધ્ર યુનિવર્સિટીની બોર્ડ ઑાવ સ્ટડીઝના સભ્ય તરીકે પાંચ વર્ષ કામ કર્યું હતું. મુંબાઇ યુનિવર્સિટીના તો તેઓ વર્ષો સુધી અગ્રણી કાર્યકર રહ્યા હતા અને તે દરમ્યાન તેનાં અંદાજપત્રો ઘડવાની જવાબદારી તેમણે સફળતાપૂર્વક અદા કરી હતી. મુંબાઈ યુનિવર્સિટીની બોર્ડ ઑાવ સ્ટડીઝ ઈન મૅથેમૅટિક્સમાં ઈ. ૧૯૨૧માં તેઓ નિમાયા. ૧૯૨૩માં મુંબાઇ યુનિવર્સિટીની સેનેટમાં અને ૧૯૨૯માં તેની ઍકૅડેમિક કાઉન્સિલમાં ચૂંટાયા. ૧૯૨૭થી ૨૯ સુધી સિન્ડિકેટમાં રહ્યા અને ૧૯૩૩માં ફરીથી એમાં ચૂંટાયા. યુનિવર્સિટીની ત્રિવાર્ષિક ઈન્સ્પેક્શન કમિટી ભાગ્યે જ કોઈ એવી હશે જેમાં તેઓ સ્થાન પામ્યા ન હોય. હિંદની વિવિધ યુનિવર્સિટીઓ તેમને મૅથેમૅટિક્સની ઉચ્ચ પરીક્ષાના પેપરો તપાસવા માટે વારંવાર આમંત્રણ આપતી. ગણિતજ્ઞ તરીકે તેમની ખ્યાતિ ભારતવ્યાપી હતી.

ઈ. ૧૯૩૦ના જૂનમાં તેઓ સુરતની એમ.ટી.બી. કૉલેજના આચાર્યપદે જોડાયા પછી

આપણાં પ્રાણીઓ-૨૦: કાચબો



તેની વિશિષ્ટ ઢાલને કારણે સહુને જાણીતા આ પ્રાણીના બે પ્રકારો છે: જળચર ને ભૂચર. પાણી કાપવા માટે જાળ પેઠે ચામડીથી ચોંટેલાં પાંચે આંગળાંવાળા 'જળચર'ના જોરાવર પગની તરવાની ઝડપ આશ્ચર્યકારક હોય છે. હવા લે પાણી ઉપર મોં રાખીને નાકથી. આંખ પર ચામડીનું પડ હોઈ પાણીની અંદર પણ આંખ ખુલ્લી રાખી જોઈ શકે. તેને દાંત નથી પણ પેઢાં એવાં મજબૂત કે બચકું ભરે તો લોચો તોડી લે! ઢાલ એવી કઠણ ને મજબૂત કે તે પર ભાલો કે બંદૂકની ગોળી અથડાઇને પાછી પડે! ભય વખતે ઢાલ તળે પગમોં સંકોરી લે; પણ ચત્તો થયા પછી સ્વરક્ષણ માટે લાચાર બની જાય છે. આ કાચબા દોઢબેથી પાંચ-સાત ફૂટ લાંબા થાય છે!

જળચર કાચબો ભૂમિ પર ચાલવામાં અતિ રાંક. માછલી, દેડકાં, સાપ, જીવાત, શેવાળ જે મળે તે અકરાંતિયાપણે ખાય. ગંદું પાણી ચોખ્ખું કરવા તેમાં કાચબા નંખાય છે. આતાપના માટે તડકે જઈ બેસે. વસંતઋતુમાં બેત્રણ ઇંચનો ખાડો ખોદી એક-સવા ઈંચનાં વાદળી રંગની ઝાંયવાળાં દૂધિયા રંગનાં પાંચછથી અગિયાર-બાર ઇંડાં મૂકે. સૂર્યની ગરમીથી દસબાર દિવસે ઈંડું સેવાઇ રહે. કોટલું તોડીને બચ્ચું સીધું પાણીમાં પહોંચી તરવા લાગી જાય. પાંચ વર્ષે તે પુખ્ત બની જાય છે.

ભૂચર કાચબાનાં આંગળાં બુઠ્ઠાં ને છુટ્ટાં, ને તે પર તીણા નહોર હોય છે. ચાલવે સાવ ધીમો. આંખે પોપચાં. નર કદમાં નાનો. 'ભૂચર' બહુબહુ તો અઢી ફૂટનો. તે સો-દોઢસો વર્ષ જીવે છે. જીવડાં, ઉંદર, વનસ્પતિ ને વખતે એઠવાડ પણ ખાય. પાણી બેચાર દિવસનું સામટું પી રાખે. પોચી જમીનમાં બેત્રણ ફૂટનો ખાડો ખોદી ત્રણથી છ જેટલાં, ત્રણઇંચનાં,લંબગોળ ઇંડાં માદા મૂકેનેજમીન ધૂળથી ઢાંકી દે, તે વરસાદ વખતે ધરતીની બાફમાં સેવાય.તેની કૂણી ઢાલ ઉત્તરોત્તર કઠણ ને મજબૂત બનતી જાય છે.

કાચબાનો લોકો ખોરાક તરીકે ઉપયોગ કરે છે,તેમ એની ચરબીનું તેલ ખાય છે કે વાપરે છે. તેની ઢાલ એ તો કમાણીનું મોટું સાધન છે.

તે કૉલેજને ઊંચે લાવવામાં અને તેને વ્યાપક લોકપ્રિયતા મેળવી આપવામાં તેમણે મોટો ફાળો આપ્યો છે. તેઓ જોડાયા ત્યારે માત્ર ૩૨૫ વિદ્યાર્થીઓની જ સંખ્યા ધરાવતી એ કૉલેજ તેમણે ૧૯૫૦માં છોડી ત્યારે પંદરસોનો આંકડો વટાવી ચૂકી હતી. ત્યાર પછી આણંદની કૉલેજમાં પાંચ વર્ષની આચાર્યપદની સફળ કારકિર્દી બાદ છેલ્લાં બે વર્ષથી તેઓ નિવૃત્ત જીવન ગાળતા હતા. ગુજરાત યુનિવર્સિટીએ ઉચ્ચ શિક્ષણ માટે ગુજરાતીનું માધ્યમ અપનાવવાનો નિર્ણય કર્યા બાદ ઉચ્ચ શિક્ષણ માટેનાં ગણિતનાં પુસ્તકો ગુજરાતીમાં તૈયાર કરવાની પોતાની યોજનાને અમલમાં મૂકવા તેમણે એ દરમ્યાન રાતદિવસ અખંડ પરિશ્રમ ઉઠાવ્યો, ને કેમ જાણે એ કાર્યની પરિપૂર્તિ માટે જ તેમનું શેષ જીવન રહ્યું હોય તેમ, એ વિકટ કાર્ય પૂરું થતાં જ તેમની તબિયતે ઊથલો ખાધો. એમને કૅન્સરનો વ્યાધિ લાગુ પડ્યો હતો અને તેણે જ એમનો જીવ લીધો. તેઓ પોતાની પાછળ એક વિધવા ને બે પુત્રોને મૂકતા ગયા છે.

ગણિતશાસ્ત્ર પરનું તેમનું અખિલ હિંદમાં વિરલ કહી શકાય એવું પ્રભુત્વ ગુજરાતને માટે ગૌરવની હકીકત બની રહેશે. ઉપરાંત તેમનામાં અધ્યાપનની વિશદ ને કુશાગ્ર અભિવ્યક્તિ તથા અદ્‌ભુત સંચાલન-શક્તિ પણ હતી. જે કાર્ય તેઓ હાથમાં લેતા તેને પૂરું કર્યા વિના છોડતા નહિ એટલું જ નહિ, પરતુ એ કાર્ય સકલરીતે સુંદર ને શ્રેષ્ઠ થએલું જોતા ત્યારે જ તેમને સંતોષ થતો. પારગામી ને સર્વગ્રાહી વિદ્વત્પ્રતિભા તેમને વરેલી જ હતી; પરંતુ તે સાથે એ વિદ્યાસેવકે પોતાની શક્તિને કૉલેજ-યુનિવર્સિટી જેવી જાહેર સંસ્થાઓનાં રચનાત્મક કાર્યોમાં પણ જાતનો ને નામનો લોપ કરીને ખર્ચી કાઢી, ને ગુજરાતનું જ્ઞાનગૌરવ વધારવામાં વિનમ્રભાવે પોતાનું ઋણ અદા કર્યાનો સંતોષ માન્યો.

જગનામી હીરા

જગતભરના હીરાઓનો રાજા 'કોહિનૂર' કૃષ્ણા નદીના વિસ્તારમાંથી ઈ. ૧૬૫૬માં મળી આવ્યો હતો, અને ગોવળકોંડાના દરબારના ઉમરાવ મીર જુમલાએ તે પ્રથમ મેળવેલો. એણે તે જરા પણ કાપકૂપ કર્યા વગર શહેનશાહ શાહજહાંને ભેટ આપ્યો. એ વખતે તેનું વજન ૭૮૭$\frac{૧}{૨}$ કૅરેટ હતું. હોર્ટેનશિયો બૉર્ગીઓ નામના વેનીસના એક કારીગરે તેનો વધારાનો ભાગ ઘસ્યા બાદ ઈ. ૧૬૬૫માં ભારતને પ્રવાસે આવી ગએલા મહાન ફ્રેન્ચ સફરી ઝયાં (Jean) બાપ્ટિસ્ટ ટૅવર્નીઅરે (ઈ. ૧૬૦૫–'૮૯) તે હીરો ઔરંગઝેબના ખજાનામાં જોયો ત્યારે તેનું વજન ૨૭૯$\frac{૯}{૧૬}$ કૅરેટ હતું. ઈ. ૧૭૩૯માં જ્યારે નાદિરશાહે દિલ્હી લૂંટ્યું ત્યારે તે મહમદશાહ પાસેથી લૂંટના માલ તરીકે આ હીરો લઈ ગએલો; અને તેને 'કોહિનૂર' (તેજનો પર્વત) નામ પણ નાદિરશાહનું જ આપેલું છે. ઈ. ૧૭૪૭માં નાદિરશાહનું ખૂન થયું ત્યારે તે હીરો શાહરૂખ પાસે આવ્યો, અને તેણે એ દુર્રાની વંશના સ્થાપક અહમદશાહને બદલામાં આપ્યો, જેની પાસેથી તે શાહઝમાં પાસે આવ્યો. તેને તેના ભાઇએ પદભ્રષ્ટ કર્યો અને આંખો ફોડી નાખી; છતાં શાહઝમાંએ હીરો તેને હાથ જવા ન દેતાં કેદખાનામાં છુપાવી રાખેલો, જે પાછળથી કેદખાનાના ભોંયરાની દીવાલમાં સંતાડેલો મળી આવ્યો હતો. ત્યાર પછી તે એના ત્રીજા ભાઈ સુલતાન શુજાના હાથમાં આવ્યો. ઈ. ૧૮૦૯માં શુજા કાબુલનો રાજા થયો ત્યારે લૉર્ડ એલ્ફિન્સ્ટને તે હીરાને પોંચી તરીકે પહેરાતો જોયો. શાહ શુજાને મહમદે પદભ્રષ્ટ કરતાં તે નાસીને શીખ રાજા રણજિતસિંહના આશ્રયે લાહોર જઈ રહ્યો. રણજિતસિંહની આંખમાં તે હીરો એટલો વસી ગયો કે તેના બદલામાં કાશ્મીર પ્રાંત આખો આપવાનું તેણે શાહ શુજાની પત્નીને વચન આપ્યું; પરંતુ પાછળથી રણજિતસિંહે શાહ શુજા સાથે પાઘડીની અદલાબદલી કરી; અને ત્યારે કોહિનૂર શાહ શુજાની પાઘડીમાં હોવાથી રણજિતસિંહને મફત મળ્યો! ઈ. ૧૮૪૯માં અંગ્રેજોએ શીખો પાસેથી પંજાબ ખાલસા કર્યું ત્યારે કોહિનૂર 'સલામતી માટે' લૉર્ડ લૉરેન્સને આપવામાં આવ્યો, જે ત્યાર પછી સગવડે રાણી વિક્ટોરિયાને મોકલી અપાયો અને બ્રિટિશ તાજમાં તેને જડી લેવાયો. છેલ્લે આમ્સ્ટર્ડામમાં તેને ફરી પહેલ પાડવામાં આવ્યા જેથી તેનું વજન ઘટીને ૧૦૬$\frac{૧}{૧૬}$ કૅરેટનું થયું છે. આજે તે બ્રિટિશ તાજમાં છે.

ટૅવર્નિયરે ઉલ્લેખેલો 'મહાન મુઘલ' હીરો ત્રણસો વર્ષ પહેલાં ઔરંગઝેબના ખજાનામાં હતો. કેટલાક નિષ્ણાતોનું કહેવું છે કે એક મોટા હીરાના કરાએલા ત્રણ ભાગમાંનો એ એક હતો; બીજા બે ભાગ તે 'કોહિનૂર' ને 'ઑર્લૉફ'. અત્યારે તે છે કે કેમ અથવા હોય તો ક્યાં અને કેવી હાલતમાં છે, તે વિષે આધારભૂત માહિતી મળતી નથી.

રશિયન તાજના સૌથી મોટા ૧૯૭ કૅરેટના હીરા 'ઑર્લૉફે' પણ બહુ તડકીછાંયડી જોઈ છે. દક્ષિણ ભારતના એક મંદિરની મૂર્તિની આંખમાંથી એક ફ્રેન્ચ સૈનિકે તે તફડાવીને અંગ્રેજ જહાજના કોઈ એક કપ્તાનને વેચી મારેલો. ત્યાંથી તે ઍમ્સ્ટર્ડામમાં વેચાયો ને ત્યાં રશિયન રાજકુમાર ઑર્લૉફે પોતાની પ્રિયતમા સામ્રાજ્ઞી કૅથેરાઈન માટે ૧૪ લાખ ડચ ફ્લોરિનમાં ખરીદ્યો. હાલ તે ક્યાં છે એ વિષે કહેવું અશક્ય છે.

બીજો ૧૨૦ કૅરેટનો હીરો 'ગિરિચન્દ્ર' (મૂન ઑવ ધ માઉન્ટ) રશિયન તાજમાં ઝળકે છે. તે પણ નાદિરશાહની લૂંટની સંપત્તિ હતો. નાદિરશાહના મૃત્યુ પછી એક અફઘાન સૈનિકે તે ચોરીને એક આર્મેનિયનને વેચી દીધો, જેની પાસેથી રાણી કૅથેરાઈન માટે તે ખરીદાયો.


શહેનશાહ અકબરનો 'અકબરશાહ' (બંને બાજુએ એનું એ નામ કોરેલો) હીરો કોઈ ભેદી રીતે ગુમ થએલો તે ખાસ્સા લાંબા ગાળા પછી તુર્કીમાં 'ભરવાડના પથ્થર' તરીકે હાથ લાગેલો; પરંતુ તે પરના અરબી લખાણે તેની સાચી ઓળખ મેળવી આપી. ઇ. ૧૮૬૬માં તે ફરી કપાતાં તેના પરનું લખાણ અદશ્ય થયું અને તેનું વજન ૧૧૬માંથી ૭૨ કૅરેટનું જ રહ્યું. ૧૮૬૭માં વડોદરાના મહારાજાએ ૩૫,૦૦૦ પાઉંડમાં તે ખરીદ્યો તે આજે પણ વડોદરાના મહારાજા પાસે છે.

મહાન ઐતિહાસિક મૂલ્ય ધરાવતો, મોટા કદનો, ફારસી લિપિમાં 'જહાંગીર' અને 'શાહજહાં' નામ કોરેલો 'જહાંગીર' હીરો છેલ્લાં વર્ષોમાં છૂપી રીતે ભારત બહાર મોકલાયો હતો, અને બ્રિટનમાં હરરાજીથી ઊંચી કિંમતે વેચાઇ ગયો હતો. પછી તો એને આમ ચોરીછૂપીથી નિકાસ કરવા માટે જવાબદાર પક્ષોનો સરકાર તરફથી ૧,૫૨,૦૦૦ રૂપિયાનો દંડ ફરમાવાએલો.

ગોવળકોંડાની ખાણમાંથી ઈ. ૧૮૩૫ના અરસામાં મળેલો ૨૧૭ કૅરેટનો હીરો 'નિઝામ' હૈદરાબાદના નિઝામના કબજામાં મનાય છે. ૨૪૩ કૅરેટનો 'દરિયા–એ–નૂર' (પ્રકાશસાગર) અને ૧૪૬ કૅરેટનો 'તાજ–એ–માહ' (ચન્દ્રકિરીટ) હીરાઓ ઈરાનના શાહને ભેટ અપાયા છે. ટૅવર્નીઅરે ઉલ્લેખેલો લંબચોરસ હીરો 'મહાન મેજ' એ જ આ 'દરિયા–એ–નૂર' એમ ઘણાનું માનવું છે.

ફ્રાન્સના તાજનાં જવાહિરોમાંનો 'રિજેન્ટ' કે 'પિટ' ને નામે ઓળખાતો, ૪૧૦ કૅરેટનો પરમ સુંદર હીરો ઘણું કરીને બાર્નિયોમાંથી મળી આવેલો. તે પહેલાં તે મદ્રાસના ગવર્નર પિટે તેના અઘડ રૂપમાં ૨૦,૪૦૦ પાઉંડમાં ખરીદેલો. ૫,૦૦૦ પાઉંડ તેને ઉજાળવા ને કાપવામાં ખર્ચાયા, પરંતુ તેની કણીઓના જ ૮,૦૦૦ પાઉંડ મળ્યા. ફ્રાન્સના 'રીજન્ટ' ઑર્લીઆંના ડ્યૂકે તે ૧,૩૫,૦૦૦ પાઉંડમાં પિટ પાસેથી ખરીદ્યો. હવે તેનું વજન ૧૩૭ કૅરેટનું રહ્યું હતું. બીજાં જવાહિરોની સાથે આ હીરો પણ ફ્રેન્ચ ક્રાન્તિ દરમ્યાન ચોરાએલો.

ઑસ્ટ્રિયન તાજમાં જડાએલો, મોટો, પીળી આભાવાળો, ૧૩૩$\frac{૧}{૨}$



કાપેલા અને વગર કાપેલા હીરા: મથાળાની પટ્ટીમાં ડાબી બાજુથી (૧) જગનામી હીરો કોહિનૂર–ઈ. ૧૮૯૨માં ફરી પહેલ પડચા બાદ ૧૦૬ કૅરેટ વજનનો થયો તે; (૨) કિંબરલીની ખાણમાંથી નીકળેલા કેટલાક વણકપાએલા હીરા; (૩) દક્ષિણ આફ્રિકાની જૅગર્સ ફૉન્ટાઈન ખાણમાંથી નીકળેલો બીજો જગવિખ્યાત હીરો 'એકસેલસીઅર,' જેનું કપાયા પહેલાંનું વજન ૯૭૧ કૅરેટ હતું. વચ્ચેના ચિત્રસમૂહમાં મથાળે બતાવ્યો છે તે દુનિયાનો મોટામાં મોટો હીરો કુલ્લીનન, તેની વણકપાએલી સ્થિતિમાં; અને તેની નીચે તેમાંથી કાપેલા જુદાજુદા હીરા તથા નંગ. નીચેની હારનો (૧) ૮૯.૫૯ કૅરેટ જાણીતો હીરો 'નાસ્સક'; (૨) ૧૩૩$\frac{૧}{૮}$ કૅરેટનો 'ફ્લૉરેન્ટાઈન' યા 'ટસ્કની' હીરો; અને (૩) ૫૩ કૅરેટ વજનનો 'સંકી' જે અનેક ઐતિહાસિક વ્યક્તિઓના હાથમાં ફર્યો છે. (જુઓ સાથેનો લેખ)

કૅરેટનો હીરો 'ફ્લૉરેન્ટાઈન' ટસ્કનીના ગ્રાન્ડ ડયૂકની માલિકીમાં આવતાં પહેલાં કઈ કેટલાયે હાથમાં ફર્યો હતો. બીજો એક બદામ આકારનો લીલી આભાવાળો ૪૦ કૅરેટનો 'ડ્રેસ્ડન'હીરો સૅક્સન તાજને શોભાવે છે.

'કોહિનૂર' જેવા જ નસીબનો હીરો 'સૅંકી' પણ અનેકોના હાથમાં અથડાયો–કુટાયો હતો. તેનો પ્રથમ આધારભૂત માલિક ચાર્લ્સ ધ બોલ્ડ મનાય છે. એની હત્યા પછી એક સૈનિક તે પોર્ટુગલ ચોરી ગયો, જ્યાં 'દ સૅન્કી' નામે એક ફ્રેન્ચ ઉમરાવે તે ખરીદ્યો. એણે ઈ. ૧૬૦૦ના અરસામાં ઇંગ્લંડની રાણી પહેલી એલિઝાબેથને તે વેચી દીધો. ઈંગ્લંડના રાજા પહેલા ચાર્લ્સની પત્ની હેન્રીએટ્ટા મૅરિયા તે રત્ન ફ્રાન્સ લઈ ગઈ, જ્યાંનો રાજા ૧૪મો લૂઇ અને કાર્ડિનલ મૅઝેરિન અનુક્રમે તેના માલિકો બન્યા. ફ્રેન્ચ રાજ્યક્રાન્તિ દરમ્યાન તે પણ ચોરાયો, ને દશે વર્ષે સ્પૅનિશ તાજની સંપત્તિ તરીકે જાહેરમાં આવ્યો. ઈ. ૧૮૨૮ થી '૬૫ સુધીમાં તે કુમાર ડેમિડૉફની માલિકીમાં હતો. છેલ્લે પતિયાળાના મહારાજાએ તે ખરીદ્યો અને ઠેરઠેર અનેકોના હાથમાં અથડાતો-કુટાતો સ્વભૂમિનાં ફરી દર્શન કરવા પામ્યો.

'નાસ્સક' હીરાનું નામ નાસિકના મહાન શિવમંદિર પરથી પડ્યું છે. મૂળ તે પેશ્વાઓના કબજામાં હતો, જ્યાંથી ઈ. ૧૮૧૮માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના કબજામાં ગયો. અ-સમાન ઘાટનો અને ૮૯$\frac{૧}{૨}$ કૅરેટ વજનનો તે હીરો ત્યાર બાદ ત્રિકોણ આકારમાં કાપવામાં આવ્યો, અને હાલ તે વેસ્ટમિન્સ્ટરના ડયૂકની માલિકીમાં છે.

લૉર્ડ પિગૉટે હિંદમાં ઇ. ૧૭૭૫ના અરસામાં ખરીદેલો અને પાછળથી ઇજિપ્તના વાઇસરૉય અલીપાશાને વેચાએલો 'પિગૉટ' હીરો આજે જાહેરમાં જણાતો નથી. એ ઉપરાંત, મૂળ ૧૧૩ કૅરેટના અઘડ હીરામાંથી કાપી કાઢેલો ૬૮ કૅરેટનો એક સુંદર આસમાની હીરો ખુદ ટૅવર્નીઅરે પોતાના રાજા ૧૪મા લૂઈ માટે ખરીદેલો, ને ફ્રેન્ચ તાજમાં સચવાએલો તે પણ ત્યાંથી રાજ્યક્રાન્તિ દરમ્યાન ચોરાયો અને આજ સુધી બેપત્તા છે. ચોરી છતી ન થઇ જાય એટલા માટે ઇ. ૧૮૩૦ના અરસામાં તેના ટુકડા કરીને તથા કાપીકૂપીને બજારમાં વેચી દેવામાં આવ્યો એ માન્યતા સાવ પાયા વિનાની તો નથી. હેન્રી ફિલિપ હોપના સુપ્રસિદ્ધ સંગ્રહની સંપત્તિનો સૅફાયર-બ્લ્યૂ રંગનો ચળકતો 'હોપ બ્લ્યૂ' હીરો એ 'ટૅવર્નીઅરના' જ હીરાનો ટુકડો મનાય છે. બીજો એક ટુકડો હતો ૧૪ કૅરેટનો અને એને જ મળતા રંગનો 'બ્રન્સવિક' હીરો, જે એક વાર બ્રન્સવિકના ડયૂક કાર્લના કબજામાં હતો, અને પાછળથી ઈ. ૧૮૭૪માં ૧૭,૦૦૦ ફ્રૅન્કમાં જીનિવામાં વેચાયો હતો. વળી ૨ કૅરેટની એ જ રંગની એક ત્રીજી રત્નકણિકા પણ એક અંગ્રેજ કુટુંબના કબજામાં પડેલી છે.

(મુખ્યત્વે અંગ્રેજી 'કૅરેવન'માંથી)

જાન ફ્રૅન્કલિન (અનુસંધાન પૃષ્ઠ ૫૨૨થી ચાલુ) જોખમ જોયું. રિચાર્ડસન ભલે ગમે તેટલો ઉત્સાહ બતાવે, પણ ધારો કે અરધે પહોંચતાં એનું અશક્ત શરીર સાવ થાકીને લોથ થઈ ગયું, અથવા હિમ જેવા પાણીમાં ઠરીને થીજી ગયું તો? માટે કંઇક સલામત રીતે નદી ઓળંગવામાં તેમને ડહાપણ લાગ્યું. તેઓ એક મોટો લાકડાનો ટુકડો આસપાસથી શોધી લાવ્યા. રિચાર્ડસનને શરીરે એ ટુકડો બાંધવામાં આવ્યો. એની સાથે એક જાડી લાંબી દોરી પણ બાંધવામાં આવી ને એનો બીજો છેડો કિનારે બેઠેલા માણસોએ પોતાના હાથમાં રાખ્યો. લાકડાના આધારે રિચાર્ડસન પાણીમાં પડ્યો. કેવું હિમ જેવું પાણી! એના મોઢામાંથી સિસકારો બોલી ગયો, છતાં હિંમત રાખી તરતો તરતો એ નદી ઓળગવા લાગ્યો; પણ અરધે પહોંચ્યો ત્યાં તો ભૂખ, થાક અને ઠંડા પાણીની અસર એના શરીર પર થઈ. એની તાકાત ઘટી ગઈ. એના હાથપગનાં આંગળાં થીજી ગયાં. વધુ શ્રમ કરતાં એના હાથ તદ્દન મૃતઃપ્રાય જેવા થઈ ગયા. આમ છતાં, હિંમત ન હારતાં એણે ચત્તા, વિશેષતઃ પગની મદદ વડે તરવાનું ચાલુ રાખ્યું. એમ કરતાં કરતાં તે સામે કિનારે પહોંચવા આવ્યો. પણ ત્યાં તો ઊભા થઈ કિનારો ચડવાને બદલે રિચાર્ડસનનું શરીર એમ ને એમ પાણીમાં ગતિહીન પડી રહ્યું. એના પગ પાણી ઉપર દેખાતા ન હતા. ફ્રૅન્કલિનને પોતાનો ભય સાચો લાગ્યો. રિચાર્ડસનનું શરીર લાકડાને આધારે એમ ને એમ પાણીમાં પડી રહેલું જોઇને કિનારે બેઠેલા માણસોને શંકા આવી. તરત તેમણે હાથમાં રાખેલી દોરી ત્વરિત ગતિએ ખેંચવા માંડી. રિચાર્ડસનનો દેહ દોરી સાથે કિનારે પાછો ઘસડાઇ આવ્યો!

રિચાર્ડસનના શરીરમાં ચેતન બિલકુલ નહોતું. એની આંખો મીંચાએલી હતી. આ જોઇ ફ્રૅન્કલિન અને એના સાથીદારો પોતાનો એક વહાલો સાથીદાર ગુમાવવાના વિચારથી ગભરાઈ ગયા; પરંતુ એના હાથની નાડી પકડી જોતાં થોડા થોડા ધબકારા જણાતા હતા, એટલે કે એના શરીરમાં હજુ કંઇક જીવ હતો. તુરત એને ગરમગરમ ધાબળામાં વીંટી લેવામાં આવ્યો. એના હાથેપગે માલિશ કરવામાં આવ્યું. થોડીક ગરમી મળતાં એના ઠરી ગએલા દેહમાં ચેતન આવ્યું. એણે આંખો ઉઘાડી. એને વધુ ગરમી આપવા માટે કેટલાક આસપાસથી સૂકી ડાંખળીઓ લાવી સળગાવવા લાગ્યા. દિવસોથી પહેરેલાં એના શરીર પરનાં જાડાં જાડાં ભીનાં કપડાં જ્યારે કાઢી નાખવામાં આવ્યાં ત્યારે ક્ષુધાથી અત્યંત કૃશ થઈ ગયેલા એના આખા દેહમાં માત્ર હાડકાં જ દેખાતાં હતાં: જાણે જીવતું હાડપિંજર!

રિચાર્ડસનને સમયસર બચાવી લેવામાં આવ્યો. ત્યાર પછી તેમણે બધાએ આસપાસથી શોધીશોધીને મળ્યા એટલા લાકડાના મોટા મોટા ટુકડાઓ એકઠા કર્યા, તેમાંથી એક કામચલાઉ ગામઠી હોડકું તૈયાર કર્યું, અને તેમાં બેસી વારાફરતી બધા સામે કિનારે પહોંચી ગયા.

અહીંથી હવે ફૉર્ટ એન્ટરપ્રાઈઝ સુધી થોડાક માઇલનું અંતર ચાલવાનું હતું. ત્રણચાર દિવસનો એ રસ્તો હતો. બધા જ સાથે ત્યાં પહોંચે તેને બદલે કોઇકે વહેલા ત્યાં પહોંચી, ઇન્ડિયનોનો સંપર્ક સાધી વ્યવસ્થા કરવાની, અને આકાઇત્યોએ તૈયાર રાખેલ ખોરાક પકાવવાની જરૂર હતી. એ માટે રિચાર્ડસન જ જાત, પણ અત્યારે તે ઘણો નબળો પડી ગયો હતો. ફ્રૅન્કલિન પોતે જવા તૈયાર થયો હતો, પણ બૅકે આગ્રહપૂર્વક જવાની તૈયારી બતાવી એટલે એને મોકલવામાં આવ્યો. બીજા કેટલાક કરતાં બૅકમાં હજુ થોડી તાકાત રહી હતી. શક્ય એટલી ઝડપ કરતો એ ઉપડ્યો ફૉર્ટ એન્ટરપ્રાઈઝ તરફ.

બાકી રહેલા મંદ ગતિએ ચાલવા લાગ્યા ફૉર્ટ એન્ટરપ્રાઈઝ તરફ; પણ હવે બધાનાં શરીર ભાંગવા લાગ્યાં હતાં. જોકે ફ્રૅન્કલિને પોતાની શક્તિ ટકાવી રાખી હતી અને રિચાર્ડસને પોતાની નૈતિક હિંમત પાછી મેળવી લીધી હતી. ખરાબમાં ખરાબ સ્થિતિ તો હતી પેલા કૅનેડિયનોની. એકબે દિવસના વધુ શ્રમથી માઇકલ, હેપબર્ન અને બીજા એકબે સિવાય બધાંનાં શરીર લથડી પડ્યાં હતાં. થોડાં ડગલાં માંડતાં જ તેઓ ગબડી પડતા. હૂડ તો તદ્દન અશક્ત થઈ ગયો હતો. બીજા તો હવે ઊભા જ થઈ શકતા નહોતા. અરે, ત્રીસ વાર છેટે તાપણું કર્યું હોય ત્યાં સુધી બેઠાબેઠા શરીર ઘસડીને પણ જઈ શકતા નહોતા. આ સ્થિતિમાં બધા જ ફૉર્ટ એન્ટરપ્રાઇઝ સુધી નહિ પહોંચી શકે એવી ફ્રૅન્કલિનને દહેશત લાગી. વળી એટલા માટે બધા જ ત્યાં પડ્યા રહે એનો પણ કંઈ અર્થ નહોતો. ફ્રૅન્કલિન અને રિચાર્ડસને મળીને પરિસ્થિતિનો વિચાર કરી લીધો અને છેવટે નક્કી કર્યું કે ફ્રૅન્કલિનની સાથે બીજા જે કોઇ ફૉર્ટ સુધી જઇ શકે એમ હોય તેમણે જવું ને બાકીના અશક્ત ત્યાં તંબૂ નાખીને આરામ કરે, અને રિચાર્ડસન તથા હેપબર્ન તેમની સંભાળ રાખે. ઝટઝટ ફૉર્ટ પહોંચીને તુરત ભૂખ્યા માણસો માટે ખાવાનું મોકલવા ફ્રૅન્કલિન ખૂબ આતુર હતો, કારણ કે ત્રણ ચાર જણના તો હવે છેલ્લા દિવસો ગણાય એવી સ્થિતિ થઈ ગઇ હતી; ને ફ્રૅન્કલિન એક પણ જાનહાનિ વિના પોતાનું સાહસ પાર પાડવા માગતો હતો,–ખાસ કરીને હવે જ્યારે તેઓ ફૉર્ટની તદ્દન નજીકમાં આવી પહોંચ્યા હતા ત્યારે.

બીજે દિવસે ફ્રૅન્કલિન, માઈકલ અને બીજા કેટલાક ઊપડ્યા. ફૉર્ટ સુધી પહોંચવાને ચારપાંચ દિવસનો રસ્તો હતો. તેમાં એક દિવસ ચાલ્યા ત્યાં તો ત્રણ કૅનેડિયનો તદ્દન અશક્ત થઈ ગયા. હવે તેમને પાછા મોકલી દેવામાં જ સાર હતો. કોઈકને એમની સાથે મોકલવાની જરૂર હતી. એ માટે માઇકલ તૈયાર થયો.

સતત શ્રમપૂર્વક માર્ગ કાપી પાંચ દિવસે ફ્રૅન્કલિન પોતાના બેત્રણ સાથીદારો સાથે ફૉર્ટ એન્ટરપ્રાઈઝ પાસે આવી પહોંચ્યો. ફૉર્ટ એટલે કોઇ રાજાશાહી કિલ્લો નહિ, પણ નિર્જન પ્રદેશમાં ઠંડીમાં આશ્રય માટેનું ઊંચી ડીવાળું તોતિંગ મકાન. આસપાસ ન મળે બીજું કોઈ મકાન કે કોઈ વસતિ. દૂરથી એ નજરાતાં તેમના જીવમાં જીવ આવ્યો. હવે થોડીવારમાં જ પોતાની ભૂખ સંતોષાશે ને તરત પોતાના અશક્ત મિત્રો માટે ખાવાનું લઇને જવાશે એ વિચારે તેઓ આનંદમાં આવી ગયા. થોડેક છેટેથી જ ફ્રૅન્કલિને મોટેથી બૂમ મારવી શરૂ કરી: 'આકાઈત્યો...એ આકાઈત્યો!' પણ મકાનમાંથી જવાબ આવ્યો નહિ.

'બૅક...એ બૅક!' ફ્રૅન્કલિને બીજી બૂમ પાડી. એના સાથીદારોએ પણ સાથે બૂમો પાડી. પણ અંદરથી જવાબ આવ્યો નહિ.

કદાચ તેઓ કામકાજમાં ગૂંથાયા હશે માટે ધ્યાનથી નહિ સાંભળ્યું હોય, અથવા કદાચ ખૂબ થાકેલા હશે અને ઊંઘી ગયા હશે એમ તેમને લાગ્યું. મકાનને દરવાજે જઈ તેમણે બારણું ઠોક્યું, પણ કોઇએ ઉઘાડ્યું નહિ. તેમને વધારે સંશય પડ્યો. જોરથી તેમણે બારણાને ધક્કો માર્યો. બારણું અંદરથી ખુલ્લું જ હતું, તે ઊઘડી ગયું. આનંદ કરતાં વધારે કુતૂહલથી અને કંઈક સંશયથી તેઓ અંદર ધસ્યા; પણ આખું મકાન ખાલી હતું. ઘડીભર થયું કે કદાચ તેઓ બંને એટલામાં બહાર ગયા હશે; પણ તો તો કંઇક ખાવાનું તો તૈયાર હોવું જોઇએને? અહીં તો ખાવાનો એક કોળિયો પણ નહોતો!

'અરેરે!' તેમના મોંમાંથી નિઃશ્વાસના શબ્દો સરી પડ્યા. આવી બેદરકારી બતાવવા માટે આકાઈત્યો પર તેમને ખૂબ ક્રોધ ચડ્યો. માંડમાંડ તેઓ ફૉર્ટ સુધી જીવતા આવ્યા, અને ફૉર્ટમાં કશું ખાવાનું જ નહિ? આવી દુઃખદ, અરે જીવલેણ કટોકટીમાં તેમની આંખમાંથી આંસુ સરી પડ્યાં. તેમને પોતાની જેટલી દરકાર હતી, એથી

યે વધારે પોતાના વહાલા અશક્ત મિત્રો માટે હતી, કારણ કે તેઓ અહીંની મદદ પર મીટ માંડી મરવા પડેલા હતા.

પણ જૅકનું શું થયું હશે? એ ક્યાં ગયો હશે? કંઇ ચિઠ્ઠી કે સંદેશો મૂકતો ગયો છે? તેમણે મકાનમાં તપાસ કરી, તો ધ્યાન પડે એ રીતે એક જગ્યાએ ચિઠ્ઠી હતી. એમાં જૅકે લખ્યું હતું: 'હું અહીં આવ્યો ત્યારે અહીં કોઈ ઇન્ડિયન નહોતો, આકાઈત્યો પણ નહોતો. અહીં કશું ખાવાનું પણ નહોતું. ભૂખે પેટે હું અહીંથી તરત જ ઈન્ડિયનોની તપાસ કરવા સીધો દોડું છું. અને જો કોઈ નહિ મળે તો ઠેઠ ફૉર્ટ પ્રૉવિડન્સ સુધી ચાલી નાખીશ અને ત્યાંથી તમારા બધા માટે ખાવાની વ્યવસ્થા તાબડતોબ કરાવીશ.'

બિચારો જૅક! ભૂખ્યે પેટે એ ક્યાંનો ક્યાં ભટકશે? અને એ ખાવાનું મોકલાવશે ત્યાં સુધીમાં તો કેટલા દહાડા નીકળી જશે? ને અહીંથી નદીને કિનારે અશક્ત માણસોને પહોંચાડતાં સુધીમાં તો શું શું થશે? પણ અત્યારે તો જૅક પર આધાર રાખીને બેસી રહેવા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. એક ટુકડીના વીસ માણસોમાંથી એક જગ્યાએ જૅક, બીજી જગ્યાએ તેઓ પોતે અને ત્રીજી જગ્યાએ રિચાર્ડસન તથા બીજા સાથીદારો! કોણ કોને જઈને મદદ કરે?

પુરુષાર્થનો પ્રશ્ન હવે રહ્યો ન હતો. માથે હાથ દઇ નસીબ પર આધાર રાખી બેસી રહ્યા વગર છૂટકો નહોતો. જીવવાની હવે કોઈ જ આશા ન હતી. તેઓ ફૉર્ટના મકાનમાં જ પડી રહ્યા. તેમની શક્તિ ચાલી ગઇ હતી. વધેલાં દાઢીમૂછ અને ઊંડી ઊતરી ગએલી આંખોવાળા તેમના નિસ્તેજ ચહેરા બિહામણા બની ગયા હતા. તેમનો અવાજ અત્યંત મંદ પડી ગયો હતો. મોતના મુખમાં ઓરાવાની તેઓ પૂર્વતૈયારી કરી રહ્યા હતા.

શિયાળાની ઠંડી વધતી ચાલી. મકાનની બહાર આંટો મારવાનું પણ હવે અશક્ય બની ગયું. ઠંડીનું પ્રમાણ શૂન્ય ડિગ્રીથી વીસ ડિગ્રી નીચે ઊતરી ગયું હતું. બહારથી ઠંડી ઘૂસી ન આવે એ માટે બારણાં બંધ કરી, ભૂખ્યાં પેટ દબાવી, ઠંડીમાં ઠૂંઠવાતા તેઓ પડી રહ્યા હતા. કવચિત્ કવચિત્ મકાનમાં ક્યાંક ક્યાંક પડેલા પશુના ચામડાના ટુકડા તેઓ ચાવતા અને હાડકાં ચૂસતા!

થોડા દિવસ પસાર થયા, એવામાં એક દિવસ બારણે ટકોરા થયા. બહાર કોઇકનો અવાજ સંભળાયો. મદદ આવી પહોંચી છે જાણી તેઓ આનંદમાં આવ્યા. તેમના દુ:ખનો દિવસ જાણે અસ્ત થઇ ગયો. ખાવાનું આવ્યું છે એ વિચારે તેમનામાં થોડું જોમ આવ્યું. પેલા ભૂખ્યા કૅનેડિયનો તો 'ખાવાનું આવ્યું', 'ખાવાનું આવ્યું' એમ બૂમ પાડતાક ને દોડયા બારણા તરફ; પણ દોડતાં દોડતાં એકબે તો લથડિયાં જ ખાઈ ગયા. ફ્રેન્કલિન પણ બારણે પહોંચ્યો. તેમણે બારણું ઉઘાડયું. બહાર જૅક કે આકાઇત્યો ખાવાનું લઇને આવ્યા નહોતા, પણ રિચાર્ડસન અને હેપબર્ન પોતાના દુ:ખની કથા લઇને આવ્યા હતા!

એમને જોતાં જ ફ્રૅન્કલિન વિચારમાં પડી ગયો. અરે! આ બંને અહીં ક્યાંથી? શા માટે તેઓ એકલા અહીં આવ્યા હશે? બાકીનાને એકલા મૂકી શકાય એવી સ્થિતિ તો નહોતી. તો પછી શું થયું હશે?

ખાવાનું નહોતું એટલે કૅનેડિયનો પોતાની જગ્યાએ જઇને પડ્યા. પણ ફ્રૅન્કલિનને તો રિચાર્ડસન પાસેથી પોતાના સાથીઓની દશાના સમાચાર સાંભળવા હતા. તેઓ બંને બેઠા. રિચાર્ડસને બધી વાત કરી.

ફ્રૅન્કલિન સાથે જવા નીકળેલા માણસોમાંથી માઇકલની સાથે બીજા ત્રણ માણસો અશક્તિને લીધે પાછા ફરેલા; પરંતુ બીજે દિવસે રિચાર્ડસનના તંબૂ તરફ માઈકલ એકલો જ પાછો ફર્યો. માઈકલને જોઇને રિચાર્ડસને પૂછ્યું, 'કેમ માઈકલ, તું પાછો આવ્યો?'

'મારાથી એટલું બધું ચલાય એમ નથી.' માઈકલે જવાબ આપ્યો.

'તારાથી? તારાથી પણ નબળા માણસો ફ્રૅન્કલિન સાથે ગયા છે. તું એકલો જ પાછો આવ્યો?'

'ના—હા. હા; હું, એકલો જ પાછો આવ્યો.'

'તારી પાછળ બીજા કોઇ આવે છે?'

'ના, મારી સાથે બીજા ત્રણ જણ આવતા હતા; પણ એ તો રસ્તામાં ભૂખ અને થાકને લીધે મરી ગયા.'

ફૉર્ટ એન્ટરપ્રાઇઝ તેઓ પહોંચવા આવ્યા હતા, ત્યારે પોતાના ત્રણ સાથીદારોનાં અવસાનના સમાચાર સાંભળી રિચાર્ડસનને ખૂબ દુ:ખ થયું. ફ્રૅન્કલિન તરફથી રાહત મળે ત્યાં સુધી તેમને તંબૂઓમાં રહેવાનું હતું. રિચાર્ડસન, હેપબર્ન અને માઈકલ બીજા કરતાં થોડા વધારે સશક્ત હતા. બીજા બધા તો તંબૂમાં મરણપથારીએ જ પડ્યા હતા એમ કહીએ તો પણ ચાલે. આ સંજોગોમાં તેઓ ત્રણે રોજ આસપાસની જગ્યામાં કંઈ શિકાર મળે તો તે માટે રખડતા, અને નહિ તો છેવટે ઘાસ કાપીને ખાવાનો પ્રયત્ન કરતા અને પોતાના સાથીદારો માટે પણ ઘાસ કાપી લાવતા. એમાં એક બે દિવસમાં જ બીજા કરતાં માઈકલની તબિયત સુધરવા લાગી. રિચાર્ડસને હેપબર્નને કહ્યું, 'આ માઇકલ હવે દિવસે દિવસે તાજો થતો જાય છે, ને આપણે તો હજુ એવા ને એવા જ થતા જઇએ છીએ. મને લાગે છે કે એને સારો શિકાર મળી જતો હશે.'

બીજે દિવસે રિચાર્ડસને માઈકલને પૂછ્યું પણ ખરું, 'માઈકલ, તને બહુ સારો શિકાર મળી જતો લાગે છે. અમે તો ભટકી ભટકીને લોથ થઈ જઇએ છીએ, પણ અમને તો આટલામાં ક્યાં ય કશો શિકાર જ મળતો નથી. અમે તો ઘાસ ખાઇને ચલાવીએ છીએ.'

માઈકલે કહ્યું, 'હા, મને તો બહુ જ સરસ શિકાર મળી જાય છે. પણ તમને ખબર છે હું શિકાર માટે કેટલે દૂર સુધી રખડું છું!'

બીજા થોડા દિવસ પસાર થયા અને માઈકલ પુષ્ટ થતો ચાલ્યો. એનું શરીર પહેલાંના જેવું જ થવા લાગ્યું. પહેલાંની જેમ જ એ હવે આમતેમ દોડાદોડ કરવા લાગ્યો. રોજેરોજ માઈકલ ક્યાંથી શિકાર મેળવે છે તેની તેમને ખબર પડી નહિ. તેમને કુતૂહલ થવા લાગ્યું. એક દિવસ તેમણે માઈકલને હાથમાં ફરસી સંતાડીને તંબૂની બહાર જતો જોયો. તરત રિચાર્ડસને પૂછ્યું, 'માઈકલ ક્યાં ઊપડયો?'

'શિકાર કરવા.'

'શિકાર કરવા? તો છરાને બદલે આ ફરસી લઇને કેમ ઊપડયો?' રિચાર્ડસને પૂછ્યું. તાજા શિકાર માટે ફરસી નહિ પણ છરાનો જ ઉપયોગ કરવાનો રિવાજ તે સમયે પ્રચલિત હતો.

'અમસ્તો જ; ક્યાંક કશું કઠણ કાપવું હોય તે માટે.' માઈકલે કહ્યું.

રિચાર્ડસનને આ વાત માનવા જેવી લાગી નહિ. તેમને માઈકલ પર વહેમ પડયો. માઈકલની વાતચીત પરથી, ચૂપચાપ બહાર જવા આવવાની એની ઢબ પરથી અને રોજ જાડા થતા એના શરીર પરથી તેમને શંકા પડવા લાગી. એકાદ બે વાર માઈકલ જે દિશામાં જતો તે દિશામાં છૂપી રીતે જઇ તેઓ જોઇ પણ આવ્યા. તો માઇકલની ભયંકર પ્રવૃત્તિની તેમને માહિતી મળી ગઈ. માઈકલ પોતાનું પેટ ભરવા માટે પેલા ત્રણ મૃતદેહોનો ઉપયોગ કરતો હતો! વધારે પૂછપરછ ને તપાસ કરતાં, અને માઈકલે પોતાના પાછા ફરવાની વાતમાં કરેલાં ગલ્લાંતલ્લાં પરથી તેમને ખાતરી થઈ કે એ ત્રણ અશક્ત સાથીદારો મૃત્યુ પામ્યા નહિ હોય, પણ માઈકલે જ એમનાં ખૂન કર્યાં હશે!

માઈકલ ભયંકરમાં ભયંકર પ્રાણી જેવો તેમને લાગ્યો. અસહ્ય ભૂખે એને નરભક્ષી બનાવી નરી પાશવતા તરફ ધકેલી દીધો હતો. માઈકલ સમજી ગયો કે પોતાના સાથીઓને પોતાના પાશવી કૃત્યની ખબર પડી ગઇ છે. પણ હવે એ બેશરમ બની ગયો હતો, અને શરીરમાં શક્તિ

આવવાને લીધે બેફિકર પણ બની ગયો હતો.

કેટલાક દિવસ પસાર થઈ ગયા છતાં ફ્રૅન્કલિન તરફથી કંઇ રાહત આવી નહિ. એથી હૂડ તદ્દન અશક્ત અને પથારીવશ થઈ ગયો. રિચાર્ડસન ને હેપબર્ન એને માટે ઘાસભાજી ચૂંટી લાવતા. માઇકલ પોતાને રસ્તે જઈ પેટ ભરતો અને જાડો થતો. એવામાં એક દિવસ રિચાર્ડસન અને હેપબર્ન ઘાસ લઇને તંબૂમાં આવ્યા ત્યારે હૂડનું ગળુ કપાઇ ગએલું જોયું! તરત તેમને વહેમ ગયો. માઈકલ એટલામાં ફરતો હતો. રિચાર્ડસને એને પડકાર્યો, 'આ ખૂન તેં કર્યું છે, માઈકલ?'

'હા, મેં કર્યું છે, કેમ વળી?' માઈકલના અવાજમાં શારીરિક શક્તિ વધવાને લીધે હવે લાપરવાહી હતી. આ સાંભળી રિચાર્ડસનને ક્રોધ ચડચો. એને લાગ્યું કે માઇકલ ખાઇખાઇને માતેલો થતો જાય છે, ને પોતે ભૂખના માર્યા નબળા પડતા જાય છે. આજે હૂડનો વારો, તો કાલે પોતાનો પણ આવશે. એ આવે તે પહેલાં જ માઈકલનું અસ્તિત્વ મટાડી દેવું જોઇએ. તુરત તે તંબૂમાં ગયો, અને સામે થવાનો કંઈ પણ પ્રયત્ન માઈકલ કરે તે પહેલાં તો બંદૂકમાંથી એક ગોળી સણણણ...કરતી છૂટી અને માઈકલનું કપાળ વીંધી આરપાર ચાલી ગઈ.

પોતાનો પ્યારો મિત્ર હૂડ ચાલ્યો ગયો, માઈકલ પણ ગયો, બીજા કૅનેડિયન સાથીદારો પણ ગયા. હવે અહીં કોઇને સાચવવાના રહ્યા નહિ, એટલે રિચાર્ડસન ને હેપબર્ન જરૂરી ચીજો લઈ ગયા. ફૉર્ટ એન્ટરપ્રાઈઝ. આવીને ફ્રૅન્કલિનને બધી ઘટના કહી.

ફૉર્ટમાં હવે ફ્રૅન્કલિન, રિચાર્ડસન અને થોડા કૅનેડિયનો રહ્યા. હવે તો તેમની બધાંની સ્થિતિ ખરાબમાં ખરાબ થઇ ગઇ. બૅક તરફથી મદદના કંઇ પણ સમાચાર આવ્યા નહિ, એટલે તેમની અંતિમ ઘડીઓ જ ગણાવા લાગી. બેઠા થઇને ઊભા થવાની શક્તિ પણ તેમનામાં રહી નહિ. મૃત્યુ તેમના ચહેરા પર આવીને જાણે બેસી ગયું હતું. એક દિવસ બાદ બે કૅનેડિયનો મૃત્યુ પામ્યા. તેમના મૃતદેહ ખસેડવાની પણ કોઈનામાં તાકાત નહોતી! બીજા બે કૅનેડિયનો છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા.

એવામાં બારણે ટકોરા પડચા! પણ હવે કોનામાં તાકાત રહી હતી તે બારણાં સુધી જઇને જુએ કે કોણ આવ્યું છે? ફરી બારણે જોરથી ટકોરા થયા, અને ફરી જવાબ ન મળતાં આવનારે જોરથી બારણું ધકેલી અંદર પ્રવેશ કર્યો. ત્રણ ઇન્ડિયનો બૅકની સૂચનાથી ખોરાક લઈને આવી પહોંચ્યા હતા. મકાનમાં તેઓ દાખલ થયા ત્યારે હાડપિંજરની જેમ પડેલાં શરીરો તેમણે જોયાં. તપાસ કરી તો હજુ તેમનામાં જીવ હતો. આવું કમકમાટી ભરેલું દૃશ્ય જોઈ તેમને આઘાત લાગ્યો. એકે તાબડતોબ ખાવાનું કરી નાખ્યું. બીજો આકાઇત્યોને આ ખબર દેવા દોડચો. ત્રીજાએ બંને મૃતદેહો ખસેડી આસપાસનો કચરો સાફ કરી નાખ્યો.

પેટમાં ખોરાક પડતાં સૌના જીવમાં જીવ આવ્યો. ઇન્ડિયનોએ તાપણું કરી તેમને ગરમી આપી, ગરમ પાણી કરી નવડાવ્યા ને મહિનાઓથી વધેલી હજામત કરી તેમને સ્વચ્છ કપડાં પહેરાવ્યાં. આ રીતે બાકી રહેલાની જિંદગી સમયસર બચી ગઈ.

ધીમેધીમે તેમનામાં શક્તિ આવતી ગઈ. નવેમ્બર મહિનાના અંત પહેલાં તેઓ ધીમેધીમે ચાલતા ફૉર્ટ પ્રોવિડન્સ પહોંચી ગયા. ત્યાં બૅક અને આકાઈત્યો તેમને મળ્યા. બૅકની સ્થિતિ પણ તેમની જેમ લથડી જ ગઈ હતી. માત્ર ઘાસ ખાઈને અને ચામડું ચાવીને એણે કેટલા યે દિવસો પસાર કરેલા. જો એને

સમયસર ઇન્ડિયન ન મળ્યા હોત તો એનો દેહ પણ ક્યારનો યે પડી ગયો હોત!

ફ્રૅન્કલિન અને એના સાથીદારોના દારુણ દુઃખની કરુણ કહાણી સાંભળી આકાઈત્યો રડી પડચો. એણે ફ્રૅન્કલિનને કહ્યું, 'અમારા પ્રદેશમાં કોઈ પણ પરદેશી ભૂખે મરે એવું કદી બનતું નથી. અમારે માટે એ લાંછન ગણાય. ખોરાકી માટે મેં તમને વચન આપ્યું હતું, પણ આ વખતે મેં એક ગંભીર થાપ ખાધી ને તમારે આટલું બધું દુઃખ વેઠવું પડચું એ માટે માફી માગું છું. જો કે અમારા માટે પણ આ વખતે સંજોગો જુદા હતા. પણ એ કંઈ તમને કહેવાના ન હોય.'

ફ્રૅન્કલિને બૅક મારફત જાણી લીધું કે ઈન્ડિયનોની બે ટોળીઓ વચ્ચે વેપારની સ્પર્ધાને લીધે ભયંકર મારામારી થએલી અને તેમાં આકાઈત્યોની ટોળીનાં ઘણા માણસો માર્યા ગયા હતા, એથી સમયસર ખાવાનું મોકલવાનું બન્યું નહિ માટે આકાઈત્યોનું ધ્યાન રહ્યું નહિ.

આકાઈત્યોએ પોતાની ગંભીર ભૂલ માટે ફરી માફી માગી. પ્રવાસ પૂરો થતાં ફ્રૅન્કલિન પોતાના સાથીદારો સાથે ઇંગ્લંડ પાછો ફર્યો. (ચાલુ)


આ માસ (નવેમ્બર) ઈતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૧ લૉર્ડ કૅનિંગે અલ્લાહાબાદ દરબારમાં મહારાણી વિક્ટોરિયાનો ઢંઢેરો જાહેર કર્યો, ૧૮૫૮.
તા. ૭ આખરી મુઘલ સમ્રાટ બહાદુરશાહનું રંગૂનમાં કેદી અવસ્થામાં અવસાન, ૧૮૬૨.
તા. ૮ રશિયામાં લોકક્રાન્તિની ચિનગારીરૂપ સર્વપ્રથમ બૉલ્શેવિક બળવો શરૂ થયો, ૧૯૧૭.
તા. ૧૦ ગુપ્તરીતે વાઘનખ પહેરી છત્રપતિ શિવાજીએ અફઝલખાનનો વધ કર્યો, ૧૬૫૯.
તા. ૧૪ વિશ્વશાંતિની આજની એકમાત્ર આશા–વડા પ્રધાન પંડિત નેહરુનો જન્મ, ૧૮૮૯.
તા. ૧૫ ગુજરાતમાં બુનિયાદી તાલીમના કેન્દ્ર સમી ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૨૦.
તા. ૧૭ દેશભક્ત લાલા લજપતરાયનું અંગ્રેજોના લાઠીમાર પછી પાંચમે દિવસે નિધન, ૧૯૨૮.
તા. ૨૦ જીવન ને સાહિત્યના આદર્શોને જોડનાર સાહિત્યર્ષિ ટૉલ્સ્ટૉયનું અવસાન, ૧૯૧૦.
તા. ૨૪ ફ્રાન્સની વિચારક્રાન્તિના જનક, ફિલ્સૂફ ને લેખક વૉલ્તેરનો પારીસમાં જન્મ, ૧૬૯૪.
તા. ૨૫ અંગ્રેજોએ વલંદાને બીદેરા મુકામે હરાવી હિંદમાંથી તેમનો પગ કાઢી નાખ્યો, ૧૭૫૯.

વ્યક્તિવિશેષ : કવિ ખબરદાર

'દે હાક અને ખૂણેખૂણેથી ધસશું હારોહાર; હે ભારતમાત, પુકાર!' એવી વીરહાકથી અનન્યપણે ગુજરાતનો



ખૂણેખૂણો ગજવનાર તથા પોતાની વ્યાપક ને ગહન જીવનતત્ત્વદૃષ્ટિને યે પોતાના સાહિત્યમાં વિશદ ને વરદ સ્વરૂપે નિરૂપી જનાર પારસી કવિ અરદેશર ફરામજી ખબરદારનો જન્મ ઇ. ૧૮૮૧ની છઠ્ઠી નવેમ્બરે દમણ મુકામે થએલો. પાંચમે વર્ષે જ પિતા વિદેહ થતાં તેમના ઉછેરનો સઘળો ભાર માતાને શિર આવી પડચો. અંગ્રેજીનું શિક્ષણ લેવા ઇ. ૧૮૯૧માં મુંબાઇ ગયા, ત્યાં છઠ્ઠી અંગ્રેજી પછી બેએક વાર મરકી ફાટી નીકળતાં શાળાને તિલાંજલિ આપી ઘર આગળ જાગીરનો વહીવટ સંભાળવા લાગ્યા. માત્ર ૧૩ વર્ષની ઉંમરે તેમણે ઝૂલણામાં એક સુંદર કવિતા લખેલી. દાદી એદલજી તારાપોરવાળા ને સોરાબજી લીમજી પાલમકોટના તંત્રીપદ નીચે નીકળતા 'માસિક મજેહ' પત્રે યોજેલી '૧૦૦ દષ્ટાંતિક દોહરા'ની ઈનામી હરીફાઇમાં ૧૫ વર્ષના કિશોર અરદેશર પ્રથમ આવેલા!

૧૯ વર્ષની ઉંમરે તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કાવ્યરસિકા' પ્રગટ થયો. પહેલાં તેઓ શ્રી મલબારી પેઠે દલપતશૈલીને અનુસર્યા હતા, પણ પછી તેમણે મૌલિક નવી કાવ્યરીતિ અપનાવી. ૧૯૦૫માં પ્રસિદ્ધ થએલા 'વિલાસિકા'માં તેમણે નવું જ પ્રસ્થાન સાધ્યું હતું. ત્યાર પછીના રાષ્ટ્રભક્તિના જુવાળના કાળમાં વતનપ્રેમ અને શૌર્યપ્રેરણા નીતરતાં એમનાં કાવ્યોએ સમસ્ત ગુજરાતી સાહિત્યમાં અનોખી ભાત પાડી. ગુજરાતના તેઓ પરમ ભક્ત હતા, પરતુ તેમનો એ પ્રેમ સંકુચિત નહિ પણ વિરાટ ચિંતન-પ્રેરણાના આવિષ્કાર રૂપ હતો. જીવન-આઘાતોએ તેમને અંતર્મુખ બનાવી તેમની તત્ત્વદૃષ્ટિને વિકસાવેલી. જીવનનું કર્તવ્ય બજાવતા જઇ વિશ્વચૈતન્યનો યોગ સાધવાનું એમનું જીવનદર્શન 'દર્શનિકા' નામના ૬૦૦ પંક્તિઓના કાવ્યમાં તેમણે નિરૂપ્યું છે. સહધર્મચારિણીના વિયોગે જન્માવેલા ૩,૦૦૦ પંક્તિના 'કલિકા' પછી કવિ વધુ અધ્યાત્માભિમુખ બનેલા, ને 'ભજનિકા'માં એમના વ્યામોહનું શમન જોવા મળે છે. તેમનાં અંગ્રેજી કાવ્યો પણ કાવ્યગુણે નોંધપાત્ર છે, તે એમના કાવ્યસંગ્રહ 'ધ સિલ્કન ટૅસલ'ના આવકાર પરથી જણાય છે. ઈંગ્લંડની પ્રમાણભૂત સાહિત્યસંસ્થા પોએટ્રી લીગે તેની ગણના અંગ્રેજી કવિતાના ઉત્તમ ગ્રંથોમાં કરેલી.

તેમનું લગ્ન ૧૮ વર્ષની વયે પીરોજાબાઇ સાથે થએલું, જેમનાથી તેમને બે પુત્ર ને બે પુત્રીનો પરિવાર હતો. દુકાળોએ ખેતીવાડીની આવક અનિશ્ચિત બનાવી દેતાં ૧૯૦૯માં તેમણે મદ્રાસ જઇ ભાગીદારીથી સાઈકલ તથા મોટરનો ધંધો શરૂ કર્યો, અને બૅંગલોર, સિકંદરાબાદ વગેરે શહેરોમાં કંપનીની શાખાઓ ખોલી પ્રતિષ્ઠિત વેપારી તરીકે શાખ જમાવી. બાદ ભાગીદારો છૂટા થયે પુત્રો ધંધામાં તેમની મદદે આવ્યા હતા, પરંતુ આખરે તેઓ પણ એમનાથી અલગ થઈ ગયા.

તેમનું શૌર્ય જેમ આંધળું ન હતું તેમ તેમનો ભક્તિભાવ પણ વૈરાગ્યના ઊભરા જેવો નહિ પરંતુ ચિંતનપૂત જીવનદૃષ્ટિના પરિપાક રૂપ હતો. તેમની કવિતામાં કલાનો આડંબર નહિ પણ 'ભવ્ય સરલતા' છે. સાહિત્યમાં પેઠેલા આડંબરને તેમણે લેખો અને ઉત્તમ પ્રકારનાં પ્રતિકાવ્યો લખી ચેતવ્યો છે.

સ્વ. મલબારી પાસેથી એમણે કાવ્યદીક્ષા ને રાષ્ટ્રપ્રેમના સંસ્કારો મેળવેલા, એ ઋણ ૧૯૧૭માં 'મલબારીનાં કાવ્યરત્નો' સંપાદન કરી, ૧૩૮ પાનાંનો વિદ્વત્તાયુક્ત ઉપોદ્‌ઘાત તેને જોડી તેમણે અદા કરેલું. ૧૯૨૪ની ભાવનગર સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાહિત્યવિભાગના ને ૧૯૪૧ની મુંબાઈ સાહિત્ય પરિષદના અધિવેશનના તેઓ પ્રમુખ હતા.

વળી તેઓ પ્રથમ પંક્તિના સંશોધક હતા. લગભગ વીસ જેટલા કાવ્યગ્રંથો તથા કવિતાની સૂક્ષ્મ વિવેચના કરતો 'ગુજરાતી કવિતાની રચનાકલા' ગ્રંથ આપ્યા ઉપરાંત 'અશો જરથુસ્ત્રની ગાથા પર નવો પ્રકાશ' નામક ચિંતનસભર અભ્યાસપૂર્ણ સંશોધનગ્રંથ પણ તેમણે આપ્યો છે. જ્યોતિષ, ખગોળ, માનસશાસ્ત્ર, યોગવિદ્યા, વૈદકશાસ્ત્ર તથા સામાન્ય વિજ્ઞાન એ પણ એમના રસના વિષયો હતા.

ગુજરાતીમાં નૂજ એવા ઓજોગુણયુક્ત વીરકાવ્યો તથા દર્શનપ્રધાન 'દર્શનિકા' એ તેમનો ગુર્જર સાહિત્યને નક્કર ફાળો છે.

માણસ જિંદગીના પૂર્વાર્ધમાં જે કુટેવો પાડે છે તે તેનો ઉત્તરાર્ધ રહેવા જ દેતી નથી.

પ્રસંગવિશેષ : લીગ ઑવ નેશન્સની સ્થાપના, ૧૫મી નવેમ્બર ૧૯૨૦

પ્રથમ મહાયુદ્ધની ખુવારીથી ચોંકેલી વિશ્વની મહાપ્રજાઓએ અરસપરસ સહકાર અને શાંતિના સંબંધોની જરૂરત જોઈ, અને પરિણામે અમેરિકાના પ્રમુખ વૂડ્રો વિલ્સનની પ્રેરણાથી ઈ. ૧૯૧૯માં પૅરિસની શાંતિ-પરિષદ વખતે 'લીગ ઑવ નેશન્સ' (રાષ્ટ્રસંસ્થા)નું કલેવર ઘડાયું. પછી વર્સૅલ્સની સંધિનું અગભૂત બનીને તે ૧૯૨૦ની ૧૦મી જાન્યુઆરીએ (ને પાછળથી જર્મનીના સાથીઓ ઑસ્ટ્રિયા, બલ્ગેરિયા ને હંગેરી સાથેની સંધિઓ દ્વારા) તે અમલી બન્યું. એ સંસ્થાની પ્રથમ સભા ઇ. ૧૯૨૦ની ૧૫મી નવેમ્બરે સ્વિટ્ઝર્લૅંડના મુખ્ય શહેર જીનિવામાં મળી ત્યારે તે જુદાંજુદાં ૪૨ રાજ્યોનું પ્રતિનિધિત્વ ધરાવતી હતી.

જીનિવામાં તેનું મથક, અને હૉલંડમાં હૅગ ખાતે તેની આંતરરાષ્ટ્રીય ન્યાય માટેની એક કાયમી કચેરી હતી. લીગે વિશ્વશાંતિ ને વિશ્વસહકાર માટે ઘણું ઉપયોગી કાર્ય કર્યું; પરંતુ બીજું વિશ્વયુદ્ધ અટકાવવામાં તે નિષ્ફળ નીવડી, એટલે બીજા મહાયુદ્ધને અંતે ૧૯૪૬માં તે સંકેલી લેવાઇ, અને તેનું સ્થાન 'યુનાઇટેડ નેશન્સ ઑર્ગેનાઇઝેશને' (સંયુક્તરાષ્ટ્રસંઘે) લીધું.


જૈસો બંધન પ્રેમકો, તૈસો બંધ ન ઔર;
કાઠ હિ ભેદૈ કમલકો, છેદિ ન નિકરૈ ભૌંર.
—વૃંદ

પોતાના વીર સરદાર વિક્રમસિંહની વિશ્વાસપાત્રતાથી પ્રસન્ન થઇ ઔરંગઝેબે તેને તે મુસલમાન થઈ જાય તો એક મુલ્કની સૂબાગીરી આપવાનું કહ્યું. વિક્રમસિંહે જવાબ આપ્યો કે આજે સૂબાગીરીની લાલચમાં પડી પોતાના ઇષ્ટદેવ ને સ્વધર્મની સેવાનો ત્યાગ કરવા તૈયાર થનાર વિક્રમસિંહ કાલે કોઇ બીજી લાલચથી તમારો જ વિશ્વાસઘાત કરવાને તૈયાર કેમ નહિ થાય?

અનેકાર્થી શબ્દ: **પાડ**=ઉપકાર; ધોતિયું સાડી વગેરેની કિનાર; પ્રકાર કે રીત; બંધ, પુસ્તો; કીમત; મેડો; સમતા, સરખાપણું; સોનીની કોઢ; કૂવાના મુખ ઉપરની જાળી; ફાંસીનો માંચડો; એક વનસ્પતિ–પહાડમૂળ.

તમારા મિત્રને કોઈ રકમ ધારવાનું કહો. તેને પાંચે ગુણાવો. એમાં છ ઉમેરાવીને પછી ચારે ગુણાવો. હવે નવ ઉમેરવાનું કહી ફરી પાંચે ગુણાવો અને શું આવ્યું તે પૂછો. તે જે રકમ કહે તેમાંથી તમે ૧૬૫ બાદ કરી સો વડે ભાગશો એટલે એણે ધારેલી રકમ આવી જશે!


હીરાકણીના પાણીમાં ચોખ્ખો સોડા કે ખારો નાખવાથી લાલ રંગનો ભૂકો નીચે બેસશે; તે ઑકસાઈડ ઑફ આયર્ન થયો. જર્મન સિલ્વરનાં વાસણ તેનાથી ચકચકિત થાય છે.



આસીરિયાની એક પ્રસિદ્ધ અક્ષરગમ્મત: એમાં Aથી શરૂ કરીને 'ABRACADABRA' એ શબ્દ જુદીજુદી ૧૦૨૪ રીતે બને છે!

એક ચોરસ માઈલ જમીન પર વરસેલા એક ઈંચ વરસાદનું એકઠું કરેલું પાણી ૧ કરોડ ૭૫ લાખ ગૅલન થાય. (૨૫)

પ્રાચીન કાળનો કાઉન્ટ ઑક્ટેવિયો મેરલ નામનો માણસ વાળ ઓળવા માટે કાંસકો, બ્રશ કે પોતાનાં આંગળાં સુદ્ધાંનો ઉપયોગ કરતો નહિ; પણ તેના તાલકાની કોઈ અજબ ક્રિયા વડે તેના વાળ આપમેળે છૂટા પડી જતા.




અંગ્રેજી મૂળાક્ષરનો આઠમો અક્ષર 'એચ' મૂળ ઇજિપ્તની ચિત્રલિપિ 'હાયરેગ્લિફ'માં ઘેરા વર્તુલરૂપે હતો; તેમાંથી વચ્ચે રેખાવાળા વર્તુલરૂપે હાએરેટિક લિપિમાં, અને પછી અનુક્રમે કપાટ રૂપમાં ફીનીશિયન અને જૂની ગ્રીકમાં તે વિકસ્યો જેમાંથી રોમન અને આજની લિપિમાં હાલનું રૂપ પામ્યો. નીચેની તકતીમાં તેના કૅપિટલ તથા નાના અક્ષરોનાં લેખનસ્વરૂપનો વિકાસ આ ક્રમમાં દર્શાવ્યો છે: હિબ્રૂ, ગ્રીક, રોમન, ઍંગ્લો સેક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કેલ્ટિક એન્ગ્રૉસિંગ, ઇટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન ને આધુનિક.

ડાઘ પડયા છે?

ડામરના ડાઘ કાઢવા માટે સૌપહેલાં તેનો પોપડો ઉખેડી નાખી પછી ડાઘવાળા ભાગ પર સ્પિરિટ, ઘાસતેલ, બેન્ઝિન કે ટર્પેન્ટાઈન ઘસવું. છેલ્લે ડાઘવાળો ભાગ સાબુના ફીણમાં ધોઈ નાખવો. (કાટના ડાઘ વિષે આવતે અંકે)



કલાકણિકા: આદિવાસી પ્રજાઓમાં પણ કલાદૃષ્ટિ કેટલી ઉત્કૃષ્ટ કક્ષાએ ખીલી હોય છે તે દર્શાવતું નાઝકાનું મેડકાકૃતિ માટીનું પાત્ર.



એવરેસ્ટ સર થયા પછી યે જગતમાં અજેય રહેલાં કેટલાંક શિખરોમાં દ૦ અમેરિકામાં પેરુની પેરુવીઅન ઍન્ડીઝ નામની પર્વતમાળાનું આ હુએગારુન્કો નામનું શિખર પણ હતું. જોકે તેની ઊંચાઈ તો માત્ર ૧૮,૭૯૭ ફૂટની જ છે, પરંતુ તેના પરના તદ્દન સીધા જેવા કપરા ચઢાણને કારણે તે અજેય હતું. કુ. ઍની પેક નામની એક અમેરિકન પહાડખેડુ બાઇએ તેનો સૌપ્રથમ ઉલ્લેખ કર્યા પછી ૧૯૩૮ ને ૧૯૪૦માં અમેરિકન પર્વતારોહકોએ તેની મુલાકાત લીધેલી અને તેના ચઢાણનો કોઈ પણ ચોક્કસ માર્ગ નિશ્ચિત કર્યા વિના જ તેઓ પાછા ફરેલા. છેલ્લે પ્રથમ વાર જ પેરુવીઅન ઍન્ડીઝનાં શિખરો સર કરવા આવેલી બ્રિટિશ ટુકડીએ ૧૯૫૬ની ૧૭મી ઑગસ્ટે સવારે ૧૧·૧૫ કલાકે તેના પર વિજય મેળવ્યો. ઉપરના ફોટોગ્રાફમાં એ શિખર પર એમણે કરેલા ચઢાણનો માર્ગ પણ ટપકાંવાળી રેખાથી દર્શાવ્યો છે. આ ફોટોગ્રાફ, શિખર સર થયા પછી પાંચમે દિવસે જ સર થએલા 'પીક એ' નામના નજીકના એક બીજા શિખર પરથી લેવાયો છે.

ઘી-સાકરમાં સહેજ ત્રિફળાંચૂર્ણ રોજ ચાટવાથી આંખની ઝાંખ તથા સામાન્ય રોગ મટી આંખ ચોખ્ખી ને તેજદાર થશે.

ઉપર્યુક્ત સંમેલન વખતે ભારતે બહાર પાડેલી ટિકિટના રદ્દીકરણની ખાસ મુદ્રા





જાપાનના નારા શહેરમાં કોફુકુજી મંદિર(શિન્ટો સંપ્રદાય)નો પેગોડા
સૌન્દર્યભોમ જાપાનના એક સૌન્દર્યમંડિત સ્થાપત્યનું એટલું જ સુંદર દૃશ્ય (આ અંકમાંના લેખને અનુસંધાને)
ફોટો · નવનીત પારેખ

'કુમાર' નવેમ્બર ૧૯૫૭ · સળંગ અંક ૪૦૭ · છૂટક નકલનો રૂ. ૧) પરદેશમાં રૂ. ૧-૨૫ November 1957 KUMAR Regd. No. B. 1808



અમેરિકાની સ્વાતંત્ર્યદેવી

આ અમેરિકાને કિનારે પગ મૂકતો પ્રત્યેક પ્રવાસી ન્યૂ યૉર્ક બંદરને નજરાવતાં પહેલાં જેનું પ્રથમ દર્શન અને સ્વાગત પામે છે તે, 'સ્વાતંત્ર્યદેવી'ની જગપ્રખ્યાત પ્રતિમાની આ છબિ આજ સુધીનાં તેનાં બધાં ચિત્રો કરતાં અનોખા જ કોણથી હેલીકૉપ્ટરમાંથી લીધેલી છે. ઈ. ૧૮૮૬ના ઑક્ટોબરની ૨૮મી તારીખે તેનું ઉદ્ઘાટન થયું ત્યારથી આજ સાતસાત દસકાઓ થયાં અમેરિકાને આશ્રયે ઊતરતા એકેએક વસાહતીને એ મુક્તિ અને આશાનાં અમી પાતી રહી છે.

'યુનાઇટેડ સ્ટેટ્સની સ્વાતંત્ર્યપ્રાપ્તિના સ્મરણમાં, બંને દેશોની મૈત્રીના પ્રતીક રૂપ' આ મૂર્તિ ફ્રેન્ચ પ્રજાની અમેરિકન જનતાને ભેટ છે. વિખ્યાત ફ્રેન્ચ શિલ્પી ફ્રેડરિક ઑગસ્ટ બાર્થોલ્ડીએ સર્જેલી અને સુએઝની નહેર બાંધનાર જગનામી ઈજનેર ફર્દિનાન્દ દ લેસેપ્સને હાથે આજથી ૭૨ વર્ષ પર પારીસમાંના અમેરિકન એલચીને અર્પિત થએલી આ વિરાટ ને અંદરથી પોલી પ્રતિમા આખી હાથ-ઘડતરની કાંસાધાતુની બનાવેલી છે. તૂટેલી જંજીરોમાંથી મુક્ત થઇને આગળ ડગ દેતી એ સ્ત્રીમૂર્તિના ઊંચા કરેલા જમણા હાથમાં મશાલ અને ડાબા હાથમાં 'અમેરિકન સ્વાતંત્ર્યના જાહેરનામા'ના પ્રતીક રૂપ તકતી છે.

અત્યારે પેટ્રોલ તેલના કૂવા ઉપર ઊભા કરાતા માંચડાના દેખાવનું એ મૂર્તિનું માળખું પારીસના એક મકાનની અગાશીમાં સૌ પહેલાં ઊભું કરવામા આવેલું. તેના પર, શિલ્પી બાર્થોલ્ડીએ કરેલા નાના નમૂના અનુસાર હાથ-ઘડતરની ધાતુનાં પતરાં મઢવામાં આવ્યાં, ને એમ ઈ. ૧૮૮૪માં એનું કામ પૂરું થયું. પછી તેને ખોલી નાખીને જહાજોમાં નાખીને બેડલો ટાપુ પર લઈ જવામાં આવી, અને ત્યાં તેની બેસણી માટેનો ચોતરો ઈ. ૧૮૮૬માં તૈયાર થયા બાદ, ફરી તેને ત્યાં ઊભી કરતાં બીજા છ માસ લાગ્યા.

ન્યૂ યૉર્કના બારાની ભાગોળે આવેલા એ બેડલો ટાપુ પર, ૧૪૨ ફૂટ ઊંચા કાળમીંઢ અને કૉંક્રીટના બનાવેલા ચોતરા ઉપર ઊભેલી ૧૫૧ ફૂટ ઊંચી એ પ્રતિમાનું વજન ૨૨૫ ટન છે. સાગરસપાટીથી ૩૦૦ ફૂટ ઊંચે આવેલો તેનો અદ્ધર કરેલો હાથ ૪૨ ફૂટ લાંબો અને જાડામાં જાડે સ્થળે ૧૨ ફૂટ વ્યાસનો છે. તેના ચહેરાના પહોળાઈ ૧૦ ફૂટ અને આંખોની લંબાઈ ૨½ ફૂટ છે. દરિયાઈ હવાને કારણે, કાટના આછા જંગાલી લીલા રંગે સોહતી એ મૂર્તિના મુકુટમાં રત્નોને સ્થાને ચોમેર ફરતી ૨૫ બારીઓમાથી પંદર પંદર માઈલની ક્ષિતિજ સુધીનું દૃશ્ય નજરે પડે છે; અને રાત્રે હજારહજાર વૉટના ૯૨ ગોળાથી મૂર્તિનું કલેવર તથા એવા બીજા ૧૫ ગોળાથી તેની મશાલ ઝળાંહળાં થઈ ઊઠે છે.